# ગ્રંથરચના વિવેચન.

## આશીર્વાદાત્મક.

## शार्दूलविक्रीडितम्. ❀

नानापद्दपुराणकाव्यततितो नानेतिहासादितो
नानाशास्त्रकथाप्रबन्धसुमहत्साहित्यकोशादितः
संगृह्यातिसुयत्नतः प्रकटितो व्याख्यानसौकर्यकृद्
भाषामिश्रित एषकोऽस्तु भवतां ग्रन्थो मुदे सर्वदा ॥ १ ॥

ભિન્ન ભિન્ન પ્રકારમાં પદ્દ ( સંધપટ્ટાદિક ) પુરાણો તથા કાવ્યાદિની પંક્તિઓ-માંથી, ભિન્ન ભિન્ન ભારતાદિ ઇતિહાસ વિગેરેમાંથી, ભિન્ન ભિન્ન શાસ્ત્રો, કથાઓ, પ્રબંધો

---

❀ આ પદ્યનું વૃત્ત શાર્દૂલવિક્રીડિત છે તેનું લક્ષણ " सूर्याश्वैर्यदिमः सजौ सततगाः शार्दूलविक्रीडितम् " અર્થાત્ ૧૨ અને ૭ અક્ષરે વિરામ અને म ગણ स ગણ ज ગણ स ગણ त ગણ त ગણ અને ગુરુ એક અક્ષર એમ ૧૯ અક્ષરનું એક પદ અને છે તેવાં ચાર પદનું એક વૃત્ત થાય છે.

ગણ म, न, भ, य, ज, र, स, અને त એમ આઠ છે. અને તે એક એક ગણ ૩—૩ અક્ષરો મળી થાય છે. છન્દ શાસ્ત્રમાં જણાવ્યું છે કે છન્દો મુખ્ય બે પ્રકારના છે, તેમાં કેટલાક આર્યા વગેરે માત્રા મેળ છે અને બાકીના ઘણા છન્દો ગણ મેળ છે. ગણનું રૂપ આપનાં જણાવે છે કે मस्त्रि गुरु स्त्रि लघुश्चनकारो भादि गुरुः पुनरादिलघुर्यः । जो गुरु मध्यगतोरल मध्यः सोऽन्त्यगुरुः कथितोऽन्त्यलघुस्तः ॥ दोधकं એટલે જેમાં ત્રણેય અક્ષર ગુરૂ હોય તે म ગણ ( ઉદાહરણ—માતાજી SSS ) અને જેમાં ત્રણ લઘુ હોય તે न ગણ ( ઉદાહરણ—નગર ||| ) આદિ અક્ષર ગુરૂ હોય તે भ ગણ ( ભારત S|| ) અને આદિ લઘુ તે य ગણ ( પથારી |SS ) જેમાં ગુરૂ અક્ષર મધ્યમાં હોય તે ज ગણ ( સુતાર |S| ) અને લઘુ મધ્યમાં હોય તે र ગણ ( કાંકરા S|S ) અને અન્ત્ય ગુરૂ હોય તે स ગણ ( પથરા ||S ) અને છેલ્લો લઘુ હોય તે त ગણ (સૂથાર SS|) ગુરૂ લઘુની પીછાણ માટે જણાવે છે કે સ્વરોમાંથી अ इ उ ऋ ऌ સિવાયના તમામ સ્વરો દીર્ઘ સ્વર કહેવાય આ ई ऊ ॠ ए ऐ ओ औ अं अः તે દીર્ઘ. તેમ क कि कु कृ कॢ આ પાંચ અક્ષર હ્રસ્વ અને का की कू कॄ के कै को कौ कं कः આ અક્ષરો દીર્ઘ ( ગુરૂ ) છે, તેમ स्व

હતા. તેમની આનંદી બાળચેષ્ટા, નિર્દોષ હાસ્ય અને સરલ ગમ્મતથી તેમનાં માતા ઝવેરબાઇ બહુ ખુશિ રહેતાં અને તેમની સંભાળમાંજ સઘળો વખત આનંદથી પસાર કરતાં. કમનસિબે માતાને પુત્રરત્નના પ્રારબ્ધને વિશેષ નિહાળવાનો પ્રસંગ મળે તે પૂર્વે પુત્રની ઉમ્મર હજુ તો સાત વર્ષની થઇ તેટલામાં દેહમુકત થયાં અને તેથી પીતા પુત્રને કૌટુંબિક વર્ગ સાથે ખાવા-રહેવાની ગોઠવણ કરવી પડી.

"પુત્રનાં લક્ષણ પારણામાંથીજ વર્તાય." તે ન્યાયે તેમની કેળવણી પરત્વે રૂચી, તપાસવાની ટેવ તથા ગ્રાહ્ય શકિત અસાધારણ હતાં. છતાં તેમનું જન્મસ્થળ ખુણામાં પડેલ હોવાથી અગિયાર વર્ષની ઉમ્મરે તેઓ ગુજરાતી છ ચોપડીનો અભ્યાસ કરી રહ્યા તેટલામાં તેમને દુકાનમાં જોડી દેવામાં આવ્યા. દુકાનમાં તેમને મુખ્ય કામ નામાનું કરવાનું હતું. છતાં તે ઉપરાંત પોતાની ખેતી ઉપર દેખરેખ પણ રાખવી પડતી. અગર જો કે ખેતીનું કામ કરવાને માટે ખેડૂતને નોકર (સાથી) રાખેલ હતો, તોપણ જમીનની માલેકી અને ફારમની જવાબદારી તેના કુટુંબને શીર હતી અને તેથી જમીનની આવકમાં તેમના આસ મનાતા વર્ગનો લાભાલાભ સમાયલો હતો.

વર્તમાન સંજોગોમાં જેમ મોટે ભાગે જોવાયછે, તેમ ઘણા કુટુંબોમાં સંજોગોની પ્રતિકુળતાથી બાળકને શિક્ષણનો સમય છતાં નજીવી આવક માટે ધંધાની ધુસરી કે નોકરીની બેડીમાં નાંખી દેવાય છે તેમ આપણા શ્રેયુત વીરજીભાઇ માટે થયું, છતાં કેટલીક વખત નજીવા સંજોગો પણ ખાસ અનુકુળ થઇ પડે છે તે ન્યાય આ પ્રસંગે વીરજીભાઇને લાગુ પડયો. કેમકે તેનું હૃદય કોમળ હતું, તેથી ખેતી જેવી સખ્ત મજુરી કરનાર ખેડૂત ( મજુર )ના શ્રમ માટે તેમને દયા આવતી અને પોતે શેઠની ઉપાધીવાળા છતાં તે મોટાઇને બાજુ મુકી પાક તપાસવા જતાં પોતાના ખેડૂત સાથીને બપોરના જમવાને ભાત સાથે લઇ જઇ આપતા તથા તેમની સાથે વાતચીતમાં કેટલોક કાળ રોકતા, આ પ્રવૃત્તિથી તેઓને આનંદ એ થતો કે પોતાનો સાથી પુખ્ત ઉમ્મરનો અને ધર્મનો રાગી હતો તેથી તે ભજન લલકારતો તે તેઓને સાંભળવાને હોંસ વધવા લાગી. સાથી જેનું નામ બહેચર હતું તે ગૃહસ્થાશ્રમી છતાં સ્ત્રી પુરૂષ બંનેએ ચોથાવ્રતના નિયમ કર્યા હતા. અને તે વખતો વખત બે ત્રણ ઉપવાસ એકી સાથે ખેંચી કાઢતો. આટલું છતાં તે હમેશાં કામ ઉપર જતો અને રાત્રે તંબુરો લઇ મોડી રાત સુધી ભજન કીર્તન કરતો. વીરજીભાઇને પરીચય વધતો ગયો; તેમ તેમ તે રાત્રીના ભજનમાં પણ જોડાવા લાગ્યા અને પોતે પણ સાથે ગાવા અને ભજન તથા પ્રલ્હાદ આખ્યાન, ધ્રુવઆખ્યાન, કુંવર બાઇનું મામેરૂં વિગેરે કેટલાક ગામડામાં સર્વ પરિચિત જોવાતા ભજનો મોંએ કરી નાંખ્યા. આ સઘળાનું પરિણામ એ થયું કે વીરજીભાઇને ભકિત ઉપર પ્રેમ જાગ્યો અને બહેચર તથા વીરજીભાઈ બંને ભકતના નામથી ઓળખાવા લાગ્યા.

બાર ખુલ્લે તે માટે તેમણે વીરજીભાઇનો સંબંધ-સગાઇ કરવા ધાર્યું. પણ આ ખબર વીરજીભાઇને પડી જવાથી તેમને તેમ કરવા સાફ ના પાડી અને તેઓ અ-રીદ અર્થે ૧૯૫૨ માં જેતપુર ગયા કે જ્યાં ઢુંઢીયાના સાધુ માણેકચંદજી સ્વામી ( તપસ્વી ) ચોમાસું હતા તેથી તેમને મળ્યા અને ધર્મચર્ચા થવાથી તેમને આનં-દ થતાં પોતાને દીક્ષા લેવાની ઇચ્છા થઇ હતી, ને આ અવકાશ મળી આવ્યો, જેથી તુર્ત તેમણે ત્યાંજ દીક્ષા લેવા ધારી, રજા માટે પોતાના પિતાને પત્ર લખ્યો.

પ્રેમ એ અદ્ભુત લાગણી છે. સામાન્ય પરિચિત બે વ્યકિત વચ્ચે પ્રેમનું બીજ ન ધારેલી રીતે વવાઇ જવા પછી તે વૃક્ષ એવી છુપી રીતે વધી જવા પામે છે કે તેની મજબુતી અને વિશાળતાનું ખરૂં ભાન પ્રસંગે જ થઇ શકે છે. આ સામાન્ય વ્યકિતના પ્રેમનું સ્વરૂપ છે. ત્યારે પીતા પુત્ર વચ્ચેનો કુદરતી પ્રેમ કેટલો વિશાળ હોય તેની ગણના થવી બહુ મુશ્કેલ છે; ગમે તેવા અપરાધ વચ્ચે પણ પિતા પુત્રને નિર્દોષ જુએ છે, ગમે તેવા કુરૂપ વચ્ચે પણ પિતા પુત્રને તેજસ્વી માને છે. અને ગમે તેવા વર્તન છતાં પણ પિતા પુત્રને ચાહે છે, તેનું કારણ કુદરતી પ્રેમ નહિ તો બીજું શું ? કહ્યું છે કે—

बंधनानि खलु संति बहूनि प्रेमरज्जुदृढबंधनमेव
दारुभेदनिपुणोऽपि षडंघ्रिर्निष्क्रियो भवति पंकजकोशे

"બંધન ઘણા હોય છે, પરંતુ પ્રેમરૂપ દોરડી દૃઢબંધન છે. કેમ કે ભ્રમર લાકડું ભેદવામાં ચતુર છતાં પણ કમળ કોશને ભેદી શકતો નથી."

પોતાના પુત્રનું ચિત્ત સંસારમાં જોઇએ તેવું નથી, તેમ દેવકરણ શેઠ જાણતા હતા; છતાં જ્યારે તે દીક્ષા લેવાના છે તેમ તેને ખબર મળ્યા કે તુર્ત જાણેકે તેઓ હમેશને માટે પુત્રરત્ન ગુમાવી બેસતા હોય તેવો આઘાત થયો. પુત્રના વર્તનમાં તેનું હિત કેટલે અંશે સધાય છે તે ગણના કરવા જેટલી તેમની પ્રેમદૃષ્ટિ ઉદાર થઇ શકી નહિં. તેથી તેઓ પોતાના ભાઇ જીવાભાઇ સાથે જેતપુર આવ્યા અને દીક્ષાને માટે રજા આપવાને બદલે અનેક પ્રકારે આક્રંદ કરતા વીરજીભાઇને પોતાની સાથે લઇ ગયા. કહ્યું છે કે—

## पादाकुलकं

हा हा दुष्टकदर्थितकायैः क्षिप्तं जन्म मुधा व्यवसायैः
काकिण्यर्थे चिन्तारत्नं हारितमेतदकृत्वा यत्नम्

"જેમ કોઇ કોડી મેળવવા માટે ચિંતામણી રત્ન ખોઇ બેસે છે, તેમ દુષ્ટ સંસારની વાસના માટે નિષ્ફળ પ્રયત્નવાળા પુરૂષો પ્રભુ ભજનનો યત્ન કર્યા વિના જન્મ ગુમાવી દે છે."

મન એ સ્વતંત્ર છે. શરીરને રોકવા-કાબુમાં રાખવા કે કેદ કરવા ભલે સર્વ કોઈ પ્રયત્ન કરે, પરંતુ મનને રોકવા કોઇ સમર્થ નથી. મનનો પ્રવાહ અકળ-અસિમ અને અગાધ છે. મનની સ્થિરતા જેમાં પ્રેમ જોડે છે, તેમાંજ તે ચિરસ્થાયી લાગી રહે છે. તેને બીજી વાત, શ્રૃંગાર કે મોહક વસ્તુ પણ તુચ્છ લાગે છે. તેમ વીરજીભાઇ તેમના પિતાદી-કૌટુંબીક આગ્રહથી ઘરે પાછા ફર્યા, પરંતુ તેમનું મન વૈરાગ્યથી પાછું ફર્યું નહેતું સ્વાભાવિક કહેવાય છે કે **मन एव मनुष्याणां कारणम् बंध मोक्षयोः** મન એજ મનુષ્યને બંધ ( મોહાદિ ) અને મોક્ષ ( છુટાપણા ) નું કારણ છે. અને તે પ્રમાણે વીરજીભાઈનું મન મોક્ષ ( સંસારથી છુટાપણું ) ચાહતું હતું. તેથી તેઓએ ઘરે આવવા પછી-ભૂમિશયન, એકાસણાં, બ્રહ્મચર્યવ્રત, સચેત ત્યાગ, એ વગેરે વિરક્ત ભાવનાના આચાર ગ્રહણ કર્યા હતા. અગર જો કે પોતાની પાસે રહી આ પ્રમાણે કરવા સામે તેમનું કુટુંબ તાત્કાલિક વાંધા લેતું હતું નહિ તોપણ વીરજીભાઈનું મન હમેશને માટે બંધનમાં રહી તેમ કરવાથી કદી સ્ખલના થવાની શંકા રાખતું હતું. વળી ગમે તેટલી છુટ છતાં સંસાર અવસ્થા અને પરિચિત મોહ તેમના ધર્મકાર્યમાં કદાચ અંતરાય લાવે તે બનવાજોગ હતું અને તેથી એક વર્ષમાં ચાર પાંચ વખત તપસ્વી પાસે જા આવ થઇ અને અંતે ૧૯૫૩ ના ચોમાસામાં તપસ્વી વેરાવળ હોવાથી ત્યાં તેમની પાસે ગયા અને દીક્ષા લેવાનો દૃઢ સંકલ્પ જણાવ્યો કે જે ખબર પુનઃ તેમના પિતાને આપતાં તેઓ ત્યાં આવી પાછા તેડી જવા કહેવા લાગ્યા.

વીરજીભાઈનો નિશ્ચય દૃઢ હતો, અને તેથી સરલતાથી માર્ગ કરવા અને બને તો પરહિત કરવાના હેતુથી તેમણે પોતાના પિતાને જવાબમાં વિનંતી કરી કહ્યું કે—

" **પિતાજી** ! ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશવા છતાં ઉજ્વળ આત્માઓનો ધર્મ સ્વતઃ વૈરાગ્યમાં ઝંપલાવું એ છે. બાહ્યદૃષ્ટિથી જ્યાં સુધી ઉજ્વળ આત્માઓ સંસારના બાહિર પ્રપંચમાં દર્શન દે છે, ત્યાં સુધી તે કથનની સિદ્ધતા ક્વચિત્ દુર્લભ છે; એ નિઃસંશય છે.

મહાવીરનો એક સમય માત્ર પણ સંસારનો ઉપદેશ નથી. એનાં સઘળાં પ્રવચનોમાં એમણે એજ પ્રદર્શિત કર્યું છે; તેમ તેવું સ્વાચરણથી સિદ્ધ પણ કરી આપ્યું છે. કંચનવર્ણી કાયા, યશોદા જેવી રાણી, અઢળક સામ્રાજ્ય લક્ષ્મી, અને મહા પ્રતાપી સ્વજન પરિવારનો સમૂહ છતાં તેના મોહને ઉતારી દઇ જ્ઞાન દર્શન યોગપરાયણ થઇ એણે જે અદ્ભૂતતા દર્શાવી છે, તે અનુપમ છે. એનું એજ રહસ્ય પ્રકાશ કરતાં પવિત્ર ઉત્તરાધ્યયન સૂત્રમાં, આઠમા અધ્યયનની પહેલી ગાથામાં કપિલ કેવળીની સમીપે તત્વાભિલાષીના મુખ કમળથી મહાવીર કહેવરાવે છે કેઃ—

**अधुवे असासयंमि संसारंमि दुक्खपउराए**
**किं नाम दुष्यं तकम्मयं जेणाहं दुग्गइं न गच्छेज्जा**

વળી મને એ શંકા છે કે—

क्वचिद्विद्‌द्गोष्टिः क्वचिदपि सुरामत्तकलहः
क्वचिद्वीणावादः क्वचिदपि च हा हेति रुदितम्
क्वचिद्रम्या रामा क्वचिदपि जराजर्जरतनु-
र्नजाने संसारः किममृतमयः किं विषमयः

સંસારમાં કોઇ વખત વિદ્વાનોનો વિનોદ, કોઇ વખત મદિરા પીને મસ્ત થએલાઓનો કલહ, કોઇ વખત વીણાનો નાદ, કોઇ વખત હાહાકાર થતું રૂદન, કોઇ વખત મનોહર સ્ત્રી અને કોઇ વખત વૃદ્ધાવસ્થાથી જર્જરીત થએલ શરીર દેખાય છે. આ ઉપરથી સંસારને અમૃતમય કહેવો કે વિષયમય તે સમજી શકાતું નથી.

હે પિતા ! આ એવો ગુંચવણુવાળો પ્રશ્ન છે કે જે ઉકેલવા સમર્થ પુરૂષોની જરૂર છે, અને તેવા પુરૂષોની પ્રાપ્તિ માટે સંસાર મોહથી વિરકત થવા પ્રથમ જરૂર છે કારણ કે તેવા સમર્થ નરો સંસારમાં રહીને મેળવી શકાતા નથી. કેમકે—

रम्यं हर्म्यतलं न किं वसतये श्राव्यं न गेयादिकम् ,
किंवा प्राणसमासमागमसुखं नैवाधिकं प्रीतये ।
किंतूद्भ्रान्तपतत्पतंगपवनव्यालोलदीपांकुर-
च्छायाचंचलमाकलय्य सकलं संतो वनान्तं गताः ॥

મહેલવાળી અગાશીઓમાં રહેવું શું રમ્ય નથી ? ગાયનાદી સંગીત શ્રવણ કરવાં તે શું પંસંદ નથી પડતું ? કે શું પ્રાણુથી પણ પ્રિય સંબંધીઓનું સમાગમ સુખ અધિક પ્રીતિનું પાત્ર નથી ? હાં છે. પરંતુ વસ્તુતઃ એ સર્વ પતંગીયાની પેઠે પળવાર ઊંચે ચઢી પડી જાય તેવું, અને દીપકની જ્યોતિની છાયાં પેરે ચલાયમાન છે, તેમ જોઇ સત્પુરૂષો વનમાં ચાલ્યા ગયા છે.

માટે હે પિતાશ્રી ! જો આપ મારા હિતૈષી હો તો ઉભય ભવના કલ્યાણ અર્થે મને જે ભાવના ઉદ્ભવી છે તેમાં અવરોધ લાવો નહીં.

આ વચનોની ધારેલી અસર દેવકરણ શેઠના હૃદય ઉપર થઇ એટલુંજ નહિ પણ તેડવા આવેલ પિતા પોતે પણ દિક્ષા લેવા તૈયાર થયા.

તપસ્વીએ તેમને અભ્યાસ શરૂ કરાવ્યો અને વીરજીભાઇને તેમની આજ્ઞાથી દિક્ષા આપવા નક્કી ઠર્યું.

# દીક્ષા.

**शुद्धः प्रसिद्धिमायान्ति लघवोऽपीह नेतरे ।**
**तमस्यपि विलोक्यन्ते दन्तिदन्तान दन्तिनः॥**

જેમ અંધારામાં રહેલા હાથીના દાંત દેખાય છે પરંતુ હાથી દેખાતો નથી. ( કેમકે દાંત ધોળા છે અને હાથી કાળો છે ) તેમ નાના છતાં શુદ્ધ પુરૂષ પ્રસિદ્ધિ પામે છે. અને મોટા ડુંગર જેવડા પણ અશુદ્ધ હોવાથી પ્રસિદ્ધિ પામતા નથી.

સતાવીશ વર્ષની પૂર યુવાન અવસ્થાએ કુટુંબનો આગ્રહ પ્રેમ અને સુખસંપત્તિ વચ્ચે સંસાર ઉપર અનિત્ય ભાવ ભાવનાર આપણા ગ્રંથનાયક વિરજીભાઈને દીક્ષા લેવાનું મુહૂર્ત સં. ૧૯૫૪ ના કાર્તિક વદી. ૬ નું મુકરર થયું અને તેથી વેરાવળના ઢુંઢીઆભાઈઓ મહોત્સવને માટે પંદર દિવસથી ખાસ મંડપ અને દેશપરદેશ કંકોત્રી લખી ઉત્સાહ ભરી તૈયારી કરવા લાગ્યા. આ પ્રસંગે પિતા અને પુત્ર સાથે દિક્ષા લેનાર છે તે ખબરથી વીરજીભાઈ અને તેના પીતાના નામના વહીવટથી મુક્ત કરવા તેમના લેણા તથા દેવાની સર્વ વ્યવસ્થા કરી નાંખી; વળી સમકિતસાર ગ્રંથ બહાર પાડવા માટે વેરાવળના ઢુંઢીયા ભાઈઓએ મદદ કરી હશે તેથી તપ્પા સંઘ સાથે સ્નેહ નહોતો તે માટે તે ગ્રંથનો ત્યાંથી સદંતર નાશ કરવા કબુલવાથી એકસંપી થતાં મહોત્સવ સંતોષકારક થઈ પડયો. આ મહોત્સવ પ્રસંગે બહાર ગામથી દોઢથી બે હજાર મેમાન એકઠા થયા. દીક્ષામહોત્સવના કાવ્યો અને ગ્રંથો રચાયા અને આ સર્વ સંયોગો વચ્ચે મુકરર તારીખે દિક્ષા લેવા પછી તેઓ **વીરજી સ્વામી**ના નામે પ્રસિદ્ધ થયા. જ્યારે તેમના પીતા દેવકરણ શેઠ અભ્યાસમાં આગળ વધી દીક્ષા લે તે પૂર્વે તાવની બીમારીમાં તે પછી બે ત્રણ માસમાં ગુજરી ગયા.

માણેકચંદજી સ્વામીને વીરજી સ્વામીનો પરિચય જેમ જેમ વધતો ગયો તેમ તેમના બુદ્ધિબળે માણેકચંદજી સ્વામીના હૃદયમાં ઉચ્ચ વિચારો જમાવ્યા અને તેમના જ્ઞાનથી ખુશી થઈ સવારના વ્યાખ્યાન સિવાય બાકી ઉપદેશ—વ્યાખ્યાન વગેરે માટે વીરજી સ્વામી ઉપર ભાર આવ્યો. આ સ્થિતિ વચ્ચે જેતપુર તથા પોરબંદરના ચોમાસાં શાંતિથી પસાર થયાં, આ અરસામાં વીરજી સ્વામીને વાંચવા ભણવાને બહુ તક મળી અને માણેકચંદજી સ્વામીના ગ્રંથ સંગ્રહનો મોટો ભાગ તેઓએ દૃષ્ટિ તળે કાઢી ગયા.

જ્યારે જ્યારે વીરજીસ્વામીને વાંચનમાં કંઈપણ પ્રશ્ન થતો ત્યારે માણેકચંદજી સ્વામીને પુછતા, અને જ્યાંસુધી પોતાના મનનું સમાધાન ન થાય ત્યાંસુધી હા માં હા મેળવી દેતા નહિ. એક વખત પ્રકરણ રત્નાકર ભાગ ૩ જામાં હુંડીનું સ્તવન વાંચતા તેમાં જીન પ્રતિમા સંબંધી પાઠો સૂત્રના અર્થ સાથે વાંચવાથી તેમના મનને પ્રતિમા પૂજાની આવશ્યકતા માટે શંકા થઈ અને તેના પરિણામે સમકિત સલ્યોદ્ધાર ગ્રંથ વાંચવો શરૂ કર્યો અને આ રીતે બંને ગ્રંથના વાંચનથી તેમના હૃદયમાં અનેક પ્રશ્ન ઉત્પન્ન થયા. પોતાના હમેશના રીવાજ પ્રમાણે આ સર્વે માટે તેમણે

પતિના સ્વર્ગવાસ સમયે આણંદબાઇની ઉમ્મર નાની હોવા સાથે આશ્વાસન તરીકે મકનજીભાઇ એકજ પુત્રરત્ન હતું. તેની ઉમ્મર બાળક હતી તેથી પતિ વિયોગની ચિંતા સાથે પુત્રરક્ષણનો ભાર પણ તેમના શિરે આવી પડયો, છતાં આવે પ્રસંગે ધૈર્યને ન ખોઇ દેતાં પુત્રને કેલવણીના મંદિરમાં મોકલી દીધા અને ઘરમાં પણ પોતે વિનય, વિવેક તેમજ ધર્મ સંબન્ધી ઉપદેશ આપી ઉત્તમ ગુણોનું બીજ રોપવા લાગ્યાં. મકનજી શેઠ આમ સાત વર્ષની ઉમરે દેશી સ્કુલમાં દાખલ થઈ ૫ વર્ષમાં એટલે ૧૨ વર્ષની ઉમર થતાં તે વખતે ચાલતા અભ્યાસની છેલ્લી પરિસ્થિતિ પામ્યા. એટલે નામા લેખા વગેરેનું ઉત્તમ વ્યાપારોપયોગી શિક્ષણ પ્રાપ્ત કર્યું અને પ્રસંગે પ્રસંગે આવતા ધાર્મિક ઉત્સવોમાં પોતાના પુત્રને માતુશ્રીએ ધર્મકાર્યોમાં જોડી તેને ધર્મશ્રધા પણ ઘણી સારી છાપ બેસાડી.

સામાન્ય સ્થિતિ વચ્ચે ઘર કાર્યભાર ઉપાડી નિર્વાહની વ્યવસ્થા કરવા સાથે પુત્રને ભણાવવાની સગવડ તૈયાર રાખવામાં આણંદબાઇને અનેક પ્રકારે સંકડામણમાંથી પસાર થવું પડયું, પણ મકનજીભાઇની ઉમર બાર વર્ષની થતાં માતાના આ પરિશ્રમનો બદલો તાકીદે વાળી દેવા તેમને તીવ્ર ઇચ્છા થઇ આવી; આ વખતે દેશમાં ઘરખર્ચ નભી શકે તેવી નોકરી કે ભવિષ્યના ઉદયની આશા ન હતી, તેમ સ્વતંત્ર ધંધા માટે જોઇતી સગવડ ન હતી; તેથી આટલી નાની ઉમરે નોકરી અર્થે મુંબઇ ગયા. ત્યાં જતાં પ્રથમ જમવા રહેવા ઉપરાંત અઢી રૂપૈયાના માસિક પગારથી શેઠ સુન્દરજી ખીમજીને ત્યાં નોકરી મળી, જે સ્વીકારી. આ પ્રમાણે બે વર્ષ ( સં. ૧૯૩૩ સુધી ) નોકરી કરવા પછી બીજે ઠેકાણે માસિ છ રૂપૈઆના પગારથી દાખલ થયા, ત્યાં બે વર્ષ રહેવા પછી સં. ૧૯૩૬ની સાલમાં ત્રીજે ઠેકાણે માસિક રૂ. ૧૧ના પગારથી દાખલ થયા. કે જ્યાં આઠ વર્ષ સુધી એટલે સં. ૧૯૪૪ ની સાલ સુધી રહ્યા. દરમિયાન માતાને ભાર ઓછો થયો કેમકે શેઠના લગ્ન બાઈ હેમકોરની સાથે થયાં. તેમને સં. ૧૯૪૪ની સાલમાં એક પુત્રનો જન્મ થયો. પરન્તુ કર્મ સંયોગે તે પુત્ર બાળવયમાં જ મરણ શરણ થયો અને તે પછી અત્યાર સુધી સંતતી સુખ માટે તેઓ બેનસીબ રહેલા છે, કે જે ખામી તેઓ ધર્મ પ્રેમથી સંતોષે છે.

## સ્થીતિનું પરાવર્તન.

શેઠશ્રીની નીતિ નિપુણતાની સાથે વ્યાપારમાં કાર્ય કુશળતા વ્યાપારીઓની દૃષ્ટિમાં તરવા લાગ્યાં તેથી શેઠ વનરાવન પુરૂષોત્તમે તેમને સ્વતંત્ર દુકાન કરવા પ્રેરણા કરી, એટલું જ નહિ પણ તે માટેની મદદ કરવા ઇચ્છા બતાવી. આ પ્રમાણે તેમની હોંસને પુષ્ટિ મળવાં સં. ૧૯૪૫ ના કાર્તિક માસમાં શેઠશ્રીએ મુંબઇમાં કાપડની દુકાન ખોલી અને તેમાં વચન આપનારની મુડી મળવા પૂર્વે પોતાના વગવસીલામાંથી રૂ. ૨૦૦૦૦) નો માલ ભર્યો એટલે મદદ આપવાનું કહેનારે

ત્યારબાદ આરાધનના સંબંધે બોલતાં સર્વતત્વના સારરૂપ મહામંત્ર નૌકારના સ્વરૂપને બહુ વિસ્તારથી સમજાવવામાં આવેલ છે, તેમજ તિર્થાધિરાજ સિદ્ધાચળ મહાત્મ્યને ટુંકમાં દાખલ કરવામાં આવેલ છે.

અવલંબન ક્રિયા સાથે કર્મ નિર્જરાર્થે મનમર્કટને અંકુશમાં રાખવા તપશ્ચર્યા એ મુખ્ય સાધન છે. આ હેતુથી ત્યારબાદ તપશ્ચર્યાના સ્વરૂપને સમજાવી તેના માટે ઉઝમણા ( ઉદ્યાપના )આદિ થતી ક્રિયાઓની આવશ્યકતા હેતુ પુરઃસર સમજાવવાને પણ ખાસ યત્ન કર્યો છે.

ભક્તિ અને ઉપાસના અર્થે ઉપરોક્ત વિષયો ચર્ચવા પછી સર્વ ક્રિયા કર્મના અવલંબનરૂપ દેવના સ્વરૂપને ઓળખાવવાને ખાસ વિસ્તારથી લખાએલ છે. જેમાં કોઇ પણ ધર્મ માટે સુદેવના લક્ષણ શું છે તે સમજાવવાને ખાસ પ્રયત્ન કર્યો છે. કે જેમ કરતાં દેવ તરીકે કયા અઢાર દોષો ત્યાજ્ય છે. અને કયા ચોત્રીશ અતિષયો તેમની યોગ્યતા દર્શાવે છે, તે વિસ્તારથી જણાવી તેવા સર્વગુણ સંપન્ન કોઇ પણ દેવને દેવ તરીકે સ્વીકારવા ભલામણ કરવામાં આવી છે. એટલું જ નહિ પણ તેવા સર્વ ગુણો વિભૂષિત અર્હંત પ્રભુને ઓળખાવતાં મનુષ્ય કોટીમાંથી તિર્થંકર પદ પ્રાપ્ત કરવાના પ્રસંગે તેમના જન્મ દિક્ષા અને કૈવલ્ય તેમજ નિર્વાણ મહીમાના સ્વરૂપને સમજાવવા સાથે કૈવલ્યાવસ્થાની પ્રાપ્તિ માટે મનુષ્ય કયા ધોરણે અધિકાર પ્રાપ્ત કરી શકે તે સમજાવી દેવના સ્વરૂપનું ભાન કરાવતાં પ્રથમ પરિચ્છેદ પૂર્ણ કરવામાં આવ્યો છે.

બીજા પરિચ્છેદમાં ગુરૂના સ્વરૂપને ઓળખાવવાને યત્ન થયો છે. અને તે માટે અઢાર અધિકારો રાખેલ છે, જેમાં પ્રથમ સુસાધુના લક્ષણ અને આચરણની ઓળખ આપી, ધર્મભેદ વિના સાધુ તરીકેની લાયકાત ધરાવતા જીવનને નિર્મળ સ્વરૂપમાં સમજાવવાને બહુ સ્ફુટ રીતે પ્રયત્ન કર્યો છે. અને તે સાથે સાધુ ધર્મના મુખ્ય લક્ષણો સ્થિરતા–સંતોષ–નિરાબાધપણું ( લોભ અને મમત્વનો ત્યાગ ) નિસ્પૃહતા ( મોહ અને માયાનો ત્યાગ ) અને નિર્ભય અવસ્થાના સ્વરૂપને સમજાવી સાધુ જીવનનું તત્વદૃષ્ટિ તરફ પ્રયાણ કરાવી, તે સ્થિતિ વચ્ચે તેમને સર્વ સમૃદ્ધિ ( દેવ–અપવર્ગ સુખ ) સહજ પ્રાપ્ત થવાની શાસ્ત્રાધારે ખાત્રી કરી આપી છે.

આટલી ઉચ્ચ કક્ષાએ સાધુ જીવનને મુકવા પછી તેમની ગુરૂ તરીકેની યોગ્યતા સમજાવવા સાથે તેમના આત્મજ્ઞાનની મહત્તા વર્ણવી છે. અને તે સાથે ગુરૂસ્તુતિ કરી ગુરૂ આવશ્યક્તા પુરવાર કરતાં સાધુ તરીકેની લાયકાતના મુખ્ય ગુણ સરલતા તેમજ સત્યવક્તાપણા માટે વીસ્તારથી અનુભવ કરાવ્યો છે.

આગળ વધતાં વંદનિય ગુરૂવર્યો પોતાની પાછળ યોગ્ય વારસો ( શિષ્ય સંપ્રદાય ) કેવી કુશાગ્ર બુદ્ધિથી સદ્બોધી તૈયાર કરી શકે છે તે દર્શાવતાં શિષ્યને હિતબોધના શિક્ષાસુત્રો આપી વિષયને વધારે વિકાસ આપ્યો છે, અને તેમાં સ્વામી

# પરિચ્છેદના અધિકાર ( વિષય )ની અનુક્રમણિકા.


| નં. | અધિકાર | પૃષ્ઠ |
|---|---|---|
| | **પ્રથમ પરિચ્છેદ.** | |
| ૧ | શ્રી મંગલાચરણ સ્તુતિ કુસુમાંજલિ | ૧ |
| ૨ | અર્હદ્ ભક્તિ | ૫ |
| ૩ | સિદ્ધ સ્તુતિ | ૯ |
| ૪ | સરસ્વતી સ્તુતિ | ૧૨ |
| ૫ | જિનબિંબ | ૧૩ |
| ૬ | પૂજા | ૧૫ |
| ૭ | ભાવપૂજા | ૨૩ |
| ૮ | પંચપરમેષ્ઠિ સ્મરણ માહાત્મ્ય | ૨૬ |
| ૯ | સિદ્ધાચળ માહાત્મ્ય | ૩૩ |
| ૧૦ | ઉદ્યાપન | ૩૬ |
| ૧૧ | સુદેવ | ૩૮ |
| ૧૨ | અરિહંત | ૪૮ |
| ૧૩ | તીર્થંકર | ૪૯ |
| ૧૪ | કેવળી સર્વ બરાબર | ૫૨ |
| | **દ્વિતીય પરિચ્છેદ.** | |
| ૧ | સુસાધુ ... ... ... | ૫૪ |
| ૨ | સ્થિરતા ... ... | ૭૫ |
| ૩ | તૃપ્તિ ... ... ... | ૭૯ |
| ૪ | નિર્લેપ ... ... ... | ૮૪ |
| ૫ | નિઃસ્પૃહતા ... ... | ૮૯ |
| ૬ | નિર્ભય ... ... ... | ૯૦ |
| ૭ | તત્વદૃષ્ટિ ... ... ... | ૯૪ |
| ૮ | સર્વ સમૃદ્ધિ ... ... | ૯૭ |
| ૯ | ગુરૂ સ્વરૂપ ... ... | ૧૦૧ |
| ૧૦ | આત્મ જ્ઞાન ... ... | ૧૦૮ |
| ૧૧ | ગુરૂ સ્તુતિ ... ... | ૧૧૦ |
| ૧૨ | ગુરૂ આવશ્યક ... ... | ૧૧૩ |
| ૧૩ | સાધુસરલતા | ૧૧૭ |
| ૧૪ | સુત્રકતા | ૧૨૦ |
| ૧૫ | શિષ્ય હિતોપદેશ | ૧૨૫ |
| ૧૬ | શિષ્ય શૌર્યોપદેશ | ૧૨૭ |
| ૧૭ | સુમાજ્ઞણુ | ૧૩૮ |
| ૧૮ | યતિસ્થાનાતિશય વર્ણન | ૧૪૧ |
| | **તૃતીય પરિચ્છેદ** | |
| ૧ | સુજન | ૧૪૫ |
| ૨ | સુજન દુર્જનતા | ૧૫૫ |
| ૩ | ગુણ પ્રશંસા | ૧૬૧ |
| ૪ | એક ગુણ સમગ્ર દોષનો નાશ કરે છે. | ૧૬૭ |
| ૫ | એક ગુણતો અવશ્ય ધારણ કરવો જોઇએ. | ૧૬૮ |
| ૬ | એટલા ગુણો વૈર કરાવનારા છે | ૧૬૯ |
| ૭ | ગુણવાન્ પુરૂષો ઘણું કરીને ક્લેશને પ્રાપ્ત થાય છે | ૧૬૯ |
| ૮ | ગુણવાન પુરૂષ લાંબા વખત સુધી એક સ્થાનમાં ટકે તે દૈવથી સહન કરી શકાતું નથી | ૧૭૧ |
| ૯ | ગુણવાન પુરૂષોમાં ગુણ ગુણરૂપ થાય છે | ૧૭૧ |
| ૧૦ | ગુણી ગુણવાળાને છોડતો નથી | ૧૭૨ |
| ૧૧ | ગુણી પુરૂષનો દોષ પણ શ્રેષ્ઠ છે. | ૧૭૫ |
| ૧૨ | ગુણી પુરૂષોના નાના દોષ પણ મહાન્ દેખાય છે. | ૧૭૬ |
| ૧૩ | સ્વીકાર કરેલ મનુષ્યનું પાલન | ૧૭૬ |
| ૧૪ | ગુણી અનાચારનું આચરણ કરે નહીં. | ૧૭૭ |
| ૧૫ | કહેલા વચનનું પ્રતિપાલન કરે. | ૧૭૮ |
| ૧૬ | ગુણ ગુપ્ત રહી શકતો નથી | ... ૧૭૮ |
| ૧૭ | વસ્તુ ગુણોવડે પૂજાય છે, પણ જન્મથી નહીં. ... ... | ... ૧૭૯ |
| ૧૮ | ગુણને ગુણાંતરની અપેક્ષા છે | ... ૧૮૩ |
| ૧૯ | ગુણી જ ગુણવાનને જાણે છે | ... ૧૮૪ |
| ૨૦ | ગુણના લાભના અભાવમાં મહાન પુરૂષો સ્થાનનો ત્યાગ કરે છે. | ૧૮૫ |
| ૨૧ | સત્પુરૂષોની વિભુતિ બીજાના કલ્યાણના માટે જ હોય છે. | ૧૮૬ |
| ૨૨ | જેના ગુણને જે જાણતો નથી, તે તેની નિંદા કરે છે. ... | ... ૧૯૧ |
| ૨૩ | મહાન પુરૂષો ચાલ્યા જવાથી તેવા પુરૂષને કાંઇ હાની થતી નથી પણ બીજાને જ નુકશાન થાય છે ... | ... ૧૯૩ |

૨૪ મહાપુરૂષમાં હલકાઇની શંકા ન કરવી ૧૯૫
૨૫ ગુણવાન્ પુરૂષ દુર્બળ હોય તોપણ ઉત્તમ છે ... ... ... ... ૧૯૬
૨૬ સુસંગતિ ... ... ... ... ૧૯૮
૨૭ મહાનના સંગમાં વિપત્તિ પણ શોભે છે ૨૦૯
૨૮ સંગનું ફળ ... ... ... ... ૨૧૦

### ચતુર્થ પરિચ્છેદ

૧ કુસાધુ... ... ... ... ... ૨૧૪
૨ યતિ શિક્ષોપદેશ ... ... ... ૨૫૦
૩ અર્ધદગ્ધ સાધુ અવસ્થા ... ... ૨૮૧
૪ સાધુ આત્મ નિન્દા ... ... ... ૨૮૩
૫ ગુરૂ ગૃહસ્થ ભેદ ... ... ... ૨૮૬
૬ કુતર્કતા ... ... ... ... ૨૯૦
૭ ઉત્સૂત્રભાષિ દોષ ... ... ... ૩૦૧
૮ આજ્ઞા ભંગ દોષ ... ... ... ૩૦૪
૯ ક્રિયાહીન જ્ઞાન નિષ્ફળ ... ... ૩૦૬
૧૦ કુબ્રાહ્મણ ... .. ... ... ૩૧૧
૧૧ વક્રભાવના ... ... ... ... ૩૨૫
૧૨ વ્રતભંગ દોષ... ... ... ... ૩૨૮

### પંચમ પરિચ્છેદ

૧ દુર્જન નિંદા ... ... ... ૩૩૧
*૨ દુર્જન પુરૂષ થોડામાં અહંકારી થાય છે ... ... ... विषभार० ૩૪૫
૩ દુર્જન શિક્ષાને પાત્ર છે खलानां० ૩૪૬
૪ દુર્જન પુરૂષનો સ્નેહ પણ દુઃખદાયી છે अनवस्थित० ૩૫૦
૫ હું દુર્જનને પ્રથમ વંદું છું दुर्जनं० ૩૫૫
૬ દુર્જનોએ સેવેલ ઉત્તમ વસ્તુ પણ શોભતી નથી प्रायः स्वभाव० ૩૫૫
૭ દંભ દોષ पश्य० ૩૫૭
૮ નાના ( પ્રકારના ) ધૂર્ત मुखं० ૩૬૨
૯ પિશુનતા દોષ विषधरतो० ૩૬૪
૧૦ કૃતઘ્ન નિંદા यथा गजपति० ૩૬૭
૧૧ મુર્ખ લોકો ગુણી પુરૂષને જાણતા નથી गौरीतनु० ૩૭૮
૧૨ નીચ પુરૂષ ઉત્તમ પુરૂષ સાથે સ્પર્ધા રાખે છે दग्धमाना० ૩૭૯
૧૩ દુર્જન પોતાના પ્રાણોને તજીને પણ બીજાને વિઘ્ન કરે છે त्यक्त्वापि० ૩૮૬
૧૪ પરવિઘ્ન સંતોષી पराविघ्नेन० ૩૮૯
૧૫ નીચ પુરૂષ બીજાને પ્રેરે છે प्रेरयति० ૩૮૯
૧૬ નીચ પુરૂષને અધિકાર મળતાં તે દુઃસહ થઇ જાય છે अन्यस्मालब्ध० ૩૯૦
૧૭ નીચ પુરૂષ અધમનેજ ગ્રહણ કરે છે मूर्खोऽहि० ૩૯૧
૧૮ સત્ય વસ્તુ પ્રાપ્ત થતાં અસત્ય વસ્તુ નાશ પામે છે तावद्गर्जन्ति० ૩૯૩
૧૯ સત્ય વસ્તુના અભાવમાં અસત્યવસ્તુની પ્રશંસા થાય છે, खद्योतो० ૩૯૩
૨૦ આ ઉત્તમ છે પણ આ ઉત્તમ નથી. वंदारिषं० ૩૯૬
૨૧ ખલ પુરૂષ સર્ષવ જેવા અન્યના દોષને મોટા કહી જાણે છે. खल० ૩૯૯
૨૨ નીચ પુરૂષના વિનયનો આડંબર गाढं० ૪૦૦
૨૩ ખળ પુરૂષની સુંદરતાનો આડંબર चारुता० ૪૦૨
૨૪ દુર્જનના સર્વ અંગોમાં ઝેર હોય છે तक्षकस्य० ૪૦૩
૨૫ દુષ્ટનો દુરાગ્રહ पाषाणो० ૪૦૪
૨૬ નીચ પુરૂષ નીચની સેવા કરે છે. नीचं० ૪૦૫

---

* દુર્જન પુરૂષ થોડામાં અહંકારી થાય છે ત્યાંથી આરંભીને દુર્જનનું હૃદય દુષ્ટ હોય છે. ત્યાં સુધીના દુર્જનના પેટા વિભાગના અધિકારો ૨૯ ગણ્યા છે. તેમાંથી કેટલાંકના પાનામાંના નામ લખાણાં છે ને કેટલાંકનાં લખાયાં નથી તેથી બીજી આવૃત્તિમાં તે સુધરી જશે. તે કયા કયા પત્રમાં સુધરવા તથા હાલ વાંચવામાં અનુકુળતા આવે માટે અહીં સુચના કરી તેઓનાં પત્ર ટાંકી આપ્યાં છે. તથા તેની સારી સમજણ પડે તેને માટે એ અધિકારના પ્રથમ શ્લોકનો આદિ શબ્દ આ સાંકળીયામાં પત્રની પાસે મેલ્યો છે.

## શ્રી જિનેશ્વર ભગવન્તોની નવાંગ* પૂજા.

### दुहा.

+जल भरी संपूटपत्रमां युगलिक नर पूजंत ।
ऋषभ चरण अंगुंठडो दायक भवजल अंत ॥ २२ ॥
जानुबले काउसगा रह्या । बिचर्या देश विदेश ॥
खडां खडां केवल लह्युं । पूजो जानुं नरेश ॥ २३ ॥
लोकांतिक वचने करि । वरस्या वरसी दान ॥
करकांडे प्रभु पूजना । पूजो भवी बहुमान ॥ २४ ॥
मान गयुं दोय अंशथी । देखी वीर्य अनंत ॥
भूजा बले भव जल तर्या । पूजो खंधँ महंत ॥ २५ ॥
सिद्धशिला गुण उजली । लोकान्ते भगवंत ॥
वसिया तेणे कारण भवि । शिर शिखा पूजंत ॥ २६ ॥
तीर्थंकर पद पून्यथी । त्रिभूवन जन सेवंत ॥
त्रिभूवन तिलक समा प्रभु । भाँल तिलक जयवंत् ॥ २७ ॥
सोल पहोर प्रभु देशना । कंठे विवर वस्तुल ॥
मधुर ध्वनि सुरनर सुणे । तेणे गँले तिलक अमूल ॥ २८ ॥
हृदय कमल उपशम बले । बाळ्या रागने रोष ॥
हिम दहे वन खंडने । हृदय तिलक संतोष ॥ २९ ॥
रत्नत्रयी गुण उजली । सकल सुगुण विसराम ॥
नाभिं कमलनी पूजना । करतां अविचल धाम ॥ ३० ॥
उपदेशक नव तत्वना । तिणे नव अंग जिणंद ॥
पूजो बहु विध रागथी । कहे शुभ विर मुणिंद ॥ ३१ ॥

---

* ચરણનો અંગુઠો, ૧ ગોડણ, ૨ મણિબંધ ૩ ખભા, ૪ શિરશિખા, ૫ ભાલ, ૬ ગળું, ૭ હૃદય, ૮ અને નાભિ ૯

+ ભાષા પૂજા સંગ્રહ.

અપૂર્વ કલ્પ વૃક્ષ જેવા અને અપૂર્વ ચિંતામણિ જેવા શ્રી નવકાર મંત્રને જે સદાકાળ ગાય છે, તે વિશાળ એવા મોક્ષ સુખને પામે છે. ૨૬

## નવકાર મંત્રનું મહાપાપ છેદવાનું સામર્થ્ય.

नवकारइक अक्खर, पावं फेडेइ सत्त अयराणं ।
पन्नासं च पएणं सागरपणसय समग्गेणं ॥ २७ ॥

નવકાર મંત્રનો એક અક્ષર ગણવાથી સાત સાગરોપમના પાપનો નાશ થાય છે, એક પદ ગણવાથી પચાસ સાગરોપમના પાપનો નાશ થાય છે. અને સમગ્ર-આખો નવકાર ગણે તો પાંચસો સાગરોપમના પાપ નાશ થાય છે. ૨૭

## એક લાખ નવકાર મંત્ર જપનારને બીજું ફળ,

जो गुण इल रकमेगं पूएइ, विही इजिण नमुक्कारं ।
तित्थय र नाम गोअं सोबंध इनत्थि संदेहो ॥ २८ ॥

જો મનુષ્ય એક લાખ નવકાર ગણે અને વિધિથી ભગવાનની પૂજા કરે તો તે તીર્થંકર નામ ગોત્ર બાંધે છે, એમાં કોઈ જાતનો સંદેહ નથી. ૨૮

## નવકાર મંત્રથી સંકટમાં પણ શાંતિ.

### वसन्ततिलका.

सङ्ग्रामवारिधिकरीन्द्रभुजङ्गसिंहदुर्व्याधिवह्निरिपुबन्धनसम्भवानि ।
दुष्टग्रहभ्रमनिशाचरशाकिनीनां, नश्यन्ति पञ्चपरमेष्ठिपदैर्भयानि ॥२९॥

પંચ પરમેષ્ઠિ મંત્રના જપ વડે સંગ્રામ, સમુદ્ર, ગજેંદ્ર, સર્પ, સિંહ, દુષ્ટ રોગ, અગ્નિ, શત્રુ, બંધન, દુષ્ટ ગ્રહો, રાક્ષસો અને ભૂત-ડાકણથી ઉત્પન્ન થયેલા ભય નાશ પામી જાય છે. ૨૯

## નવકાર મંત્રના સ્મરણથી મહા પાપીને મોક્ષની આશા.

### शार्दूलविक्रीडित.

हिंसावाननृतप्रियः परधनाहर्ता परस्त्रीरतः
किञ्चान्येष्वपि लोकगर्हितमहापापेषु गाढोद्यतः ।
मन्त्रेशं स यदि स्मरेदविरतं प्राणात्यये सर्वथा
दुष्कर्मार्जितदुर्गदुर्गतिरपि स्वर्गी भवेन्मानवः ॥ ३० ॥

હજારો પાપ કરીને અને સૈકડો જંતુઓનો ઘાત કરીને તિર્યંચો પણ આ શત્રુંજય તીર્થમાં આવી સ્વર્ગે ગયેલા છે. ૨

## સિદ્ધાચળનાં દર્શન અને પ્રણામનાં ફળ.

यो दृष्टो दुरितं हन्ति, प्रणतो दुर्गतिद्वयम् ।
संघेशार्हन्त्यपदकृत्, स जीयाद्विमलाचलः ॥ ३ ॥

જે દર્શન કરવાથી પાપને હણે છે અને નમસ્કાર કરવાથી નરક અને તિર્યંચ એ દુર્ગતિને હણે છે, તે સંઘપતિ અને અર્હંત પદને આપનારો શ્રી શત્રુંજય ગિરિ જય પામો. ૩

## સિદ્ધાચળનું બીજું માહાત્મ્ય.

वच्मः किमस्य चोच्चैस्त्वं, येन पूर्वजिनेशितुः ।
अधिरुह्यात्र लोकाग्रं, पुत्रैरपि करे कृतम् ॥ ४ ॥

શત્રુંજય પર્વતની ઉચ્ચત્તાને માટે શું કહીએ ? કેમકે જેની ઉપર ચડીને આદિનાથ ભગવાન્‌ના પુત્રોએ પણ લોકાગ્ર પોતાને હાથ કરી લીધું હતું ૪

## સિદ્ધાચળના ધ્યાન અને અભિગ્રહથી થતું ફળ.

पल्योपमसहस्रन्तु, ध्यानाल्लक्षमभिग्रहात् ।
दुष्कर्म क्षीयते मार्गे, सागरोपमसाश्रितम् ॥ ५ ॥

શ્રી શત્રુંજય પર્વતનું ધ્યાન કરવાથી એક હજાર પલ્યોપમનું દુષ્કર્મ ક્ષય પામે છે, ત્યાં જવાનો અભિગ્રહ કરવાથી એક લાખ પલ્યોપમનું દુષ્કર્મ ક્ષય પામે છે અને માર્ગે ચાલવાથી સાગરોપમ દુષ્કર્મ ક્ષય પામે છે. ૫

## શ્રી શત્રુંજય પર્વત ઉપર શ્રી જિન ભગવાન્‌નાં દર્શનથી થતું ફળ.

शत्रुञ्जये जिनेदृष्टे, दुर्गद्वितयं क्षिपेत् ।
सागराणां सहस्रं च, पूजास्नात्र विधानतः ॥ ६ ॥

શ્રી શત્રુંજયને વિષે રહેલા જિન ભગવાન્‌નાં દર્શન કરવાથી નરક અને તિર્યંચ બંને પ્રકારની દુર્ગતિનો નાશ થાય છે અને પૂજા તથા સ્નાત્ર વિધિ કરવાથી હજાર સાગરોપમ પ્રમાણ દુષ્કર્મનો નાશ થાય છે. ૬

## વન્દનથી થતું ફળ.

मिथ्यात्वगरलोद्गारः, सम्यग्दृष्टिसुधारसः ।
पूर्वो ह्रस्वः परो दीर्घो, नाभिनन्दनवन्दने ॥ ७ ॥

જે પ્રાણી જળ વિના ચોવીહારો છઠ્ઠ કરીને એટલે બે ઉપવાસ કરીને શત્રુંજયની સાત યાત્રાઓ કરે તે ત્રીજે ભવે સિદ્ધિપદને પામે છે. ૧૦

## શત્રુંજય પર પૂજાદિ કરવાનું ફળ.

जीओ सुवन्नभूमी भूसण दाणेण अन्नतित्थेसु ।
जं पावइ पुन्नफलं पूआण्हवणेण सित्तुंजे ॥ ११ ॥

મનુષ્ય-જીવ બીજા તીર્થોમાં સુવર્ણ, ભૂમિ અને આભૂષણના દાનથી જે પુણ્યફળ મેળવે છે, તેટલું પુણ્યફળ શત્રુંજય ઉપર પૂજા તથા સ્નાત્ર માત્રકરવાથી મેળવે છે. ૧૧

ઇત્યાદિ શત્રુંજય મહાત્મ્યના સહજ સંસ્કારથી અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

# उद्यापन अधिकार.

ગત અધિકારોમાં જણાવેલ પૂજા વગેરે ભાવના-ક્રિયા તથા કરેલી તપસ્યાનું ઉદ્યાપન કરવું જોઇએ. કારણ કે ઉદ્યાપન કર્યા સિવાય વ્રતાદિ તપસ્યાનું શાસ્રમાં કહ્યા પ્રમાણે ફળ પ્રાપ્ત થઇ શકતું નથી. માટે તે બાબત શ્રદ્ધાળુ મહાશયોને જણાવવા સારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

## ઉદ્યાપન ( ઉજમણું ) કરનારને લાભ.

### उपजाति. (૧-૨)

लक्ष्मीः कृतार्था सफलं तपोऽपि, ध्यानं सदोच्चैर्जनबोधिलाभः ।
जिनस्य भक्तिः क्रमतः शिवश्रीर्गुणाः स्युरुद्यापनतो नराणाम् ॥ १ ॥

મનુષ્યોને ઉદ્યાપાન-( ઉજમણું ) કરવાથી ઘણા ગુણો થાય છે. જેમકે, લક્ષ્મી કૃતાર્થ, થાય છે, તપ સફળ થાય છે. સદા શુભ ધ્યાન રહે છે. બીજા લોકોને અનુમોદનથી બોધિલાભ થાય છે. શ્રી જિન ભગવાનની ભકિત થાય છે અને અનુક્રમે મોક્ષની લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ૧*

* ૧ થી ૪ સૂક્તિ મુકતાવળી.

# सुदेव–अधिकार

આરંભના શ્રી અર્હદ્ ભક્તિ અધિકારથી આરંભી ઉદ્યાપન અધિકાર પર્યન્ત સાતે અધિકારોમાં ઠેકાણે ઠેકાણે અર્હદ્ ભગવાન્, સિદ્ધ ભગવન્તો, પંચ પરમેષ્ઠિ ભગવંતોના સ્તવન, નમન, પૂજન વગેરેનું પ્રતિપાદન કર્યું છે. તેમાં એવી શંકા ઉદ્ભવે છે કે—જિનેન્દ્ર ભગવન્તો સિવાય બીજા પણ ઘણા દેવતાઓ છે. તેઓનું પૂજન કરવા વગેરેનું તેમાં શા વાસ્તે નથી કહ્યું? એટલે અન્ય દેવો કરતાં શ્રી જિનેન્દ્ર ભગવાન્‌માં વિશેષ કઇ જાતની શક્તિ–વૈભવો વગેરે છે? કે જેથી સર્વ દેવોને તજી તેને એકને જ ભજવા. ઇત્યાદિ જિજ્ઞાસા ઉદ્ભવે છે તેનું સમાધાન કરવા માટે આ અધિકારનો આરંભ છે. હવે આ અધિકારમાં સુદેવનું પ્રતિપાદન કરતાં પ્રથમ તેમાં બ્રાહ્મણ ધર્મના પુસ્તકોમાં શું કહેવામાં આવ્યું છે? ત્યાંથી આરંભી અનેક પ્રમાણોથી શ્રી જિનેન્દ્ર ભગવાનનું સુદેવત્વ ૩૮ સંસ્કૃત પદ્યોથી સિદ્ધ કરવામાં આવ્યું છે. ત્યાર પછી ગુજરાતી પદ્ય તથા ગદ્યોથી શ્રી અરિહન્ત ભગવાન્ તથા તીર્થંકરો વગેરેની સત્તાનું વર્ણન કર્યું છે.

વાચક મહાશયોને સરલ પડવા સારૂ આ સર્વ બાબતનું યત્કિંચિદ્ દિગ્દર્શન અત્ર કરાવી હવે આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

## પુરાણમાં બ્રાહ્મણો કોને દેવ કહે છે?

### अनुष्टुप् (૧ થી ૨૦)

निर्ममो निरहङ्कारो, निस्सङ्गो निःपरिग्रहः ।
रागद्वेषविनिर्मुक्तस्तं देवं ब्राह्मणा विदुः ॥ १ ॥

જે મમતા, અહંકાર, સંગ અને પરિગ્રહથી રહિત હોય અને જે રાગ તથા દ્વેષથી મુક્ત હોય તેને બ્રાહ્મણો 'દેવ' કહે છે. ૧

## એવા સહજ વિદ્વાન્ ઐશ્વર્ય સંપન્ન અને સુંદર કોણ છે?

अनध्ययनविद्वांसो, निर्द्रव्यपरमेश्वराः ।
अनलङ्कारसुभगाः पान्तु युष्माञ्जिनेश्वराः ॥ २ ॥

જેઓ અભ્યાસ કર્યા વિના વિદ્વાન્ છે, દ્રવ્ય ન છતાં પરમ વૈભવવાળા છે, અને અલંકાર ન છતાં સુંદર દેખાવવાળા છે, તેવા જિનેશ્વરો તમારૂં રક્ષણ કરો. ૨

જે માણસનાં બે નેત્રો સર્વ અતિશયોથી સંપન્ન એવી શ્રી જિનેશ્વરની પ્રતિમાને જોતાં ન હોય, તો તે નેત્રો નથી, પણ મુખરૂપી ઘરના બે જાળીયાં છે. ૭

## અર્હત્ ભગવાનની મૂર્ત્તિનાં દર્શનનું ફળ.

अनार्येऽपि वसन् देशे, श्रीमानार्द्रकुमारकः ।
अर्हतः प्रतिमां दृष्ट्वा, जज्ञे संसारपारगः ॥ ८ ॥

શ્રી આર્દ્રકુમાર અનાર્ય દેશમાં વસતો હતો, પણ શ્રી અરિહંતની પ્રતિમાને જોઇને આ સંસારના પારને પામનારો થયો. ૮ અને તેવીજ રીતે-

जिनबिम्बेक्षणाद्ज्ञाततत्त्वः शय्यम्भवद्विजः ।
निषेव्य सुगुरोः पादानुत्तमार्थमसाधयत् ॥ ९ ॥

શ્રી જિનેશ્વની પ્રતિમાને જોવાથી શય્યંભવ નામનો બ્રાહ્મણ તત્વનો જ્ઞાતા બની સદ્ગુરૂના ચરણને સેવી ઉત્તમાર્થ—મોક્ષનો સાધક થયો. ૯

## દઢ ભકિતનું દષ્ટાન્ત.

अहो सात्विकमूर्धन्यो, वज्रकर्णो महीपतिः ।
सर्वनाशेऽपि यो यस्मै, न ननाम जिनं विना ॥ १० ॥

અહો—આશ્ચર્ય છે કે, સત્વ ગુણી પુરૂષોમાં મુગટરૂપ એવા વજ્રકર્ણ રાજાએ પોતાના સર્વનો નાશ થયો છતાં પણ શ્રી જિનભગવાન્ સિવાય બીજાને નમસ્કાર કર્યો નહીં. ૧૦

## ત્રણ તત્વમાં સ્થિરાત્મા પુરૂષનું દષ્ટાંત.

देवतत्वे गुरुतत्वे, धर्मतत्वे स्थिरात्मनः ।
बलिनो वानरेन्द्रस्य, महनीयमहो महः ॥ ११ ॥

દેવતત્વ, ગુરૂતત્વ અને ધર્મતત્વ ઉપર સ્થિર રહેનાર બલવાન્ એવા વાનરોના ઇંદ્ર હનુમાનનું તેજ અહો ! કેવું પૂજવા યોગ્ય છે. ૧૧

## દર્શન કરવા જતાં દેડકાને થયેલ શુભ ફળ.

श्रीवीरं वन्दितुं भावाच्चलितौ दर्दुरावपि ।
मृत्वा सौधर्मकल्पान्तर्जातौ शक्रसमौ सुरौ ॥ १२ ॥

જે બંને દર્દુર—દેડકાઓ શ્રી ભગવાનને વંદના કરવાને ભાવથી ચાલ્યા હતા, તેઓ મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકની અંદર શક્ર—ઇંદ્રના જેવા દેવતા થયા. ૧૨

## લોકાધિરૂઢ ભગવન્તના અન્યદેવો રૂપે કહેવાતાં નામ.

अमृतानि यथाभ्रस्य, तडागादिषु पाततः ॥
तज्जन्मानि जनाः प्राहुर्नामान्येवं तथार्हतः ॥ १८ ॥
लोकाग्रमधिरूढस्य, निलीनानि हरादिषु ॥
तेषां सत्यानि गीयन्ते, लोकैः प्रायो बहिर्मुखैः ॥ १९ ॥

જેમ આકાશમાં રહેલા વર્ષાદનાં અમૃતરૂપ જળો તળાવ વગેરેમાં પડે છે, તે જળને લોકો તે તળાવ વગેરેમાંથી થયેલાં કહે છે, તેવી રીતે લોકાગ્ર ઉપર રહેલા અર્હંત ભગવાન્‌માંથી થયેલાં નામોને બહિર્દૃષ્ટિથી જોનારા લોકો મહાદેવ વગેરે દેવોથી થયેલા કહે છે અને પ્રાયઃ તેને સત્યરૂપે ગાય છે. ૧૮–૧૯

## જિન ભગવાન્ પોતે જ સર્વ રૂપે છે.

जिनो दाता जिनो भोक्ता, जिनः सर्वमिदं जगत् ।
जिनो जयति सर्वत्र, यो जिनः सोऽयमेव च ॥ २० ॥

શ્રી જિન ભગવાન્ દાતા છે. શ્રી જિન ભગવાન્ ભોક્તા છે, આ સર્વ જગત્ પણ જિન ભગવાન્ જ છે, જિન ભગવાન્ સર્વત્ર જય પામે છે અને જે જિન ભગવાન્ છે તે આજ છે. ૨૦

## શ્રી જિનેંદ્ર ભગવાન્ ૧૮ પ્રકારના દોષોથી મુક્ત છે.

### इन्द्रवज्रा.

यो वर्जितः पञ्चभिरन्तरायैर्हास्येन रत्यारतिभीतिशोकैः ।
मिथ्यात्वकामाविरतिप्रमीलाद्वेषैर्जुगुप्साजडतातिरागैः ॥ २१ ॥

### उपजाति.(૨૨ થી ૨૪)

अमीभिरष्टादशभिर्विमुक्तो, दोषैस्तमःपुष्टिकृतो प्रदोषैः ।
तथा चतुस्त्रिंशदुदारसारविस्तारिशोभातिशयातिगम्यः ॥ २२ ॥

દાનાંતરાય (૧), લાભાંતરાય (૨), ભોગાંતરાય (૩), ઉપભોગાંતરાય (૪) અને વીર્યાંતરાય (૫) એ પાંચ અંતરાય, હાસ્ય (૬), રતિ (૭), અરતિ (૮), ભય (૯), શોક (૧૦), મિથ્યાત્વ (૧૧), કામ (૧૨), અવિરતિ (૧૩), પ્રમાદ (૧૪), દ્વેષ (૧૫), જુગુપ્સા (૧૬), જડતા (૧૭), અને રાગ (૧૮) આ અઢાર દોષ કે જેઓ અંધકારની પુષ્ટિને માટે પ્રદોષ કાળ જેવા છે, તેનાથી જે મુક્ત થયેલા છે અને જેઓ ઉદાર,

नवापि तत्त्वानि विचारयन्तः, सिद्धान्तसिंधुं हृदि धारयन्तः ।
उत्सर्गमार्गेऽप्यपवादमार्गे, विचारवन्तो विगतप्रमादाः ॥ ४३ ॥

જેઓ નવ તત્વનો વિચાર કરનારા છે. જેઓ સિદ્ધાંતના મહાસાગરને હૃદયમાં ધરનારા છે. જેઓ ઉત્સર્ગ તથા અપવાદ માર્ગે વિચાર પૂર્વક વર્તનારા છે, જેઓ પ્રમાદ રહિત છે. ૪૩

વળી—

## इन्द्रवज्रा. (૪૪ થી ૪૬)

कुर्वन्त उच्चैर्द्विविधं तपो ये, सर्वक्रियायां बहुधा विधिज्ञाः ।
हृद्वाणिकायैरपि संवदन्तः, स्वाध्यायपीयूषरसं पिबन्तः ॥ ४४ ॥

જેઓ ઉચ્ચ પ્રકારે બાહ્ય અને આભ્યંતર એવા બે પ્રકારના તપને કરનારા છે, જેઓ સર્વ પ્રકારની ક્રિયાની વિધિને બહુધા જાણનારા છે, જેઓ મન, વચન અને કાયાની સાથે સંવાદ કરનારા છે એટલે તેમના અશુભ યોગનો નાશ કરનારા છે, જેઓ સ્વાધ્યાય રૂપી અમૃત રસને પીનારા છે. ૪૪

અને—

श्रुत्वोपदेशं विशदं गुरूणां, भव्यः प्रबोधं सहसा लभेत ।
शुद्धाञ्जनं वै नयनस्य तेजच्छायामपाकृत्य व्यनक्ति वेगात् ॥ ४५ ॥

ગુરૂઓનો શુદ્ધ ઉપદેશ સાંભળી ભવ્ય જીવ તત્કાળ પ્રતિબોધને પામે છે, જેમકે શુદ્ધ અંજન નેત્રની છાયા ( પડળ ) દૂર કરી વેગથી તેજને પ્રગટાવે છે. ૪૫

તથા—

कष्टे त्वकष्टे समचेतसो ये, ते भैक्ष्यमास्तारयितुं समर्थाः ।
गुप्तेन्द्रिया आत्मविचारदक्षा लाभेत्वलाभे समभावनाश्च ॥ ४६ ॥

જેઓ કષ્ટ અને અકષ્ટમાં એટલે દુઃખ અને સુખમાં સમાન ચિત્તવાળા છે, અને જેઓ લાભ અને અલાભમાં સમભાવવાળા છે, જેઓ ઇંદ્રિયોને નિયમમાં રાખનારા અને આત્મવિચાર કરવામાં દક્ષછે તેઓ ભિક્ષાર્થીને વિસ્તારવા સમર્થ છે. ૪૬

તેમજ—

## उपजाति (૪૭ થી ૫૭)

परोपकारप्रवणाः स्वसत्वानुरूपयत्ना यतमानचित्ताः ।
समस्तविध्वस्तकुकर्मयोगाः, साधुक्रियासु प्रबलप्रयोगाः ॥ ४७ ॥

જેઓ પરોપકાર કરવામાં પ્રવીણ છે, જેઓ પોતાના સત્વ-વીર્ય પ્રમાણે યત્ન કરનારા છે, જેઓ ચિત્તનો નિરોધ કરનારા છે, જેઓ કુકર્મના સર્વ યોગને નાશ કરનારા છે, જેઓ સારી ક્રિયાઓમાં પ્રબળ પ્રયોગ કરનારા છે, ૪૭ +

વળી—

ममत्वमायामदमानलोभक्रोधादिभावारिगणं जयन्तः ।
सन्त्यक्तसङ्गा अतिशान्तदान्ताः, सद्धर्मकर्माचरणेन कान्ताः ॥ ४८ ॥

જેઓ મમતા, માયા, મદ, માન, લોભ અને ક્રોધાદિ ભાવ શત્રુઓના સમૂહને જીતનારા છે, જેઓ સંગને છોડનારા છે. જેઓ અતિશાંત તથા ઈંદ્રિયોને દમન કરનારા છે, જેઓ સદ્ધર્મ કર્મના આચરણથી મનોહર છે ૪૮

તથા—

प्रबोधयन्तो भविकाम्बुजानि, सच्चक्रहर्षं परिपोषयन्तः ।
मोहान्धकारप्रसरं हरन्तो, महःस्वरूपा भुवि भानुरूपाः ॥ ४९ ॥

જેઓ ભવિપ્રાણી રૂપ કમળોનો વિકાશ કરનારા, સત્પુરૂષોના સમૂહને હર્ષનું પોષણ કરનારા, અને મોહરૂપી અંધકારના પ્રસરને હરનારા છે તેઓ આ પૃથ્વી ઊપર સૂર્ય રૂપ તેજોમય પુરૂષો છે. ૪૯

તેમજ—

चन्द्रोपमानाः कृतसच्चकोरप्रमोदपूरावरतारकेशाः ।
मेरूपमा निश्चलचित्तवृत्त्या, निराश्रयत्वादनिलोपमानाः ॥ ५० ॥

જેઓ સત્ પુરૂષ રૂપી ચકોર પક્ષીને હર્ષના સમૂહને આપનારા અને ઉત્તમ તારક[1] સ્વામી રૂપ હોવાથી ચંદ્રની ઉપમા વાળા છે, જેઓ ચિત્તની વૃત્તિમાં નિશ્ચળ રહેનારા હોવાથી મેરૂપર્વતની ઉપમા વાળા છે, જેઓ કોઇ અન્યનો આશ્રય લેવા વગરના હોવાથી પવનની ઉપમા વાળા છે. ૫૦

તથા—

अधृष्यभावेन मृगारितुल्याः, शौण्डीर्यचर्याभिरिभस्वभावाः ।
गम्भीरभावेन पयोधितुल्याः, सर्वं सहत्वेन वसुन्धराभाः ॥ ५१ ॥

જેઓ અધૃષ્ય ભાવથી એટલે કોઇનાથી ધર્ષણ ન થવાના સ્વભાવથી સિંહના જેવા છે, જેઓ બળ ચાતુર્યથી ગજેંદ્રના જેવા સ્વભાવ વાળા છે. જેઓ ગાંભીર્યપણાથી સમુદ્રની તુલ્ય છે, જેઓ સર્વને સહન કરનારા હોવાથી પૃથ્વીના જેવા છે. ૫૧

× ૪૭ થી ૫૫ નરવર્મ ચરિત્ર

૧ તારક-ભવસાગરને તારનારા સ્વામી રૂપ છે અને ચંદ્રપક્ષે તારક-તારાઓના સ્વામી છે.

જેમની પાસે શુદ્ધ વિવેક રૂપી વજાનું ફળું ક્ર્યા કરે છે અને જેમણે કામ-દેવની લીલાને શમાવી દીધી છે, એવા માહાત્માઓની ઉપર રાતા અને વિશાળ લોચન વાળી ઉન્મત્ત વનિતાઓ હંમેશા તિરસ્કાર કરીને પોતાના કટાક્ષરૂપી તીક્ષ્ણ બાણોનો સમૂહ ફેંકયા કરો, તો પણ તેમને તે શું કરી શકવાનો હતો.? ૭૧÷

## કેવા મહાત્માઓએ આ પૃથ્વીને પવિત્ર કરી છે?

कारुण्येन हता वधव्यसनिता सत्येन दुर्वाच्यता,
सन्तोषेण परार्थचौर्यपटुता शीलेन रागान्धता ।
नैर्ग्रन्थ्येन परिग्रहग्रहिलता यैर्यौवनेऽपि स्फुटं,
पृथ्वीयं सकलापि तैः सुकृतिभिर्मन्ये पवित्रीकृता ॥ ७२ ॥

જેઓએ યૌવન વયમાં પણ કરૂણાથી હિંસાના વ્યસનનો, સત્યથી દુર્વચન પણાનો, સંતોષથી પારકાદ્રવ્યની ચોરીની ચતુરતાનો, શીળથી રાગાંધ પણાનો અને નિર્ગ્રંથપણાથી પરિગ્રહની ઘેલશાનો નાશ કરેલો છે, તેવા સુકૃતિ પુરૂષોએ જ આ બધી પૃથ્વી પવિત્ર કરેલી છે, એમ હું માનું છું. ૭૨

## કેવા પુરૂષોને ધન્ય છે?

यत्राब्जोऽपि विचित्रमञ्जरिभरव्याजेन रोमाञ्चितो,
दोलारूढविलासिनीविलसितं चैत्रे विलोक्याद्भुतम् ।
सिद्धान्तोपनिषन्निषण्णमनसां येषां मनः सर्वथा,
तस्मिन्मन्मथबाधया न मथितं धन्यास्त एव ध्रुवम् ॥ ७३ ॥

જે ચૈત્ર (વસંત) માં હીંડોળા ઉપર ચડેલી સ્ત્રીયોના અદ્દભુત વિલાસને જોઇ ને જડ એવું વૃક્ષ પણ વિચિત્ર મંજરીના સમૂહના મિષથી રોમાંચિત થઇ જાય છે, તે વસંતરૂતુમાં પણ સિદ્ધાંતના જ્ઞાનને વિષે આરૂઢ થયેલું જેમનું હૃદય સર્વથા કામદેવની બાધાથી વ્યાકુલ થયેલું નથી, તેજ મહાત્માઓને ધન્ય છે? ૭૩

## કેવા ધન્ય મહાત્માઓ સુખે રાત્રિ પ્રસાર કરે છે?

स्वाध्यायोत्तमगीतिसङ्गतिजुषः सन्तोषपुष्पाश्रिताः,
सम्यग्ज्ञानविलासमण्डपगताः सध्यानशय्यां श्रिताः ।
तत्त्वार्थप्रतिबोधदीपकलिकाः क्ष्यान्त्यङ्गनासङ्गिनो,
निर्वाणैकसुखाभिलाषिमनसो धन्या नयन्ते निशाम् ॥ ७४ ॥

÷ ૭૧ થી ૭૫ કાવ્યામાળા ગુચ્છક સાતમો.

સ્વાધ્યાયરૂપી ઉત્તમ સંગીતનું સેવન કરનારા, સંતોષરૂપી પુષ્પોથી પૂજાએલા, સમ્યગ્જ્ઞાન વિલાસરૂપ મંડપમાં રહી સદ્ધ્યાનરૂપી પલંગ ઉપર સુતેલા, તત્ત્વાર્થના પ્રતિબોધરૂપી દીવાઓના પ્રકાશમાં રહેલા અને શાંતિરૂપી સુંદરીનો સંગ કરનારા એવા જે મહાત્માઓ પોતાના મનને મોક્ષના સુખનું અભિલાષી કરી રાત્રિને નિર્ગમન કરે છે, તે મહાત્માઓને ધન્ય છે. ૭૪

## મિત્ર અને શત્રુમાં સમાન હૃદયવાળા તો થોડાજ પુરૂષો નીકળી આવે છે.

दृश्यन्ते बहवः कलासु कुशलास्ते च स्फुरत्कीर्तये,
सर्वस्वं वितरन्ति ये तृणमिव क्षुद्रैरपि प्रार्थिताः ।
धीरास्तेऽपि च ये त्यजन्ति झटिति प्राणान् कृते स्वामिनो,
द्वित्रास्ते तु नरा मनः समरसं येषां सुहृद्वैरिणोः ॥ ७५ ॥

જેઓ કળાઓમાં કુશળ અને કીર્ત્તિને માટે ક્ષુદ્ર જનોની પ્રાર્થનાથી પણ તૃણની જેમ સર્વસ્વને અર્પણ કરનારા તો ઘણા પુરૂષો દેખાય છે, તેમજ જેઓ પોતાના સ્વામીને અર્થે તત્કાળ પ્રાણનો ત્યાગ કરે છે, તેવા પણ ધીર પુરૂષો જોવાઇ આવે છે, પણ જેમનું હૃદય મિત્ર અને શત્રુમાં સમાન રસવાળું છે, એવા પુરૂષો તો બે ત્રણ જ માલમ પડે છે. અર્થાત્ ઘણા જ થોડા છે. ૭૫

## વંદનીય સાધુઓના ગુણો.

**स्रग्धरा.** (૭૬–૭૭)

संविग्नाः सोपदेशाः श्रुतनिकषविदः क्षेत्रकालाद्यपेक्षा-
नुष्ठानाश्शुद्धमार्गप्रकटनपटवः प्रास्तमिथ्याप्रवादाः ।
वन्द्याः सत्साधवोऽस्मिन्नियमशमदमौचित्यगाम्भीर्यधैर्य-
स्थैर्यौदार्यार्यचर्या विनयनयदयादाक्ष्यदाक्षिण्यपुण्याः ॥ ७६ ॥

જેઓ સંવેગ (વૈરાગ્યને) ધરનારા છે, જેઓ સદ્ ઉપદેશના દેનારા છે વળી જેઓ આગમની કસોટીને જાણનારા છે. જેઓ દ્રવ્ય ક્ષેત્ર તથા કાળ વગેરેની અપેક્ષાએ આચરણ કરનારા છે, જેઓ શુદ્ધ માર્ગને પ્રગટ કરવામાં ચતુર છે, જેઓ મિથ્યાત્વના વાદને દૂર કરનારા છે અને જેઓ નિયમ, શમ, દમ, યોગ્યતા, ગાંભીર્ય, ધૈર્ય, સ્થિરતા, ઉદારતા, ઉત્તમચર્યા, વિનય, નય, દયા, ડાહાપણ અને દાક્ષિણ્યતાથી પવિત્ર છે, તેવા સત્ સાધુઓ જ આ જગતમાં વંદન કરવા યોગ્ય છે. ૭૬

### સર્વમાં સમદર્શી મહાત્મા તો કોઈ એક જ હોય છે.

सौधोत्सङ्गे श्मशाने स्तुतिशपनविधौ कर्दमे कुङ्कुमे वा,
पल्यङ्के कण्टकाग्रे दृशदि शशिमणौ चर्मचीनांशुकेषु ।
शीर्णाङ्गे दिव्यनार्यामसमशमवशाद्यस्य चित्तं विकल्पै-
र्नालीढं सोऽयमेकः कलयति कुशलः सामलीलाविलासम् ॥ ७७ ॥

મેહેલના અગ્ર ભાગે કે શ્મશાનમાં, સ્તુતિ કે શાપમાં, કાદવ કે કેશરમાં, પલંગમાં કે કાંટા ઉપર, પાષાણમાં કે ચંદ્રકાંત મણિમાં, ચર્મમાં કે ચીનાઇ વસ્ત્રમાં અને શીર્ણ થયેલા ભાગમાં કે દિવ્ય વનિતામાં જેનું હૃદય અસમાન શમને વશ થઇ સંકલ્પ-વિકલ્પ કરતું નથી, એવો કોઇ એક મહાત્મા જ સામ-શાંતિની લીલાનો વિલાસ અનુભવે છે. ૭૭

### માણુસ બીજા કાર્યો પોતાની જાતે કરી શકે છે; પરંતુ ધર્મનું કાર્ય તો ગુરૂથી જ કરી શકાય છે.

### आर्या.

इहलोकविधीन्कुरुते, स्वयं जनो न तु गुरुं विना धर्मम् ।
अश्वो हि तृणान्यत्ति, स्वयं घृतं पाय्यतेऽन्येन ॥ ७८ ॥

માણુસ આ લોકના બીજા કાર્યો પોતાની જાતે કરી શકે છે, પણ ગુરૂ વિના પોતાની જાતે ધર્મ કરી શકતો નથી. ઘોડો ઘાસ પોતાની મેળે ખાય છે, પણ તેને ઘી તો બીજો જ પાય છે. ૭૮

જેમ સમુદ્રમાં પુષ્કળ રત્નો હોય પણ તે સર્વ આપણે ગ્રહણ કરી શકતા નથી તેમ સુસાધુમાં અનેક ગુણો રહેલા છે, પણ તે બધા વર્ણન કરવાને આપણે શક્તિમાન નથી તેથી સુસાધુ અધિકારના પેટા વિભાગના અધિકારોનું વર્ણન કરવાનો અવકાશ લેવા માટે આ **સુસાધુ** અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

# सुसाधु ( स्थिरता )–अधिकार.

ચારિત્રથી અલંકૃત થયેલા મુનિએ સ્થિરતા ગુણ પ્રાપ્ત કરવો જોઈએ. કારણ કે, અસ્થિર મનપરિણામવાળો મુનિ સદ્ભાવનાની મગ્નતાના મહાન્ ગુણને મેળવી શકતો નથી. ભોગ તૃષ્ણાદિકથી થતી અસ્થિરતા શુદ્ધ બોધ પ્રાપ્ત કરવામાં મહાન્ અંતરાય ઉત્પન્ન કરે છે. આર્હત શાસ્ત્ર એટલે સુધી લખે છે કે, " અસ્થિરતાથી કરેલી મોક્ષદાયક ક્રિયા પણ નિષ્ફળ થાય છે. " તેથી સંયમના ધારક મુનિએ સર્વદા સ્થિરતા પ્રાપ્ત કરવી જોઈએ. સ્વ સ્વભાવની સ્થિરતા મુનિને પૂર્ણાનંદનો પ્રભાવ બતાવી આપે છે. તેથી અહિં સુસાધુના અધિકારમાં સ્થિરતાનો પેટા અધિકાર કહેવામાં આવે છે.

## મનની અસ્થિરતાથી ભ્રમણનો ખેદ થાય છે, તે વિષે શિષ્યને ઉપદેશ.

### अनुष्टुप्.

वत्स किं चञ्चलस्वांतो, भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि ।
निधिं स्वसन्निधावेव, स्थिरता दर्शयिष्यति ॥ १ ॥

**શબ્દાર્થ**—હે વત્સ, ચંચલ મન પરિણામવાળો હોઈને ( સુખને સારૂ ) ભ્રમણ કરીને શા માટે કલેશ પામે છે ! ( કારણ કે ) તે ( સુખ રૂપી ) ખજાનો સ્થિરતા તારી પાસે જ બતાવશે.

**વિવેચન**—હવે સ્થિરતાનું સ્વરૂપ ગ્રંથકાર કહે છે. હે બંધુ, સુખ પ્રાપ્તિને અર્થે અસ્થિર મન પરિણામવાળો હોઈને અને સુખની ગવેષણા કરતો કરતો શા માટે તું વિષાદને પામે છે ? વ્યર્થ કલેશ શા માટે કરે છે. ? તારે જે સુખ પ્રાપ્ત કરવાનું છે તે વનિતાદિ પરવસ્તુને વિષે નથી. ધર્મ, મોક્ષ, તારે જે પ્રાપ્ત કરવાના છે તે નિમિત્તભૂત પરવસ્તુને વિષે વિદ્યમાન નથી. પરંતુ તે સર્વ સુખ તારી પાસે જ છે, માટે સ્થિરતા પ્રાપ્ત કર. પૂર્ણાનંદ રૂપ કોશાગાર સર્વ અન્ય સ્થાનાંતર વર્જીને સ્વ સમીપે જ છે એમ સ્થિરતા–સ્વભાવને વિષે નિશ્ચલતા–તને બતાવશે. પૂર્ણા-

શ્રેષ્ઠ (વૃષભ ધોરિની સમાન ચારિત્રના ભારને વહનારા) મુનિઓ મને હર્ષને માટે થાઓ. ૧૫

## કષાયરૂપી શત્રુઓને કંપાવનારા ગુરૂઓ જ સ્તુતિ કરવાને યોગ્ય છે.

वृषं चितं व्रतनियमैरनेकधा, विनिर्मलस्थिरसुखहेतुमुत्तमम् ।
विधुन्वतो झटिति कषायवैरिणो, विनाशकानमलधियः स्तुवे गुरून् ॥१६॥

અનેક પ્રકારના વ્રતો તથા નિયમોથી સંચય કરેલા અને નિર્મળ તથા સ્થિર એવા સુખના હેતુરૂપ એવા ઉત્તમ ધર્મને કંપાવનારા જે કષાયરૂપી શત્રુઓ છે તેને સત્વર નાશ કરનારા એવા નિર્મળ બુદ્ધિવાળા ગુરૂઓને હું સ્તવું છું. ૧૬

## હરિપ્રમુખ દેવતાઓને તાબે કરનાર કામદેવને પણ ભેદનારા ગુરૂઓનું જ નમન કરવું જોઇએ.

विनिर्जिता हरिहरवह्निजादयो, विभिन्दिता युवतिकटाक्षतोमरैः ।
मनोभुवा परमबलेन येन तं, विभिन्दतो नमत गुरूञ्शमेषुभिः ॥ १७ ॥

જે કામદેવે પરમ બળથી વિષ્ણુ, શંકર અને બ્રહ્માદિક દેવોને જુવાન સ્ત્રીઓના કટાક્ષરૂપી બાણોથી ભેદીને જીતી લીધા છે, તેવા કામદેવને શમરૂપી બાણોથી ભેદનારા ગુરૂઓને તમે નમસ્કાર કરો. ૧૭

## સદા શુદ્ધ મનન કરી પોતાના ચારિત્ર ઉપર દૃષ્ટિ રાખનારા ગુરૂઓ જ મનને પ્રમોદ આપનારા થાય છે.

न रागिणः क्वचन न रोषदूषिता न मोहिनो भवभयभेदनोद्यताः ।
गृहीतसन्मननचरित्रदृष्टयो, भवन्तु मे मनसि मुदे तपोधनाः ॥ १८ ॥

જેઓ ક્યારે પણ રાગી થતા નથી, ક્રોધથી દૂષિત થતા નથી અને મોહ પામનથી, તેમજ જેઓ સંસારના ભયનો નાશ કરવાને ઉદ્યમવંત અને ઉત્તમ પ્રકારનું મનન તથા ચરિત્ર ઉપર દૃષ્ટિ રાખનારા છે, તેવા તપસ્વી મુનિઓ મારા મનને હર્ષ કારક થાઓ. ૧૮

## સમાન હૃદયવાળા તપસ્વી ગુરૂઓ જ આ સંસારને છેદનારા થાય છે.

सुखासुखस्वपरवियोगयोगिताप्रियाप्रियव्यपगतजीवितादिभिः ।
भवन्ति ये सममनसस्तपोधना भवन्तु ते मम गुरवो भवच्छिदः ॥ १९ ॥

જેઓ સુખ અને દુઃખ સ્વજન અને પરજન, વિયોગ અને યોગ, પ્રિય અને અપ્રિય, મૃત અને જીવિત વગેરેમાં સમાન હૃદયવાળા છે. તેવા તપસ્વી ગુરૂઓ મારા સંસારને છેદનારા થાઓ. ૧૯

## જિનવચનોને જમાન આપનારા મુમુક્ષુ ગુરૂઓ જ પાપને હરનારા થાય છે.

जिनोदिते वचसि रता वितन्वते, तपांसि ये कलिलकलङ्कमुक्तये ।
विवेचकाः स्वपरमवश्यतत्त्वतो, हरन्तु ते मम दुरितं मुमुक्षवः ॥ २० ॥

જેઓ દુર્લંધ આ ( દુષ્ટ ) કલંકમાંથી મુક્ત થવાને શ્રી જિનેશ્વરે કહેલાં વચનમાં તત્પર થઇને તપસ્યા આચરે છે અને જેઓ અવશ્ય તત્ત્વથી સ્વ વસ્તુ તથા પર વસ્તુનું વિવેચન કરનારા છે, તેવા મુમુક્ષુ ગુરૂઓ મારા પાપને હરો. ૨૦

## જે પિતા તુલ્ય હિતકારી મુનિઓ ચતુર્વિધ સંઘની રક્ષા કરનારા છે, તેઓજ ગુરૂપદના અધિકારી છે.

अवन्ति ये जनकसमा मुनीश्वराश्चतुर्विधं गणमनवद्यवृत्तयः ।
स्वदेहवद्दलितमदाष्टकारयो, भवन्तु ते मम गुरवो भवान्तकाः ॥ २१ ॥

જેમણે આઠ પ્રકારના મદરૂપી શત્રુઓનો સંહાર કર્યો છે, અને જેમની મનોવૃત્તિ નિર્દોષ છે, એવા જે મુનિઓ પિતા સમાન થઇ પોતાના દેહની જેમ ચતુર્વિધ સંઘનું રક્ષણ કરે છે, તે મુનિઓ મારા ગુરૂ થઇ સંસારને નાશ કરનારા થાઓ. ૨૧

## જેઓ જિનપ્રરૂપિત ધર્મ બતાવી પ્રાણિઓને આ સંસાર સાગરમાંથી તારે છે, તેવા જ ગુરૂઓ પોતાના આશ્રિતાને મોક્ષે લઇ જાય છે.

वदन्ति ये जिनपतिभाषितं वृषं, वृषेश्वराः सकलशरीरिणां हितम् ।
भवाब्धितस्तरणमनर्थनाशनं, नयन्ति ते शिवपदमाश्रितं जनम् ॥ २२ ॥

ધર્મના નિયંતારૂપ એવા જેઓ સર્વ પ્રાણીઓને હિતકારી, સંસારરૂપ સમુદ્રથી તારનારા અને અનર્થનો નાશ કરનારા એવા શ્રી જિનેશ્વરે પ્રરૂપેલા ધર્મને કહે છે, તેવા ગુરૂઓ પોતાના આશ્રિત જનને મોક્ષપદમાં લઇ જાય છે. ૨૨

## ચતુર્વિધ સંઘનો વિનય કરનારા સાધુઓ દુરિતવનને બાળી નાંખે છે.

तनूभृतां नियमतपोव्रतानि ये, दयान्विता ददति समस्त लब्धये ।
चतुर्विधे विनयपरा गणे सदा, दहन्ति ते दुरितवनानि साधवः ॥ २३ ॥

જે દયાળુ થઈને પ્રાણીઓને સર્વ લબ્ધિને માટે સદા નિયમ, તપ અને વ્રતોનો ઉપદેશ આપે છે અને જેઓ ચતુર્વિધ સંઘને વિષે સદા વિનીત થઈ રહે છે. તેવા સાધુઓ દુરિત-પાપ રૂપી વનને બાળી નાંખે છે. ૨૩

### શુભા શુભ કર્મ કરનાર, કરાવનાર, અનુમોદનાર અને સહાય કરનાર એ સર્વને સમાન ફળ થાય છે.

### इन्द्रवज्रा.

कर्तुस्तथा कारयितुः परेण, तुष्टेन चित्तेन तथानुमन्तुः ।
साहाय्यकर्तुश्च शुभाशुभेषु, तुल्यं फलं तत्त्वविदो वदन्ति ॥ २४ ॥

પોતે કરનાર બીજા પાસે કરાવનાર, પ્રસન્ન ચિત્તે અનુમોદના કરનાર અને શુભ-અશુભમાં સહાય કરનાર એ સર્વને સરખું ફળ થાય છે. એમ તત્ત્વવેત્તા કહે છે. ૨૪

આ પ્રમાણે કહી ગુરૂ સ્વરૂપ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે,

## आत्मज्ञान–अधिकार.

*આત્મજ્ઞાન સંપાદન કરવામાટે જેમણે આત્માનો સાક્ષાત્કાર કરેલો હોય તેવા **સદ્ગુરૂની આવશ્યકતા** છે તે જ્યારે અધિકારી પુરૂષને ઉપદેશ કરે છે ત્યારે તે અધિકારીને આત્માનું વાસ્તવ સ્વરૂપ સમજાય છે, ગુરૂના ઉપદેશથી જેમને આત્મ સાક્ષાત્કાર નથી થયો એવા અજ્ઞાની પુરૂષો જો કદાપિ બહુ કાળ સુધી કોઇ શિષ્યને આત્મોપદેશ કરે છે તોપણ તેને જ્ઞાન થતું નથી. તેમજ નાના પ્રકારના તર્કોવડે ચિંતન કરવાથી પણ માણસને આત્મજ્ઞાન થતું નથી. પરંતુ ખરેખર જેમને આત્મજ્ઞાનનો અનુભવ થયો હોય તેવા સદ્ગુરૂ દ્વારા જ્ઞાનનો ઉપદેશ થાય છે તોજ આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે.

જેમ અત્રેથી આપણે અમેરીકામાં આવેલું ન્યુયોર્ક ક્યાં આવ્યું છે તે સંબંધમાં ભૂગોળમાં વાંચીએ તેમજ સ્કુલ માસ્તર મારફત જાણીએ છીએ તે ઉપરથી આપણને ન્યુયોર્કમાં આવેલી વસ્તી, તેમજ વર્તણુક ત્યાંના માણસોની રીતભાત વિગેરેનું જેવું ભાન થાય તેના કરતાં એક માણસ ન્યુયોર્ક જઈ ત્યાં અનુભવ મેળવી

* ભાગ્યોદય અંક ૮ મો સને ૧૯૧૩ અકટોબ્બર

અને ત્યાંનું વર્ણન કરે તે ઉપરથી આપણા મનમાં ન્યુયોર્ક વિષે ઘણોજ સારો ખ્યાલ આવી શકે છે, તેવીજ રીતે જે માણસો પુસ્તકોદ્વારા આત્માના સામર્થ્યો વિગેરેનું માત્ર પોપટીયું જ્ઞાન પ્રાપ્ત કરી આપણને આત્માનો ઉપદેશ આપે તેથી શું આપણને આત્મજ્ઞાન થવાનું ? કદીજ નહિ. ત્યારે જેમને આત્મ સાક્ષાત્કાર થયેલો છે તેવા સદ્ગુરૂદ્વારા ઉપદેશને ગ્રહણ કરવાથી અવશ્ય આત્મજ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે.

કોઇપણ ગામનો રસ્તો જેણે દીઠો હોય તેને આપણે માર્ગ પૂછીએ કે ફલાણા ગામનો માર્ગ કયાં થઈને છે; અને તે આપણને ત્યાં જવાનો જે સરળ રસ્તો બતાવે છે તેવો રસ્તો કોઈ અજાણ્યો મનુષ્ય બતાવી શકે ? નહિજ. તેજ પ્રમાણે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં પણ જેમને આત્મ સાક્ષાત્કાર થયેલો છે તેવા સદ્ગુરૂને પૂછવાથી અને તેમણે બતાવેલા માર્ગે પ્રયાણ કરવાથી આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે. માટે આત્મજ્ઞાન મેળવવા માટે વિવેકી મનુષ્યોએ સદ્ગુરૂ કરવામાં પણ બહુ સાવચેતી રાખવાની જરૂર છે.

ગુરૂ મુખથી કરેલા શ્રવણ, મનન, અને નિદિધ્યાસનથી જ આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે કારણ કે આત્મા સૂક્ષ્મતર પદાર્થોથી પણ અતિ સૂક્ષ્મ છે, માટે તે દુર્વિજ્ઞેય કહેવાય છે અને કાંઇ તર્ક કરવાથી પ્રાપ્ત થતો નથી. પરંતુ ગુરૂ ઉપદિષ્ટ માર્ગે પ્રયાણ કરવાથી જ પ્રાપ્ત થાય છે, આત્મજ્ઞાન માટે સદ્ગુરૂએ કરેલા ઉપદેશ ઉપરાંત આપણે પણ અશુદ્ધ વિચારો—તર્કોને છેદન માટે પણ નાના પ્રકારની યુક્તિઓથી આત્મજ્ઞાન થવાને માટે હંમેશાં પ્રયત્ન કરવાની જરૂર છે. સદ્ગુરૂ બોધિત ઉપદેશનું નિરંતર રટણ કરવાથી આત્મ સાક્ષાત્કાર થાય છે. જેઓ શાસ્ત્ર અને ગુરૂના ઉપદેશ ઉપર શ્રદ્ધા રાખી પ્રયત્ન કરતા નથી તેમને આત્મજ્ઞાન થતું નથી પણ જેઓ શાસ્ત્ર અને ગુરૂના વચનોમાં અવિશ્વાસવાળા હોઈ મિથ્યા તર્ક વિતર્ક કરવાનું મુકી દઈ ઉપદિષ્ટ સાધનોદ્વારા હંમેશાં પ્રયત્ન કરે છે તેજ આત્મજ્ઞાનને મેળવે છે.

શ્રદ્ધા અને વિશ્વાસ સિવાય આત્મજ્ઞાન ઉત્પન્ન થતું નથી કારણ કે આત્મા એ અનુભવનો વિષય છે, તર્ક વિતર્કનો નહીં. અને તેથી તેનું જ્ઞાન મેળવવાને માટે તર્ક વિતર્ક કરી શાસ્ત્રમાં કે ગુરૂના વચનમાં વિશ્વાસ ધરવાની જરૂર નથી પણ માત્ર તેમના વચનોમાં શ્રદ્ધા રાખી ઉપદિષ્ટ માર્ગે પ્રયાણ કરી અનુભવમાં ઉતારી ખાત્રી કરવાની જરૂર છે.

આ પ્રમાણે કહી આત્માજ્ઞાન અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

### સાધુ પુરૂષ દુખમાં પણ પોતાના સ્વભાવને વધારે સારો કરે છે.

सन्तापितोऽपि साधुः, शुभस्वभावं विशेषतो भजति ।
क्वथितं किं न क्षीरं, मधुररसमनोहरं भवति ॥ ९ ॥

સાધુ પુરૂષને સંતાપ પમાડયો હોય તો પણ તે પોતાના શુભ સ્વભાવને વધારે ભજે છે. ઉકળેલું દૂધ શું મધુર રસથી વિશેષ મનોહર નથી બનતું ? ૯

### સાધુપુરૂષને દુર્જન સંતાપે તોપણ તે વધારે સાધુપુરૂષ બને છે.

दुर्जनजनसंतप्तो, यः साधुः साधुरेव स विशेषात् ।
अपि पावकसन्तप्तः, खण्डः स्याच्छार्करो मधुरः ॥१०॥

જે સાધુ પુરૂષ છે, તે દુર્જનથી પરિતાપ પામ્યો હોય ત્યારે તે વધારે સાધુ બને છે. સાકરનો કડકો અગ્નિમાં તપાવવાથી વધારે મધુર બને છે. ૧૦

### દુર્જન ગમે તેવા દુર્વચનો સંભળાવે તો પણ આર્ય—સાધુપુરૂષના મુખમાંથી વિપ્રિય વચન નીકળતું નથી.

दुर्जनवचनाङ्गारैर्दग्धोऽपि न विप्रियं वदत्यार्यः ।
न हि दह्यमानोप्यगरुः, स्वभावगन्धं परित्यजति ॥ ११ ॥

આર્યપુરૂષ દુર્જનના વચનરૂપી અંગારાઓથી દગ્ધ થયો હોય તો પણ તે અપ્રિય બોલતો નથી. અગરૂને બાળવામાં આવે તો પણ તે પોતાનો સ્વાભાવિક ગંધ છોડતો નથી. ૧૧

### પિશુન જનો દૂષિત કરે તો પણ સત્પુરૂષોની વાણીનું માધુર્ય વિકૃત થતું નથી.

पिशुनजनदूषिता अपि, ननु सन्तः सत्यमेव सद्वाचः ।
अपि बर्बरचरणहतः, खर्जूरो मिष्ट एव स्यात् ॥ १२ ॥

સત્પુરૂષો ચુગળી કરનારા લોકોએ દોષિત કર્યા હોય તો પણ તેઓ ખરેખર સદ્વચન બોલનારા રહે છે. મ્લેચ્છ લોકોએ ચરણોથી [1]હણેલ ખજૂર મધુર જ થાય છે. ૧૨

---

૧ ખજૂરને જ્યારે તૈયાર કરવામાં આવે છે, ત્યારે તે લોકો તેને પગથી ખૂંદે છે.

ગોળાઓ વગેરે થોડા રસાયનિક પદાર્થો ખરીદ કરો પછી સાંજે ગરીબ અને હલકા વર્ણના માણસોનું ટોળું અરે? તેમાં શૂદ્ર જાતિના માણસો પણ ભેગા કરો અને તેમની આગળ પ્રથમ ધર્મ સંબંધી ભાષણો આપો; અને પછી મેજીક લેંટર્ન અને બીજી વસ્તુઓ દ્વારા ખગોળ વિદ્યા ભૂગોળ આદિ શાસ્ત્રો લોક ભાષામાં શીખવો ઉત્સાહી યુવક જનોની મંડળીને કેળવો. તમારો જુસ્સો તેમાં રેડો. અને ધીમે ધીમે આ વ્યવસ્થિત મંડળને વધારે વિશાલ બનાવી વધારો જે સરસ બની શકે તે કરો, પણ નદીમાંથી સર્વ પાણી જતું રહે ત્યારે જ તે નદી ઓળંગવી એવા વિચારથી રાહ જોઇ બેસી ન રહો. બેશક માસિકો, લેખો વગેરે છાપવાં એ સારૂં છે, પણ શાશ્વત કાલ સુધી જે લખાણ લખીએ અને જે વાતો કરીએ તેના કરતાં અનંતમા ભાગ જેટલું પણ કાર્ય ચડે છે.

(આ) એક સભા બોલાવો, થોડા પૈસા મેળવો, અને જે હું હમણાં જણાવી ગયો તે વસ્તુઓ ખરીદો. પછી એક ઝુંપડું ભાડે રાખી તેમાં આ કાર્ય ચલાવો. માસિકો ગૌણ છે. પણ આ પ્રધાન છે. તમારો સામાન્ય પ્રજાજનો પર કાબુ હોવો જોઇએ. નાની શરૂઆત થાય તો તેથી બીઓ નહી કારણ કે મહાન્ વસ્તુઓ પછીથી આવે છે. ધૈર્યવાન્ થાઓ. તમે તમારા બંધુઓને દોરવાને પ્રયત્ન ન કરો. પણ તેમની સેવા કરવામાં પ્રવૃત્ત થાઓ માણસોને દોરવાની પશુવત્ ઘેલછાથી જીવન રૂપી પ્રવાહમાં અનેક મ્હોટા વહાણો ડૂબી ગયાં છે. આને માટે ખાસ સાવધ થતાં શીખો, મતલબ કે મરણ પર્યંત નિસ્વાર્થી બનો. જે મારે કહેવાનું હતું તે બધું હું લખી શકયો નથી, પણ મારા બહાદૂર પુત્રો! ભગવાન્ તમને બધુ સમજવાની બુદ્ધિ આપશે. તે તરફ મારા પુત્રો! પ્રયાણ કરો. પ્રભુનો જય થાઓ! આપનો પ્રેમશીલ વિવેકા—મારા બહાદૂર પુત્રો!—વ્યવસ્થિત સંસ્થાથી કામ ચાલવા દો....પ્રેમ, શુદ્ધ અંતઃકરણ પૂર્વક લાગણી અને ધૈર્ય—આ ત્રણ વસ્તુ સિવાય બીજું કંઇ ઉપયોગનું નથી. આ ત્રણના બળથીજ સર્વ કાર્યની સિદ્ધિ છે. વૃદ્ધિ એટલે ઉત્તરોત્તર વધવું. પ્રેમ એજ મનુષ્ય જીવનનું રહસ્ય છે. તેથી સર્વ પ્રકારનો પ્રેમ એજ જીવન છે, તેજ જીવનનો કેવલ નિયમ છે, અને બધી જાતનો સ્વાર્થ એજ જીવનનો અંત–મરણ છે. આ વાત આ લોકમાં તેમજ પરલોકમાં સત્ય પ્રમાણ ભૂત છે. બીજાનું સારૂં કરવું એ જીવવું છે, બીજાનું સારૂં ન કરવું એ જીવવું નહિ પણ મરવું છે. તમે જુઓ છો કે મનુષ્ય જાતનો નેવું ટકા જેટલો ભાગ મૃતક છે–પિશાચો છે, કારણ કે મારા પુત્રો! જે પ્રેમવાન્ છે તે સિવાય કોઇ પણ જીવતું નથી. મારા બાલકો! લાગણી દર્શાવો! ગરીબ, અજ્ઞાની, દબાઇ ગયેલા એવાઓને માટે લાગણી રાખો! જયાં સુધી લાગણી બતાવતાં તમારૂં હૃદય બંધ પડી જાય મગજ બેશુદ્ધ બની જાય અને તમને જણાય કે હવે હું ગાંડો થઇ જઇશ. ત્યાંસુધી તમે

માંના એક તરીકે જીંદગી ગુજારવા અને મરણ પામવા હું જન્મેલ છું? હું હીચકારા પણાને ધિક્કારૂં છું હીચકારા કે રાજકીય મિથ્યા પ્રલાપ કરનારા સાથે મારે કંઇ પણ લેવા દેવા કે નિસબત નથી કોઇ રાજનીતિમાં મને શ્રદ્ધા નથી. જગતમાં પ્રભુ અને સત્ય એ બે રાજ્યનીતિ છે. બાકીનું સર્વ મિથ્યા છે,—હું કાલે લંડન ઉપડી જાઉં છું.

આશિષ સાથે આપનો વિવેકાનંદ.

આ પ્રમાણે કહી આ શિષ્યશૌર્યોપદેશ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

---

# सुब्राह्मण–अधिकार.

ગત અધિકારમાં ગુરૂ શિષ્યને શૌર્ય બતાવે છે. તેમાં ગુરૂ શબ્દનો અર્થ આચાર્ય–ઉપદેશક અથવા વડિલ થાય છે. તેમાં ઉપદેશક–ગુરૂને ઉદ્દેશીને તેના લક્ષણો કહેવાને આ સુબ્રાહ્મણ–અધિકારનો આરંભ કરવામાં આવે છે. ધર્મોપદેશક ગુરૂમાં ઉત્તમ પ્રકારનું બ્રહ્મત્વ હોવું જોઇએ. તેથી તેવા ગુરૂઓ જ સુબ્રાહ્મણ કહેવાય છે. અને તે સુબ્રાહ્મણમહાત્માઓ જ ખરા બ્રાહ્મણ કહેવાય છે. ઇતર બ્રાહ્મણો માત્ર નામધારી છે. ખરા સુબ્રાહ્મણો જ ઉપદેશ આપવાને અધિકારી છે અને તેમનો ઉપદેશ સર્વ પ્રકારે આદરણીય છે.

### સુબ્રાહ્મણનાં અગીયાર લક્ષણો,

### अनुष्टुप्. (૧ થી ૧૦)

क्षमा दमो दया दानं, सत्यं शीलं धृतिर्घृणा ।
विद्या विज्ञानमास्तिक्यमेते ब्राह्मणलक्षणम् ॥ १ ॥

ક્ષમા, દમ, દયા, દાન, સત્ય, શીળ, ધીરજ, કોમળતા, વિદ્યા, વિજ્ઞાન અને આસ્તા–એ બ્રાહ્મણનાં લક્ષણો છે. ૧ +

### બ્રાહ્મણનું બ્રહ્મત્વ શું કહેવાય?

सत्यं ब्रह्म तपो ब्रह्म, ब्रह्म चेन्द्रियनिग्रहः ।
सर्वभूतदया ब्रह्म, एतद्ब्राह्मणलक्षणम् ॥ २ ॥

---

+ ૧ થી ૧૨ પુરાણ, સમૃતિ વિગેરે.

હે વત્સ, જેમને જપ, તપ, શૌચ, ક્ષમા, મુક્તિ, દયા અને શમ હોય છે, તેમને આયુષ્યનો ક્ષય થતાં બ્રહ્મસ્થાન પ્રાપ્ત થાય છે. ૭

## સર્વ જાતિઓમાં કેવા પુરૂષો બ્રાહ્મણ ગણાય છે ?

ब्रह्मचर्यतपोयुक्तास्समकाञ्चनलोष्टकाः ।
सर्वभूतदयायुक्ता ब्राह्मणास्सर्वजातिषु ॥ ८ ॥

જેઓ બ્રહ્મચર્ય અને તપથી યુક્ત છે, જેઓ સુવર્ણ અને માટીના ઢેફાંને સમાન ગણનારા છે અને જેઓ સર્વ પ્રાણીઓ ઉપર દયા રાખનારા છે, તેવાઓ સર્વ જાતિઓમાં બ્રાહ્મણ ગણાય છે. ૮

## બ્રહ્મચર્ય શિવાયનો બ્રાહ્મણ નામધારી બ્રાહ્મણ છે.

ब्राह्मणो ब्रह्मचर्येण, यथा शल्येन शल्यिकः ।
अन्यथा नाममात्रं स्यादिन्द्रगोपाख्यकीटवत् ॥ ९ ॥

જેમ શલ્ય વડે શલ્યિક કહેવાય છે, તેમ બ્રહ્મચર્ય વડે બ્રાહ્મણ કહેવાય છે. જો તેનામાં બ્રહ્મચર્ય ન હોય તો ઇંદ્રગોપનો કીડો કે જે નામથી 'દેવની ગાય' કહેવાય છે, તેમ તે નામથી બ્રાહ્મણ કહેવાય છે. ૯

## બીજે પ્રકારે બ્રહ્મનાં અગીયાર લક્ષણો.

शमो दमस्तपः शौचं, सन्तोषः क्षान्तिरार्जवम् ।
ज्ञानं दयाच्युतात्मत्वं, सत्यं च ब्रह्मलक्षणम् ॥ १० ॥

શમ, દમ, તપ, શૌચ, સંતોષ, ક્ષમા, સરલતા, જ્ઞાન, દયા પરમાત્મભાવ અને સત્ય એ બ્રહ્મનાં લક્ષણો છે. ૧૦

## કેવા બ્રાહ્મણો લોકોને તારવાને સમર્થ થઈ શકે છે?

### उपजाति ( ૧૧-૧૨ )

ये शान्तदान्ताः श्रुतपूर्णकर्णा जितेन्द्रियाः प्राणिवधान्निवृत्ताः ।
परिग्रहे सङ्कुचिता निरीहा स्ते ब्राह्मणास्तारयितुं समर्थाः ॥ ११ ॥

જેઓ શાંત, દાંત, શાસ્ત્ર શ્રવણ કરનરા, ઇંદ્રિયોને જીતનારા, પ્રાણીઓનો વધ કરવાથી નિવૃત્ત થયેલા, પરિગ્રહ રાખવામાં સંકોચ કરનારા અને નિઃસ્પૃહ છે. તેવા બ્રાહ્મણો તારવાને સમર્થ થાય છે. ૧૧

રમતું એવું જે મૃગલાનું બચ્ચું તેની પાટુના પ્રહારો વડે ક્ષણવારમાં જાગેલો એવો જે સિંહ તેના નખ રૂપી અંકોરો ઉપર તે બાળક મૃગલાનું બચ્ચું પોતાના અંગની ખરજ મટાડે છે; ચળકતા પિચ્છાવાળા આ મોરલાએ પોતાના ચાંચના પ્રહાર થી જેની કાંચળી ઉતારી નાખી છે એવો સર્પ, સૂતેલા નોળીયાના શ્વાસના પવનનું પાન કરે છે. એટલે સુંઘે છે. ૫

આ પ્રમાણે કહી આ **યતિસ્થાનાતિશયવર્ણન** અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

## ગ્રંથસંગ્રહિતા.

## गीति.

विनयविजयमुनिनायं, द्वितीयपरिच्छेद एवमत्रैव ।
सङ्ग्रथितः सुगमार्थं, व्याख्यातॄणां मुदे सदा भूयात् ॥

વિનય વિજય મુનિએ આ (વ્યખ્યાન સાહિત્ય સંગ્રહ નામના) ગ્રંથનો દ્વિતીય પરિચ્છેદ વ્યખ્યાન કરનારાઓની સુગમતા માટે સંગ્રથિત કર્યો છે, તે સદા વ્યાખ્યાન કરનાર સાધુ તથા સાધ્વીઓના આનંદને માટે થાઓ.

## द्वितीय परिच्छेद परिपूर्ण.



# तृतीय परिच्छेद.

દ્વિતીય પરિચ્છેદમાં સુસાધુની ઓળખ વિષે ટુંક વર્ણનમાં સ્થિરતા કોને કહેવી. તૃપ્તિ કેમ ધારણ કરવી, સંસારમાં નિર્લેપ કેમ રહેવું, દરેક પદાર્થમાં નિઃસ્પૃહતા કેમ રાખવી, સર્વ પ્રાણીઓથી નિર્ભય કેમ રહેવું, સંસારમાં ખરૂં તત્ત્વ શું છે, સર્વ સમૃદ્ધિ કોને કહેવી તથા આ સર્વ મહદ્ ભાવનાનું સ્વરૂપ પ્રાપ્ત થયેલ ગુરૂનું વર્ણન જોવાથી સાધુપુરૂષમાં રહેલી સરલતા, ભાષા બોલવાની ઢબ, અને ઉપદેશ શ્રેણીનો અનુભવ થઇ શકેલ હશે

દરેકને સુખી અને શ્રેષ્ઠ થવાને ઇચ્છા હોય છે, પરંતુ તે સ્થિતિએ પહોંચવામાં ધૈર્ય, નિઃસ્પૃહતા અને નિરાભિમાન વૃત્તિની જરૂર છે આ પ્રમાણે મનુષ્ય તરીકે ઓળખાવાને જે લાયકાત પ્રાપ્ત કરવી જોઇએ તેના માટે યોગ્ય થવા પૂર્વે મનુષ્ય તરીકેની ગણના થવી પણ મુશ્કેલ છે, તો પછી તેમના માટે ઉપરોક્ત સાધુ સ્થિતિ કેટલી દૂર થઈ પડે ? આટલા માટે મનુષ્યતરીકે યોગ્ય ગણત્રીમાં મૂકિ શકાય તેવા (સુજન) ના સંબંધમાં વિવેચન કરવું યોગ્ય થઇ શકશે.

સંસાર વ્યવહારમાં રહેવા છતાં ઉચ્ચવર્તન અને ઉત્કૃષ્ટ ભાવનાથી સંસારી-સાધુ જીવન ભોગવતા જોવાય છે. એટલુંજ નહિ પણ સંસારમાં ગૃહસ્થ ભાવે રહીને સુજન પંક્તિને યોગ્ય સદ્ગુણનું સેવન કરવાથી ક્રમે ક્રમે મનોબલ દૃઢ થતાં ભાવના નિર્મલ થવાથી સાધુ પુરૂષના પદને પહોંચવા ને પણ યોગ્ય અવસર પ્રાપ્ત થઇ શકે છે. તેથી સુસાધુના પદને પ્રાપ્ત કરવામાં નિઃસરણીરૂપ સુજન અધિકારનો અત્રે આરંભ કરવામાં આવે છે.

# सुजन–अधिकार.

આ ભૂમિ તેમજ તેમાંના સર્વસ્થાનો સજ્જનોથી જ શોભે છે, કે જેઓ પરોપકારપરાયણ, ગુરૂ વાક્યોનું યથાર્થ પાલન કરનારા, સદાચારીઓ, દાન દેવામાં આનન્દ માનનારા, બીજા પ્રાણીઓને દુઃખી જોઇ પોતે દુઃખી થનારા, સમથના હિતમાં અને અભ્યુદયમાં ખુશી માનનારા, સમૃદ્ધિના સમયમાં વિનયથી વર્તન કરનારા, ભૂમિના ભૂષણ રૂપ, અમૃતમય વાક્યોથી લોકને અનુરંજન કરનારા, અડગ રીતે સત્યનું પાલન કરનારા, કોઇને કટુ ન લાગે તેવાં ખરાં વાક્ય કહેનારા. વગેરે અનેક ઉત્તમ ગુણુગણોથી ભરપૂર હોય છે, તેઓનું ચારિત્ર સેવનથી મનુષ્ય માત્ર મુક્તિ મેળવી શકે છે, જેને માટે, તેઓ કેવી રીતે વર્તન કરે છે, ઇત્યાદિ અનેક કાર્યો દર્શાવવા સદૃષ્ટાન્ત આ અધિકાર આરંભાય છે, કે જેનું યથાર્થ મનન કરવાથી સંસારમાં સુચારિત્રથી વર્તીને પરિણામે મોક્ષપદે પહોંચાય છે.

## કયી માતા જ પુત્રવતી ગણાય?

### इन्द्रवज्रा. (૧–૨)

गृहे गृहे सन्ति सुता अनेके, द्रोहप्रमादव्यसनावलीढाः ।
सत्त्वैकवर्यं धृतधर्मधैर्यं, त्वामेव पुत्रं जननी प्रसूता ॥ १ ॥

એક સુજન પ્રત્યે કોઇ વિદ્વાનનું કહેવું છે કે ઘેર ઘેર એક બીજાનો દ્રોહ આલસ્ય અને અનેક પ્રકારનાં દુર્વ્યસનોથી યુક્ત ઘણા પુત્રો છે પણ સાત્વિક વૃત્તિવાળાઓમાં એક ઉત્તમ ધર્મ અને ધીરજતાને ધારણ કરનાર તુંનેજ તારી માતાયે જન્મ આપ્યો છે; અર્થાત્ આવા પુરૂષોના જન્મથી જ માતા જન્મ આપનારી (પુત્રવતી) ગણાય છે. ૧

## પૃથ્વીની શોભા શું છે?

ऐरावणेनैव सुरेन्द्रसेना, कल्पद्रुमेनैव सुमेरुभूमिः ।
श्रीकौस्तुभेनैव मुकुन्दवक्षः, पञ्चाननेनैव गुहा विभाति ॥ २ ॥

ઐરાવણ હાથી વડે જેમ ઇંદ્રની સેના શોભે છે, કલ્પવૃક્ષથી જેમ સુમેરૂપર્વતની ભૂમિ શોભે છે, કૌસ્તુભ મણીવડે જેવી રીતે શ્રીકૃષ્ણ મહારાજનું વક્ષઃ સ્થલ (છાતી) શોભે છે અને સિંહ વડે જેમ ગુફા શોભે છે; તેમ જે પુરૂષ ઐરાવણ હાથીના જેવો દરેક કાર્યમાં મસ્ત બની ગંભીરતાથી ગમન કરતો હોય, કલ્પવૃક્ષની માફક સર્વની ઇચ્છા પૂર્ણ કરતો હોય, કૌસ્તુભ મણીની પેઠે પોતાના તેજથી બીજાઓને આચ્છાદિ-

પણ એમ બને કેમ? નામતો માણસો સારાં સારાં પાડે છે, પણ ધૂળ ઉપર લીંપણ; મારા પડોશમાં ગલાલ અને કંકુ નામની બાઇડીયો કાજળથી કાળી છે, ઝવેર ને મોતી તો ફુટી બદામની ગણતરીમાં નથી, ગુલાબતો ગંધાતી રહે છે ને સાકર કડવા ઝીભી છે વધારે શું કહું? માટે નામ પ્રમાણે ગુણ હોયજ નહિ.

એમ કહી તે તો ચાલી ગઇ, થોડીવાર થઇ ત્યાં એક ધનપાળ નામનો માણસ ભિખ માગવા આવ્યો, તેણે વિજયકુંવરને કહ્યું કે "બાઇ તમારા હૃદયમાં પ્રભુ વસે તો કાંઇ આપો. હાથે તેજ સાથે છે, તમને ધર્મ થશે. મારી આંતરડી દુવા દેશે ને તમારૂં ભલું થશે.

**વિજયકુંવર**—અરે ભાઇ તું આમ ભીખ માગતો ફરે છે તેથું, તારૂં નામ એવું ભીખારીદાસ છે.?

**ધનપાળ**—ના, બાઇ મારૂં નામ તો ધનપાળ છે. પણ તેમાં કામ શું આવે. મારો જન્મ બધો ભીખ માગવામાં ગયો છે.

**વિજયકુંવર**—વળી ધનપાળને પણ ભીખ માગવી પડે કે? શું, નામ એવા ગુણ ન હોય?!

**ધનપાળ**—અરે બાઇ, નામ એવા ગુણ ક્યાંથી હોય? એક મિયાંનું નામ દરીઆવખાં હતું, પણ પાણી વગર તરસ્યો મરતો હતો. નામમાંથી એક ટીપું પાણી પણ કામ ન આવ્યું. અરે! શીતલદાસ નામનો સાધુ ઘણો ક્રોધી હતો. નાગાનંદ તો સુશોભિત વસ્ત્રાલંકારથી ગરકાવ રહે છે. હનુમાનદાસ તો બબે બાઇડીયો રાખે છે.

એવામાં એક સંતોષદાસ નામનો સાધુ આવ્યો ને વિજયકુંવર પાસે સવાલ નાખ્યો, ત્યારે તેણીએ પૂછ્યું કે "મહારાજ, તૈયાર રસોઇ જમી લેશો કે સિધું લેશો."

સંતોષદાસે કહ્યું કે, "તૈયાર રસોઈ પાવેંગે, ઔર થોડા ઓત સિધા પણ લેંગે." આથી ધનપાળના કહેવાની વિજયકુંવરને ખાત્રી થઈ કે નામ પ્રમાણે ગુણ હોતા નથી.

એવામાં પાડોશમાં રહેનાર એક વાણીઓ ગુજરી ગયો, તેની ગુમરાણી પડી. વિજયકુંવરે તજવીજકરી તો માલૂમ પડયું કે તે અમરચંદ નામનો વીશ વર્ષનો જુવાન હતો. અમર નામ છતાં મરી ગયાનું સાંભળી, તે બાઇની તમામ ભ્રાંતિ દૂર થઈ, અરે નામ એવા ગુણ હોતા નથી. માટે નામ નઠારૂં હોય તો પણ શું ને સારૂં હોય તોપણ શું? પણ ગુણ સારા હોય તો દીપી નીકળે છે, હું અત્યાર સુધી અંધારે કુટાઇને નામ ઉપરથી ગુણનું અનુમાન કરી રોષમાં રહી, તે મોટી ભૂલ કરી છે, એમ પસ્તાવો કર્યો. પછીથી તેની સહીઅરો મળી ખીજવવા લાગી ત્યારે કહ્યું કે,

કુવામાં જો પાણી પીવામાં આવે તો તે નીચી મુખમુદ્રા રાખનાર જ પાણીનું પાન કરી શકે એટલે મુખ નીચું થાય અને વાવો છે તે તુચ્છ એવી સ્ત્રીઓ છે તેથી તેનું પાણી કોણ પીએ? અને તળાવમાં પાણી પીવાય તે તો બગલા અને ટીટોડા નામના (તુચ્છ) પક્ષીઓની સાથે સામાન્યપણું પ્રાપ્ત થાય, અને સમુદ્રનું પાણી ક્રૂર (નિર્દય) એવા જલ જંતુઓથી વીંટાયેલ છે, માટે એમ વિચાર કરતો બપૈયો મીન-સંક્રાતિથી એટલે ચૈત્ર માસથી શરૂ કરી (આખા ચોમાસા સુધી) ઊંચી ડોક રાખીને મેઘરાજા પાસે તે પાણીની યાચના કરે છે. ૮

## સોનું તે સોનું જ છે.

### દોહરો.

*સંપ કરી કદી સો જણા, કહે કનકને તુચ્છ;
પણ અંતે જુઠા પડે, હોય હેમ જો સ્વચ્છ. ૯

---

## गुणिनां दोषोऽपि वरः

(ગુણી પુરૂષોના દોષ પણ શ્રેષ્ઠ છે.)

### वसन्ततिलका.

सद्वंशजस्य परितापनुदः सुवृत्तशुद्धात्मनः सकललोकविभूषणस्य ।
छिद्रं प्रजातमपि साधुजनस्य दैवान्मुक्तामणेरिव गुणाय भवत्यवश्यम् ॥१॥

ઉત્તમ વંશમાં જન્મેલ, બીજાની પીડાને નાશ કરનાર, સારા ચરિત્રથી (મોતીના પક્ષમાં ગોળપણાથી) શુદ્ધ આત્માવાળો અને સમગ્ર લોકના ભૂષણરૂપી સાધુ-પુરૂષને દૈવથી મોતીની માફક એટલે જેમ ઉપરના ગુણ ધરાવનાર મુક્તામણિમાં જેમ છિદ્ર પડે છે તો પણ તે ગુણ (અંદર દોરો આવવા માટે થાય છે) તેમ દુષણ પ્રાપ્ત થાય તો પણ તે નક્કી તેના ગુણને માટે જ થાય છે. ૧ +

---

*દલપતકાવ્ય ભાગ ૨ જો.

× સુભાષિત રત્નભાંડાગાર.

## गुणिनां स्वल्पदोषोऽपि महान्

(ગુણી પુરૂષોના નાનો દોષ પણ મહાન્ ગણાય છે.)

### ગુણિનો સ્વલ્પ દોષ પણ ગ્રહણ કરવો સહેલો છે પરંતુ તેના મોટા ગુણો ગ્રહણ કરી શકાતા નથી.

### शार्दूलविक्रीडित.

दोषः सर्वगुणाकरस्य महतो दैवानुरोधात्क्वचि
द्यातो यद्यपि चन्द्रलाञ्छनसमस्तं द्रष्टुमन्धोऽप्यलम् ।
द्रष्टाप्नोति न तावदस्य पदवीमिंदोः कलङ्कं जगत्,
विश्वं पश्यति तत्प्रभामकटितार्ङ्किकोऽप्यगात्तत्पदम् ॥ १ ॥

સર્વ ગુણોની ખાણરૂપ એવા મહોટા પુરૂષને કદિ દૈવના બળથી ચંદ્રના કલંકની જેમ દોષ પ્રાપ્ત થાય તે વખતે જો કે તેના સંપૂર્ણ લાંછનને અન્ધ[1] મનુષ્ય પણ જોઇ (જાણી) શકે છે તોપણ તેને દેખીને કોઈ તેની પદવીને પામી શકતું નથી પરંતુ તેની કાન્તિથી પ્રગટ થયેલા જગતને મનુષ્ય જોઇ શકે છે એટલે શું કોઇ મનુષ્ય સર્જનના પદને પામી શકે છે? અર્થાત્ કે નહિં. ત્યાં ચન્દ્રનું દૃષ્ટાન્ત આપે છે કે-ચન્દ્રના સમ્પૂર્ણ લાઞ્છનને અન્ધ મનુષ્ય પણ જોઈ (જાણી) શકે છે પણ તે લાંચ્છનને દેખી જગત્ (જનસમાજ) તેની પદવીને પામી શકતું નથી, પરંતુ તે લાંછિત ચન્દ્રમાની કાન્તિથી પ્રગટ દેખાતા સમગ્ર જગતને તે જનસમાજ જોઈ શકે છે. તે શું કોઇ મનુષ્ય તે ચન્દ્રના અધિકારને પામી શકે તેમ છે? અર્થાત્ કે નહિં-તદ્વત્-૧ *

## अङ्गीकृतं पालयेत्.

### સ્વીકાર કરેલ મનુષ્યનું પાલન.

### आर्या. (૧-૨)

गुरुआ न गणन्ति गुणे पडिवन्नं निगुणंपि पाकान्त ।
अफला सफला वि तरु गिरिणा सीसेण वुज्झन्ति ॥ १ ॥

---

૧ અહીં અંધ શબ્દ અજ્ઞાની વાચક છે, ચંદ્ર પક્ષમાં પણ સામાન્ય રીતે બાળ ગોવાળ (ગોપાળ=ભરવાડ) જનવાચક છે, તેથી અહીં અંધ શબ્દને અતિશયોક્તિમાં વાપર્યો છે.

* આત્માનું શાસન.

મહાન્ પુરૂષો, અંગીકાર કરેલ ગુણી કે નિર્ગુણીને પાળે છે, કેમકે પર્વત ફળવાળાં કે ફળરહિત વૃક્ષોને પોતાના મસ્તક ઉપર રાખે છે. ૧

## સજ્જનનો ધર્મ.

पतितोऽपि राहुवदने, तरणिर्बोधयति पद्मखण्डानि ।
भवति विपद्यपि महतामङ्गीकृतवस्तुनिर्वाहः ॥ २ ॥

રાહુના મુખમાં પડેલ ( ગ્રહણ વખતે પણ ) સૂર્ય કમળોને પ્રકાશિત કરે છે, કારણ કે મહાન્ પુરૂષો વિપત્તિમાં પણ અંગીકાર કરેલી વસ્તુનો નિર્વાહ કરે છે. ( અર્થાત્ પાલણ પોષણ કરે છે. ) ૨ *

## वसन्ततिलका.

दोषाकरोऽपि कुटिलोऽपि कलङ्कितोऽपि, मित्रावसानसमये विहितोदयोऽपि ।
चन्द्रस्तथापि हरवल्लभतामुपैति, नैवाश्रितेषु महतां गुणदोषशङ्का ॥ ३ ॥

દોષની ખાણ રૂપ ( પક્ષે દોષા રાત્રિને કરનાર ), વાંકો, કલંકી અને મિત્ર ( સૂર્ય )ના દુઃખ વખતે ઉદય કરનાર એવો ચન્દ્ર ( પક્ષે દુષ્ટ પુરૂષ ) છે. તથાપિ તે શંકરને ( પક્ષે મહાન્ પુરૂષને ) પ્રિય થયો છે, તેથી મોટા પુરૂષોને પોતાના આશ્રિતની ઉપર ગુણ અને દોષની શંકા રહેતી નથી. ૩

---

## अनाचारं नाचरेत्.

( ગુણી અનાચારનું આચરણ કરે નહીં )

## સજ્જનની હંસની સાથે ઘટના.

## अनुष्टुप्.

विपद्यपि गताः सन्तः, पापकर्म न कुर्वते ।
हंसः कुक्कुटवत्कीटानत्ति किं क्षुधितोऽप्यलम् ॥ १ ॥

વિપત્તિ ( દુઃખ ) ને પામ્યા હોયતો પણ સત્ પુરૂષો પાપ કર્મ કરતા નથી, કારણ કે હંસ અત્યન્ત ભૂખ્યો થયો હોય તોપણ શું તે કુકડાની માફક કીડાનું ભક્ષણ કરે છે? અર્થાત્ કે નહિં. તેમ સજ્જન પુરૂષ કદિ નીચ વૃત્તિ કરતો નથી. ૧ §

* ૨-૩, સુભાષિત રત્ન ભાંડાગાર.
§ ૧ રૂપસેન ચરિત્ર.

## उक्तं पालयेत्

( કહેલા વચનનું પ્રતિપાલન કરે. )

### સજ્જનનું વાક્ય તે શિલાલેખ છે.

अनुष्टुप् ( ૧-૨ )

सद्भिस्तु लीलया प्रोक्तं, शिलालिखितमक्षरम् ।
असद्भिः शपथेनापि, जले लिखितमक्षरम् ॥ १ ॥

સત્પુરૂષો ફક્ત રમત ગમતથી જે વચન બોલે, તે શિલામાં લખેલ અક્ષર સમજવા (અક્ષય એવો શિલાલેખ છે) ને દુષ્ટો સોગન ખાઇને જે વચન બોલે તે પાણીના લખેલ અક્ષર સમજવા. (અર્થાત્ જેમ પાણીમાં અક્ષર રહે નહિ તેમ બોલેલ શબ્દ નિરર્થક ) ૧ *

### સજ્જનનું વાક્ય હાથીદાંત સમાન છે.

दन्तिदन्तसमानं हि, निःसृतं महतां वचः ।
कूर्मग्रीवेव नीचानां, पुनरायाति याति च ॥ २ ॥

મહાન્ પુરૂષોના મોઢામાંથી જે વચન નીકળ્યું તે હાથીદાંત સરખું છે. (અર્થાત્ હથીના દાંત જેમ નીકળેલા પાછા મુખમાં જતા નથી તેમ મહાપુરૂષો પોતાનું વચન પાળે છે ) અને નીચ પુરૂષો જે વચન બોલે છે, તે કાચબાની ડોક જેવું છે, ( અર્થાત્ ડોક જેવી નીકળે છે તેવી પાછી અંદર જાય છે તેમ દુષ્ટો પોતાનું બોલેલ વચન પાળતા નથી.) ૨

## गुणो गुप्तोऽपि सुप्रसिद्धः

( ગુણ ગુપ્ત રહી શકતો નથી. )

### સજ્જન સર્વત્ર પ્રસિદ્ધ છે.

आर्या.

यद्यपि खदिरारण्ये, गुप्तो वसते हि चम्पको वृक्षः ।
तदपि च परिमलमतुलं, दिशि दिशि कथयेत्समीरणस्तस्य ॥ १ ॥

* ૧-૨ સુભાષિત રત્નભાંડાગાર.

જો ચંપકનું ઝાડ કદાચ ખેરના જંગલમાં ગુપ્ત રીતે ઉગ્યું હોય તો પણ પવન સર્વ દિશામાં તેમની સુગંધી પ્રસારી ને પ્રસિદ્ધ કરે છે. ૧ *

## ઉકત બાબતનું ગુર્જર કવિતાથી સમર્થન કરે છે.

**મનહર.**

તારાકી જોતમેં ચંદ્ર છુપે નહિ, સુર છુપે નહિ બાદલ છાયા;
રીડ પડે રજપૂત છુપે નહિ, દાતા છુપે નહિ માગન આયા;
ચંચલ નારીકો નેન છુપે નહિ, પ્રીત છુપે નહિ પીઠ દિખાયા;
ગંગ કહે સુણ શાહ અકબર, (પણ) કર્મ છૂપે નહિ ભભુત લગાયા. ૨

---

**गुणैः पूज्यं न जन्मना.**

( વસ્તુ ગુણોવડે પૂજાય છે, પણ જન્મથી નહીં. )

## રાજ માન્યાદિ કારણથી જ્યેષ્ઠતા.

**अनुष्टुप्** ( ૧ થી ૯ )

राजमान्यो धनाढ्यश्च, विद्यावाँस्तपसान्वितः ।
रणे शूरश्च दाता च, कनिष्ठो ज्येष्ठ उच्यते ॥ १ ॥

રાજાઓની પાસે માન પામેલ, ધનાઢ્ય, વિદ્વાન્, તપસ્વી, રણસંગ્રામમાં શૂરવીર અને દાતા આ મનુષ્ય ઉમરે ન્હાનો હોય તો પણ તે જ્યેષ્ઠ ( મ્હોટો ) કહેવાય છે. ૧

## સર્વત્ર ગુણો પૂજાય છે.

गुणाः सर्वत्र पूज्यन्ते, पितृवंशो निरर्थकः ।
वासुदेवं नमस्यन्ति, वसुदेवं न ते जनाः ॥ २ ॥

ગુણો ( ગુણવાળા માણસો ) ની પૂજા કરવામાં આવે છે પણ ( ગુણ રહિત ) બાપના વંશની પૂજા કરવામાં આવતી નથી માટે તે નિરર્થક છે કારણ કે જે મનુષ્યો વાસુદેવને નમન કરે છે તે માણસો કાંઈ વસુદેવને નમન કરતા નથી. ૨ †

---

* સુભાષિતરત્ન ભાંડાગાર.

† ૨ થી ૫. સુભાષિતરત્ન ભાંડાગર

## ગુણથી જ્યેષ્ઠપણું છે.

न हि जन्मनि ज्येष्ठत्वं, ज्येष्ठत्वं गुण उच्यते ।
गुणाद्गुरुत्वमायाति, दधि दुग्धं घृतं यथा ॥ ३ ॥

નક્કી જન્મમાં (એટલે પ્રથમ જન્મ થવામાં) મ્હોટાપણું નથી પરંતુ ગુણ તે જ મ્હોટાપણું છે, કારણ કે ઉત્તરોત્તર ગુણ સંપાદન કરવાથી દુધ, દહિં, ઘૃત (ઘી) મ્હોટાઇને પ્રાપ્ત કરે છે. ૩

## ગુણમાં કુળનું કારણ નથી

किं कुलेनोपदिष्टेन, शीलमेवात्र कारणम् ।
भवन्ति सुतरां स्फीताः, सुक्षेत्रे कण्टकिद्रुमाः ॥ ४ ॥

ઉપદેશવાળું (સુશોભિત) કુળ હોય તેથી શું ? અહીં તો માત્ર સ્વભાવ એજ મુખ્ય બાબત છે, કારણ કે સારા ખેતરમાં (દુઃખ આપનારાં) કાંટાવાળાં વૃક્ષો (બોરડી વિગેરે) ઘણાં ઉત્પન્ન થાય છે. અર્થાત્ સારા કુળમાં દુષ્ટ મનુષ્યો પણ ઉત્પન્ન થાય છે એ, ભાવ સમજવો ૪ તથા—

किं कुलेन विशालेन, शीलमेवात्र कारणम् ।
कृमयः किं न जायन्ते, कुसुमेषु सुगन्धिषु ॥ ५ ॥

પ્રખ્યાત કુળથી શું (ફાયદા) છે ? જે વિનયી તે મનુષ્ય સારો. કારણ કે સુગંધીવાળા પુષ્પોમાં શું જંતુઓ ઉત્પન્ન નથી થતા ? અર્થાત્ સારા કુળમાં દુર્જન પણ થાય છે. ૫ તે પ્રમાણે—

यस्य तस्य प्रसूतोऽत्र, गुणवान्पूज्यते नरः ।
सुवंशोऽपि धनुर्दण्डो, निर्गुणः किं करिष्यति ॥ ६ ॥

અહિં ગમે તે મનુષ્યને ત્યાં જન્મેલો પુરૂષ ગુણવાન્ હોય તો તે પૂજાય છે ધનુષ્નો દંડ સારા વંશ (ઉત્તમ વાંસડાના વંશ) માં ઉત્પન્ન થયેલ છે. પરંતુ જો તે ગુણ (દોરી–પ્રત્યંચા) રહિત હોય તો શું કરી શકે ? અર્થાત્ કાંઇ પણ કરી શકે નહિં ૬ તથા—

विशिष्टकुलजातोऽपि, यः खलः खल एव सः ।
चन्दनादपि सम्भूतो, दहत्येव हुताशनः ॥ ७ ॥

ઉત્તમ કુળમાં જન્મ્યો હોય તો પણ જે ખળ છે તે તો ખળ જ રહે છે ચન્દનના વૃક્ષમાંથી પણ ઉત્પન્ન થયેલો અગ્નિ (પદાર્થને) બાળીને ભસ્મ જ કરે છે એટલે જન્મસ્થાન તે ગુણનું કારણ નથી એવો ભાવ છે. ૭ વળી—

गुणानर्चन्ति जन्तूनां, जातिं केवलां कचित् ।
स्फाटिकं भाजनं भग्नं, काकिन्यापि न गृह्यते ॥ ८ ॥

લોકો પ્રાણીઓના ગુણોને પૂજે છે કેવળ જાતીને પૂજતા નથી. સ્ફટિકના ભાંગી ગયેલા વાસણની કાકિની ( વીશ કોડીની કીંમત ) પણ કોઇ આપતું નથી તેમજ ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયો હોય, પણ ગુણહીન હોય તો ક્યાંથી પૂજાય ? ૮ તેમજ—

गौरवाय गुणा एव, न तु ज्ञातेयडम्बरः ।
वानेयं गृह्यते पुष्पमङ्गजस्त्यज्यते मलः ॥ ९ ॥

ગૌરવ ( મ્હોટાઇ ) માટે ગુણોજ છે, જ્ઞાતિ ( નાત ) નો આડંબર મ્હોટાઈ માટે નથી. કારણ કે વનમાં ઉત્પન્ન થયેલું પુષ્પ મનુષ્યોથી ગ્રહણ કરાય છે અને અંગમાં ઉત્પન્ન થયેલો મૂત્રાદિ મલ તજી દેવાય છે ૯ * તે પ્રમાણે—

## आर्या. ( १०-११ )

पङ्कान्वयमपि सरसिजमधिरोहति देवदेवमूर्धानम् ।
पश्यत गुणमहिमानं, चरणादपि मृज्यते पङ्कः ॥ १० ॥

( હે સજ્જનો ! ) તમે ગુણનો મહિમા જુઓ, કમળ પંક ( કાદવ )ના વશંમાં જન્મ્યું છે તોપણ ( તે ગુણી છે માટે ) દેવોના દેવ એવા ભગવાનના મસ્તક ઉપર ચડે છે અને પંક પગથી કચરાય છે. ૧૦ તથા—

गुणहीणा जेपुरिसा कुलस्स गवं वहन्ति ते मूढा ।
वंसूप्पन्नोवि धणू गुणहीणे नत्थि टङ्कारो ॥ ११ ॥

સારા કુળમાં ઉત્પન્ન થયા, તોપણ પોતાનામાં ગુણો નહીં છતાં, જે પુરૂષો પોતાનું કુળ ઉંચું છે એવું જે અભિમાન રાખે છે, તે મૂર્ખાઓ છે; કારણ કે સારા વાંસડામાંથી ઉત્પન્ન થયેલ ધનુષ્ય જો ગુણ ( પ્રત્યંચા ) રહિત હોય તો ટંકાર ( બાણ ફેંકવા ) ને યોગ્ય નથી. ૧૧ વળી—

## वसन्ततिलका.

किं जन्मना च महता पितृपौरुषेण, शक्त्या हि याति निजया पुरुषःप्रतिष्ठाम् ।
कुम्भा न कूपमपि शोषयितुं समर्थाः, कुम्भोद्भवेन मुनिनाम्बुधिरेव पीतः ॥ १२ ॥

* ૯ થી ૧૧ સૂક્તિમુક્તાવલી

કોઇ મનુષ્ય પોતાના કુળની પ્રખ્યાતિથી કે પિતાના પુરૂષાર્થથી કાંઇ પ્રસિદ્ધિ મેળવતો નથી, પણ પોતાની શક્તિને લીધે જ પ્રસિદ્ધિ મેળવે છે, જેમકે ઘડાઓ, એક કૂવાના પાણીને પણ શોષણ કરવાને સમર્થ નથી પણ તે ઘડામાંથી ઉત્પન્ન થયેલા અગસ્ત્ય મુનિએ બધા સમુદ્રનું પાન કર્યું. ૧૨ * તે પ્રમાણે—

## मन्दाक्रान्ता.

जन्मस्थानं न खलु विमलं वर्णनीयो न वर्णो,
दूरे पुंसां वपुषि रचना* पङ्कशङ्कां करोति ।
यद्यप्येवं सकलसुरभिद्रव्यगर्वापहारी,
को जानीते परिमलगुणः कोऽपि कस्तूरिकायाः ॥ १३ ॥

કસ્તૂરિનું જન્મસ્થાન સ્વચ્છ નથી; (ચામડાના ગોટામાં ઉત્પન્ન થાય છે) તેનો વર્ણ (રંગ) વખાણવા યોગ્ય નથી; (કાળો છે) તેને વેગળેથી જેવામાં આવે તો તેની રચના એવી દેખાય છે કે મનુષ્યના અંતઃકરણમાં કાદવની શંકા ઉત્પન્ન થાય છે; † જો કે એમ છે તોપણ સર્વ પ્રકારનાં સુગંધમય દ્રવ્યોના ગર્વને ત્રોડનાર એવો જે તેનો પરિમલનો ગુણ તેને કોઇ કોઇ મનુષ્ય જાણે છે. ૧૩

## ગુણહીન કુળમાં જન્મ્યા છતાં ગુણો જ ગુણી જનને પ્રસિદ્ધ કરે છે.

## शार्दूलविक्रीडित.

कौशेयं कृमिजं सुवर्णमुपलादिन्दीवरं गोमयात्,
पङ्कात्ताम्ररसं शशाङ्क उदधेर्गोपित्ततो रोचना ।
काष्ठादग्निरहेः फणादपि मणिर्दूर्वापि गोरोमतः,
प्राकाश्यं स्वगुणोदयेन गुणिनो यास्यन्ति किं जन्मना ॥ १४ ॥

કૌશેય (રેશમ) છે તે કૃમિથી ઉત્પન્ન થાય છે. અને સુવર્ણ પાષાણમાંથી ઉત્પન્ન થયેલ છે. નીલ કમલ, ગોમયથી (છાણમાંથી) ઉત્પન્ન થયેલ છે, રક્તકમલ કાદવથી, ચંદ્રમા સમુદ્રમાંથી, ગોપિત્તથી (ગાયના પિત્તથી) ગોરોચન, કાષ્ઠથી અગ્નિ, સર્પની ફેણથી મણિ, અને ગાયના રોમથી દૂર્વા (ધરો) ઉત્પન્ન થાય છે. એવી રીતે આ ચીજો નીચસ્થાનથી ઉત્પન્ન થયેલી છે, તોપણ તે

* ૧૨ થી ૧૪ સુભાષિત રત્ન ભાંડાગાર.

* निहिता એવો પણ પાઠ સુક્તિ મુક્તાવળીમાં છે.

†અથવા શરીર ઉપર લેપ કર્યો હોય તો કાદવ ભાસે છે.

સર્વે ઉત્તમ છે, તેજ રીતે ગુણી માણસો પણ પોતાના ગુણો વડે જ પ્રકાશી નીકળશે તેમાં જન્મથી શું છે? અર્થાત્ સારા કુળમાં જન્મ્યો હોય અને ગુણ બીલકુલ હોય નહિં તો તે સારા કુળમાં જન્મવાનું ફળ શું? ૧૪

## गुणो गुणान्तरापेक्षी.

( ગુણને ગુણાન્તરની અપેક્ષા છે. )

### अनुष्टुप्. (૧-૨)

गुणो गुणान्तरापेक्षी, स्वरूपख्यातिहेतवे ।
स्वभावरम्यं लावण्यं, तारूण्येन मनोहरम् ॥ १ ॥

પોતાના સ્વરૂપની સ્તુતિ થવા માટે એક ગુણ બીજા ગુણની ઇચ્છા રાખે છે. રૂપ સ્વભાવથી જ સારૂં હોય, પરંતુ યુવાવસ્થા વડે ઘણું સુંદર દેખાય છે. ૧ ‡ તથા—

गुणैस्सर्वज्ञकल्पोऽपि, सीदत्येको निराश्रयः ।
अनर्घमपि माणिक्यं, हेमाश्रयमपेक्षते ॥ २ ॥

ગુણો વડે સર્વજ્ઞ તુલ્ય હોય તોપણ આશ્રય વિનાનો એકલો દુઃખ પામે છે અતિ કિંમતી (અમૂલ્ય) માણેક છે, તે પણ સુવર્ણના આશ્રય વિના શોભતું નથી. ૨

### ગુણી પરસ્પર ગુણવાન્‌ની અપેક્ષા રાખે છે.

### *तोटकछन्द.

मणिना वलयं वलयेन मणिर्मणिना वलयेन विभाति करः,
कविना च विभुर्विभुना च कविः, कविना विभुना च विभाति सभा ।
शशिना च निशा निशया च शशी, शशिना निशया च विभाति नभः,
पयसा कमलं कमलेन पयः, पयसा कमलेन विभाति सरः ॥ ३ ॥

મણિ વડે કંકણ શોભે છે અને કંકણ વડે મણિ શોભે છે, તથા મણિ અને કંકણ એ બેઉ વડે હાથ શોભે છે. કવિથી રાજા શોભે છે, રાજાથી કવિ શોભે છે અને

‡ ૧ થી ૩ સુભાષિત રત્ન ભાંડાગાર.

* "वद तोटकमब्धिसकारयुतम्" ચાર સ ગણવાળું બાર અક્ષરનું એક ચરણ થાય છે, તેવાં ચાર ચરણ મળી તોટક છંદ કહેવાય છે.

તથા—

पश्य सत्सङ्गमाहात्म्यं, स्पर्शपाषाणयोगतः ।
लोहं स्वर्णं भवेत्स्वर्णयोगात्काचो मणीयते ॥ ११ ॥

કે હે ભાઇ! તું સત્સંગનું મહાત્મ્ય જો, (કારણકે) સ્પર્શ પાષાણ (પારસમણિ) ના યોગથી લોઢું સોનું થઇ જાય છે. અને સોનાના સંયોગથી કાચ મણિ તુલ્ય દેખાય છે. ૧૧

## સત્‌ના આશ્રિતને થતું ફળ.

महिमानं महीयांसं, सङ्गः सूते महात्मनां ।
मन्दाकिनी मृदो वन्द्यास्त्रिवेदीवेदिनामपि ॥ १२ ॥

મહાત્મા પુરૂષોનો સંગ મહાન્ મહિમાને પ્રગટ કરે છે, કારણ કે મન્દાકીની (ગંગા) ની માટી (ઋગ્, યજુઃ, સામ) એમ ત્રણ વેદને જાણનારા પુરૂષોને પણ વન્દન કરવા યોગ્ય છે. એટલે ગંગાજીના સંગમથી માટીનું એટલું મહાત્મ્ય વધી જાય છે. ૧૨

---

ત્યાંથી આગળ ચાલી વિચાર કર્યો કે—મારા પિતાની શિખામણથી વિરૂદ્ધ કાર્ય કરવાનું ફળ તો નજરે જોયું. પણ હવે તેની શિખામણ પ્રમાણે ચાલી તેનું ફળ દેખું એમ વિચાર કરી એક શહેરમાં જઇ પહોંચ્યો, ત્યાં હેમરથ નામનો રાજા રાજ્ય કરતો હતો, અને તેના પુત્રનું નામ "ગુણસુન્દર" હતું, તેની મિત્રતા બાંધી એમ કેટલોક વખત જતાં હેમરથ રાજા મરણ શરણ થયો અને ગુણસુન્દર કુમાર રાજાધિરાજ થયો ત્યારે તેણે પોતાના રાજ્યનું પ્રધાનપદ પ્રભાકરને આપ્યું તેથી પ્રભાકર આનન્દમાં આવી ગયો. અને એક ગુણાઢ્ય નામના શેઠની મિત્રતા બાંધી તથા સુન્દર સ્વભાવની "સુશીલા" નામની બ્રાહ્મણ જાતિની ઉત્તમ કન્યાને પરણ્યો, એક દિવસ ઘોડાની હોડ થવાથી પ્રધાન તથા રાજા વગેરે તમામ ઘોડેસ્વાર થઇ ગામની બહાર નીકળ્યા તેમાં પ્રધાન તથા રાજાના ઘોડા એવા મસ્ત હતા કે—એક વખત કશા (કોરડા) નો પ્રહાર થતાં આકાશમાં ઉડતા હોય તેમ ભૂમિને માપીને ઘોર અરણ્યમાં ચાલ્યા ગયા, દરમ્યાન ઘોડા કુદતા હતા, તેમાં પ્રભાકર પ્રધાને એક આંબળાના વૃક્ષમાંથી ૩ આંબળા લઇ પોતાના ખીસામાં નાંખ્યાં હતાં. હવે રાજા તથા પ્રધાન નિર્મનુજ પાણી વગરના વનમાં ચાલ્યા ગયા તેમાં વૈશાખ માસના તડકાનો અસહ્ય તાપ પડવાથી રાજાનું મ્હોઢું સુકાવા માંડયું અને પરિણામે મૂર્છા ખાઇ તરસને લીધે રાજા પૃથ્વીમાં પડી ગયો, તેને જોઇ પ્રધાને એક આંબળાનું ચૂર્ણ કરી તેના મુખમાં નાંખ્યું તેથી રાજાને શુદ્ધિ આવી. એમ એક વખત મૂર્છા વળતાં ક્ષણમાં બીજી ત્રીજી વખત મૂર્છા આવી તે વખતે પ્રધાને બીજું ત્રીજું એમ આંબળાઓનું ચૂર્ણ તેના મુખમાં નાંખ્યું અને રાજાની મૂર્છા ઉતરી ગઇ દરમ્યાન એક કલાક જેટલો સમય થવાથી પછવાડેથી રાજાનું લશ્કર આવી પહોંચ્યું તેની પાસે ઘણું અન્ન તથા પાણી હતું તેથી રાજાને કોઇ પણ પ્રકારની હરકત આવી નહિ. આવી રીતે ઘણી વખત રાજાને પ્રસન્ન કરવાથી આપણી વાર્તાનો નાયક પ્રભાકર (પ્રધાન) મહાન્ થઇ ગયો એટલે તેણે રાજાની દયાથી પોતાના ઘણા લાગતા વળગતાઓને ધનાઢ્ય કરી દીધા આમ ચાલતું હતું તેમાં પિતાના વચનની પરીક્ષા કરવા સારૂ તેણે એક દિવસ રાજાના એકના એક પ્યારા પાંચ

## સાધુનો સંગમ સર્વથી શીતલ છે.

चन्दनं शीतलं लोके, चन्दनापि चन्द्रमाः ।
चन्द्रचन्दनयोर्मध्ये, शीतलः साधुसङ्गमः ॥ १३ ॥

આ જગતમાં ચંદન શીતળ છે, ચંદનથી ચંદ્રમા શીતળ છે અને ચંદન તથા ચંદ્ર એ બન્નેથી સત્પુરૂષનો સમાગમ શીતલ છે. ૧૩

## ગુણની મહત્તા.

### आर्या.

वंशभवो गुणवानपि, सङ्गविशेषण पूज्यते पुरुषः ।
न हि तुम्बीफलविकलो, वीणादण्डः प्रयाति महिमानम् ॥ १४ ॥

સારા વંશમાં ઉત્પન્ન થયેલ ગુણવાન્ પુરૂષ પણ સંગને લીધે પૂજાય છે. ( ખરાબ સંગ થવાથી તેમની કોઈ પણ ગણના કરતું નથી ) જેમ સારા વંશ ( વાં-

---

વર્ષનાં પુત્રનું હરણકરી પોતાના ઘરમાં સંતાડી દીધો. હવે રાજાને જમવાનો વખત થતાં રાજાએ પુત્રને યાદ કર્યો તેથી રાજાના અનુચરો તે કુમારને શોધવા મંડ્યા તેઓને એમ પત્તો લાગ્યો કે—કુમારને દીવાન લઇ ગયા છે, તેથી તેઓ દીવાનને ત્યાં જઇ રાજપુત્રની ખબર પૂછવા લાગ્યા પણ તે વખતે જાણે પોતે ગુન્હો કર્યો હોય તેમ જણાવી પ્રભાકરભાઈ ઘરમાં પેશી ગયો ને પોતાની સ્રીની પાસે રાંક સમાન થઇ બેશી રહ્યો, તેથી સ્રીએ કહ્યું કે કાંઈ હરકત નહિ મારા પ્રાણ જાય તો ભલે પણ હું તમારા પ્રાણ બચાવીશ એમ કહી તે સ્રી, રાજા પાસે ગઇ ને કહેવા માંડી કે રાજાજી હુંજ તમારા પુત્રને મારવા વાળી છું માટે મને શિક્ષા કરો—આમ જ્યાં સ્રી કહી રહી છે તેટલામાં પ્રભાકરના મિત્ર ગુણાઢ્યને ખબર પડવાથી તે પોતાનું સર્વસ્વ ધન લઇ હાજર થઇ રાજાને કહેવા લાગ્યો કે મને મારી નાંખો અને આ બધું મારૂ ધન લુંટી લ્યો મેં તમારા પુત્રને માર્યો છે—તે વખતે સીપાઇઓએ પકડીને એક તરફ બેસાડેલ પ્રભાકર બોલ્યો કે હે રાજાજી ! મારી સ્રી તથા મારો મિત્ર ગુણાઢ્ય મને બચાવવા ખાતર પોતાના પ્રાણ આપવા તૈયાર થયા છે પરંતુ કુંવરને મારનાર હું છું માટે મારામાટે જે શિક્ષા યોગ્ય લાગે તે ફરમાવો. તે સાંભળી રાજા વિચારમાં પડી ગયો કે—આમાં કોને શિક્ષા કરવી ? છેવટ એમ નક્કી થયું કે પ્રભાકર ( દીવાન )જ ગુન્હેગાર છે. ત્યારે વિચાર થયો કે ગમે તેમ હો પણ આ પ્રધાન મારા જીવનને આપનાર છે, તેથી તેને કેમ મારી શકાય ?' એમ વિચાર કરી રાજા બોલ્યો કે હે પ્રધાનજી ! ભલે તમે કુંવરને માર્યો હોય તોપણ તમોને હું શિક્ષા કરતો નથી પરંતુ તમે મને તરસથી મારો જીવ જવાના પ્રસંગમાં ત્રણ આમળાં તમે ખવરાવ્યાં હતાં તેમાંથી એક આંબળાનો ઉપકાર રદ કરૂં છું અને હજી બે આંબળાંનો ઉપકાર જમા રાખું છું. એમ કહિ પ્રભાકરને બન્ધનમાંથી મુક્ત કરાવ્યો. ત્યારે પ્રભાકરે કુમારને લાવી અર્પણ કર્યો અને પોતાની જન્મથી માંડી સર્વ વાર્તા રાજાને કહી, સ્નેહથી તેની સાથે આનંન્દ કરવા લાગ્યો એટલે સત્સંગનો પ્રભાવ એટલો મહાન્ છે કે ત્રણ શિખામણના શબ્દો પ્રભાકરને મહાન્ સંકટમાંથી બચવાના સાધનરૂપ થયા.

## ઇન્દ્રિયોને આધીન રહેનાર સાધુનું સ્થાન.

किमरण्यैरदान्तस्य ह्यदान्तस्य किमाश्रमैः ।
यत्र तत्र वसेद्दान्तस्तदरण्यन्तदाश्रमम् ॥ ३ ॥

અદાન્ત ( જેણે પોતાની ઇન્દ્રિઓને આધીન નથી કરી તેવા સાધુ )ને વનોથી (વનવાસોથી) શું ? આશ્રમોથી શું ? ( પરંતુ ) જ્યાં જ્યાં દાન્ત સાધુ રહે તે વન ને તે આશ્રમ છે ૩

## દુરાચારી સાધુ માટે દૂર રહેતી શુદ્ધિ.

मृदो भारसहस्रेण, जलकुम्भशतेन च ।
न शुध्यति दुराचारस्तीर्थस्नानशतैरपि ॥ ४ ॥

માટીના હજાર ભારથી ( શરીર ઉપર ઘણી માટી ચોપડવાથી ) અને જળના સો ઘડાથી અને તીર્થોમાં સેંકડો વખત નાવાથી પણ પુરૂષ શુદ્ધ થતો નથી. ૪ તથા—

चित्तमन्तर्गतन्दुष्टं, तीर्थस्नानैर्न शुध्यति ।
शतशोऽपि जलैर्धौतं, सुराभाण्डमिवाशुचि ॥ ५ ॥

અંદરનું દુષ્ટ ચિત્ત તીર્થના સ્નાનોથી શુદ્ધ થતું નથી. જેમ સેંકડોવાર જળથી ધોયેલું મદિરાનું પાત્ર અપવિત્ર જ છે. ૫

## અપવિત્ર પુરૂષ માટે તીર્થ સ્થળમાં કિંમત.

कामरागमदोन्मत्ता ये च स्त्रीवशवर्तिनः ।
न ते जलेन शुध्यन्ति, स्नानैस्तीर्थशतैरपि ॥ ६ ॥

કામ ( અનેક પ્રકારની વિષય ભોગની ઇચ્છાઓ ) રાગ ( સંસાર સંબંધી સ્નેહ ) અને ( ધન, વિદ્યા, કુળ આદિના ) મદથી મત્ત થયેલા અને જેઓ સ્ત્રીઓને આધીન છે તે મનુષ્યો જળથી, સેંકડો તીર્થોમાં ન્હાવાથી પણ શુદ્ધ થતા નથી. ૬

## પવિત્ર સ્થળોમાં દુર્ગુણીનો તિરસ્કાર.

चित्तं रागादिभिः क्लिष्टमलीकवचनैर्मुखम् ।
जीवघातादिभिः कायस्तस्य गङ्गा पराङ्मुखी ॥ ७ ॥

જેનું ચિત્ત રાગ ( સંસારાસક્તિ ) વિગેરેથી કલેશ પામેલ છે, મ્હોડું અસત્ય વચનોથી ક્લિષ્ટ થયેલ છે, ( અને ) જીવહિંસા વિગેરેથી શરીર ક્લિષ્ટ થયેલ છે, તેને ( તેવા પુરૂષથી ) ગંગા વિમુખ થાય છે. ૭

## અનાચારી ગુરૂના ઉપદેશનું નિષ્ફળપણું.

सर्वाभिलाषिणस्सर्वभोजिनः सपरिग्रहाः ।
अब्रह्मचारिणो मिथ्योपदेशा गुरवो मताः ॥ ८ ॥

સર્વ પદાર્થોની ઈચ્છા રાખનારા, સર્વ ભક્ષી, ધનાદિ પરિગ્રહવાળા, બ્રહ્મચર્ય હીન ગુરૂઓ, મિથ્યા ઉપદેશવાળા મનાયેલા છે ( અથાત્ તેઓનો ઉપદેશ વૃથા છે. ) ૮

## માત્ર નામધારી સાધુઓને નમવાની મના.

### आर्या (૯ થી ૧૪)

वन्दामि तवं तहसंज, मंच खन्तीय बम्भचेरञ्च ।
जंजीवाण नहिंसा जञ्च नियत्ता गिहावासा ॥ ए ॥

જેઓમાં તપ તેમજ સંયમ, ક્ષમા, બ્રહ્મચર્ય, શાન્તિ, પ્રાણી માત્રની અહિંસા અને અનિયત ગૃહવાસ એક આશ્રમ–મઠમાં નિત્ય ન રહેવું તે ઈત્યાદિ શુભ ગુણો છે તેઓને હું નમન કરૂં છું ૯

## વંદનીય ગુણ છે કે વેશ ?

ज इते लिङ्गपमाणं वन्दाहीं निन्हए तुमं सव्वे ।
एए अवन्दमाणस्स लिङ्गमत्ति अप्पमाणंते ॥१० ॥

જો લિંગ માત્ર વન્દનીય હોય તો એટલે કે યતિનો વેષ ધારણ કરવાથી વન્દનીય ઠરતા હોય તો ધૂર્તો–નિન્હવો પણ વન્દનાને પાત્ર થાય છે, માટે કેવળ બાહ્ય ચિન્હધારી વન્દનાને પાત્ર નથી; કારણકે એ પોતેજ અપ્રમાણ હોવાથી તેનો વેશ પણ અપ્રમાણ જ છે. ૧૦

## વિશેષ પ્રમાણો.

पासत्थाइं वन्दमाणस्स नेव किर्त्ती न निज्जरा होइ ।
कायकिलेसं एमेव कुणइ तह कम्मबन्ध ञ्च ॥ ११ ॥

પાસત્થાદિકને વંદના કરતાં યશકીર્તિ અથવા નિર્જરા કંઈ પણ થાય નહિ માત્ર કાયકલેશ તથા નવાં કર્મ બંધાય છે પણ લાભ થતો નથી. ૧૧ *

વળી કહ્યું છે કે—

असुइठाणे पडिया चम्पगमाला न कीरई सीसे ।
पासत्थाइठाणेसु वट्टमाणा तह अपुज्जा ॥ १२ ॥

* ૧૧ થી ૧૬ સંઘપટ્ટકની ટીકાના.

## ચોપાઇ

શાંતિનાથ તુમ શાંતિ કરે, ગોળ કપાશીયા મોંઘા કરે;
એતા માથે ચોટી ધરે, એતો જાય એતાને ઘરે. ૫૫

## ભજન

જિનકા વેશ લજાયા એ જિનવર રૂપ ન પાયા એ–જિનકા–ટેક.
ઘરકું છોડ કર શિર મુંડાયા બેઠા બનકે યોગી
યોગ માર્ગકા મર્મ ન જાના અંતરમેં હય ભોગી ૫૬
સંસારિક સબ કલેશ છોડ કેં ગચ્છ મમતા ઘર બેઠા
વાદ વિવાદે મસ્ત રહે નિત લડતા જૈસા ઘેટા—જિનકા૦ ૫૭
ક્રોધ કરીને જગમાં પોતે મુનિ નામને લજાવે રે
ભોળા જનને વેશ બતાવી કલેશ તણાં બી વાવે—જિનકા૦ ૫૮
કલેશોત્પાદક બોધ દેઇને મૂરખને ભરમાવે રે
પક્ષકાર થઇ દંભ વડે તે કટુ વાણીથી તપાવે—જિનકા૦ ૫૯

## મનહર

કૂલ્યો ફિરે ભૂલ્યો મોહ મદિરાકી છાક માંહિં
ધાર્યો નહિ આતમ અધ્યાતમ વિચારકું
પંડીત કહાયો બહુ ગ્રંથ પઢિ આયો નાંહિં
સાચો ભેદ પાયો ધાયો વિષય વિચારકું
પ્રભુતાઇ ધારે નવિ પ્રભુકો સંભારે મુખ
જ્ઞાનતો ઉચારે નવિ મારે સોમનાર કું
ખોટો ઉપદેશ દેવે અતિ અનાચાર સેવે
તેતો નહિં પાવૈ ભવ ઉદધિ કે પારકું ૬૦

બગ ધરે ધ્યાન શુક કથે મુખ જ્ઞાન મચ્છ
કચ્છ અસનાન પયપાન શિશુ જાણિયે
ખર અંગ છાર ધાર ફણિપોનકો આહાર
દીપ શીખા અંગ જાર પતંગ પિછાણિએ
ભેડ મૂળ ચાવે લઠા પશુ અન પઠા અરૂ
જટા ધારવે કે રૂખ વૃક્ષ જું બખાણિએ
આસન ઉંઘેતો રહે ગિદ્રી સદા કાલ તાકિ
ઇત્યાદિક કરણી ન ગિણતિમેં આણિએ. ૬૧

કરે રોજ સેવા ઠગી દ્રવ્ય લેવા, હિયે નીચ હેવા છલે ટોકરીમેં;
કહો કોન કાજે ધર્યા ભેખ ભુંડું, રહ્યા દાબ ડુબ્યા લજા લોકરિમેં;
કછુ સંતકી ટેલ તો નાહિ કરે, રહે હાજર રાંડકી નોકરીમેં;
બ્રહ્માનંદ કહે રિઝે રામ કેસે, તેરા ચિત્ત તો છોકરા છોકરીમેં. ૭૨

સંત ભેખ ધર્યા અરૂ દ્વેષ ધરે, જન લેશ વિચાર ન જોવતા હે;
ઘટ ભિંતર તો અતિ મેલ ભર્યા, અરૂ બાહેર તનકું ધોવતા હે;
તેરે અંતર જાલ જપિ નહિ રામકી, રામાકી કેલિયે રોવતા હે;
બ્રહ્માનંદ કે માંહિસેં મન મુંડે વિન, મુંડ મુંડે કહા હોવતા હે. ૭૩

લડુ ખાંડહુકા ચૈયે લાલજીકું, ગુડ ઓત ગરમ જનાવતા હે;
ઘોઈ મિસરીકા બાલ ભોગ ચહે, દુધ ભેંસહુકા ઘના ભાવતા હે;
ચૈયે ભાંગ ગાંજા મેરે લાલજીકું, ભાજિ તાજીયાં ભોગ લગાવતા હે.
બ્રહ્માનંદ કહે ઠગિલેત પેસા, એસા લોકકું જ્ઞાન બતાવતા હે. ૭૪

કહે બાઇયાં કું ધન તન હુંસે, સદા ચાકરી સંતકી કિજિયોજી;
કોઇ આઇ કહે રામ આજ મિલ, એસી બાતકું નાંહિ પતી જિયોજી;
અછે ભોગ ધરો મેરે લાલજીકું, ઘોઇ શાલીગરામકું પીજિયોજી;
બ્રહ્માનંદ કહે ખબડદાર રેના, દેના હોય સો હમકું દીજિયોજી. ૭૫

અયા મુંડ મુંડાઈ કે હોઇ સાધુ, જગે બાંધકે માંગકિ લાવતા હે;
રાંઠ મુંડિયાં દ્વારસે માર કાઢે, ખુબ રડિયાં દેખ ખિલાવતા હે;
નખ શિખ ભર્યા તન ધાઇયામેં, તાના માંઝા સાથ મિલાવતા હે;
બ્રહ્માનંદ કે માનમેં ટંટ રહ્યા, ઠાલા કાયકું ઘંટ હિલાવતા હે. ૭૬

માઇ દેખ તેરા યહ દેહ ખોટા, તાતે સંતકે કામ લગાવનાંજી;
સાધુ દ્વાર ખડે ગડે રામજકી, ખુબ માલ તાજા ખવરાવનાંજી;
ભિન ભાવ ન રાખિયે ભેખહુંસે, તાકિ સીત પ્રસાદી બી પાવનાંજી;
બ્રહ્માનંદ કહે કછુ મંત્ર કહે ગે, એકાંત આસનપે આવનાજી. ૭૭

સબી ઢોર ઢાંઢે મેરે રામજીકે, ભેંશ રામજીકી દુધ પાવનેકું;
સબે ખેત વાડી મેરે રામજીકી, ભાજિ શાક બિ ભોગ ધરાવનેકું;
દોય છોકરા છોકરિ રામજિકે, એક ટેલવી છાન ઉઠાવનેકું;
બ્રહ્માનંદ કહે રામકા નામ લેવે, સબે આપને કામ લગાવનેકું ૭૮

કરે એક ચેલી રખે આપ ભેલી, તાકિ બંદગી ઓત બખાનતા હે;
સદગ્રંથકિ રીત ન કાન ધરે, કરે વાદ ખોટા મત તાનતા હે;
કરે કુડ કપટ રૂ ઓરહુકા, ધન આપને મંદિર આનતા હે;
બ્રહ્માનંદ કે રામકી બાત નહિ, મનમાંઇ કિ જાતમેં માનતા હે. ૭૯

કહાવત વૈરાગી લુબ્ધા લાગી અંતર આગી ત્રિય રાગી,
જવાલા વિષ જાગી માયા પાગી અકલવે કાગી નિર્ભાગી;
બાંધત ઘર બાગી લજ્યા ત્યાગી ધન અરૂ ઢાંગી ધારંદા,
સદ્દગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબહંદા. ૮૮

ભક્તિએ ભગલા બાતન ફગલા અંતર દગલા વિષ ઢગલા,
દેખત ટગ ટગલા ડોલત નગલા થિર ઠવ પગલા જગઠગલા.
બહાર ગતિ બગલા અંતર ફગલા વાકા સંગલા છાંડંદા,
સદ્દગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબહંદા. ૮૯

ગલે ધારત માલા અંતર કાલા વિષે બિહાલા ચિત ચલા,
મજબુત મસાલા ત્રપત રસાલા ઠાકુર થાલા પંડ પાલા;
મનક્રોધ કરાલા જરત જંજાલા અંતર ઠાલા સુગુંદા,
સદ્દગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબહંદા. ૯૦

વૈરાગી ત્રંડી દેખત ભંડી આતમ ખંડી ક્રમ કંડી,
ઉર જડતા ઉંડી મમતા મંડી ટીલા ટુંડી પાખંડી;
રાખત ઘર રંડી સબવિધિ છંડી પથરા પિંડી પૂજંદા,
સદ્દગુરૂકા બંદા બ્રહ્માનંદા સત્ય કહંદા સબ હંદા. ૯૧

નાવત જલનીકા ધારત ટીકા ગલ કંઠીકા તુલસીકા,
અરૂ મિઠા જીયકા કપટી હિયકા નાહીનઠીકા મુરખીકા;
બાના હરજીકા વીકલ બિલીકા કિંકર ત્રિયકા વિષકંદા,
સદ્દગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબહંદા. ૯૨

ભેખનકે ધારિ સબમેં ખારિ અંતર ભારિ અહંકારિ,
બોલત મુખ ગારિ રાખત નારી માયા મારી વ્યાપારી;
જબ મંગલ કારિ ગુરૂ મિલ્યારી ભ્રમના ટારી જગ ફંદા,
સદ્દગુરૂકા બંદા બ્રહ્માનંદા સાચ કહંદા સબહંદા. ૯૩

## ચંદ્રવલા છંદ.

× ભગવું કરીને શ્વાન ભસાવે કાઢે સંતનો વેશ,
દમડા કારણ ઘેર ઘેર ડોલે રેણિ ન મલે લેશ;
રેણી ન મલે લેશ તે કહીયેં એવા સંતથી અલગા રૈયે,
કહે ગોવિંદરામ હરિ તેના સુપનામાં ન આવે;
ભગવું કરિને શ્વાન ભસાવે કાઢે સંતનો વેશ. ૯૪

× ગોવિંદરામ.

સાધુને કઇ ઉપમા આપવી તે ગંભીર પ્રશ્ન છે. સને ૧૯૧૧ "ગુજરાતી" પત્રમાં "સંદિગ્ધ સંસાર અથવા સાધુ કે શયતાન" નામક વાર્તામાં કેટલાક દાંભિક ધર્મ પ્રયોગોના સંબંધમાં લખે છે કે—

' हिन्दुस्तान के साधु ' ये हमारे आजके व्याख्यान का विषय है. आजकल हिन्दुस्तानमें साधुओंकी संख्या भयंकरतासे बढती जाती है, और उन्के निर्वाहकाभार स्वल्प आयवाले आरत भारत के गृहस्थ निवासीओं के सरपर पडनेसे दिन दिन भारतवर्ष अवनतिके समुद्रमें डूबता जाता है. कदाचित् यहां कोइ ए शंका उपस्थित करेगा के साधु तो संसार बंधनको तोडनेवाले और धर्मका मार्ग बतानेवाले है, वो अवनतिके कारण किस रीतिसे हो सकते हयें ? ये शंका यथार्थ है और मयेंभी कहता हुं के यदि साधु–सच्चा साधु, निःस्पृही और उद्योगी के कर्तव्यपरायण हो, तो वो अवश्य उन्नतिके शिखर उपरही ले जाता है. परंतु अयसे साधु बहोत कम मिल सकतें हयें. विशेषताः आजकलके साधु निरक्षर, जाहिल, और दुर्व्यसनी ही होते हयें. जो विद्वान् तथा प्रतिष्ठित हयें वो निज कर्त्तव्यको भुल मान, अभिमान, प्रतिष्ठा तथा वैभवविलासमें तल्लीन होकर, साधु नाम धारण करते हुवे बडे गृहस्थ बने बयठे हयें. अर्थात् भारतवर्ष के गृहस्थ इन साधुओंके पालनपोषण में जो धनका व्यय करते हयें उस्का बदला उन्हें कुछभी नही मिलता हय. देशमें उद्योगहीन और आलस्य भक्तोंकी संख्या बढने के कारण देश दिन प्रतिदिन दारिद्रय के अंधःकारसे गीरा जाता हय फिर कोइ ये कहेगा के भाइ ! साधुओंका सिवा रामनाम जपनेके और कर्त्तव्य ही क्या हय ? क्यों के संसार के कर्त्तव्योंको छोड करके वो साधु बने हैं–अगर कर्त्तव्य करना होता तो साधु क्यों बनतें ? ये कोटि ठीक नहीं हय. जो ये मानेंगे, तौ फिर जितने कर्त्तव्यहीन पुरुष हों, उन सबको साधुही मानना होगा. साधुसंसारके अश्लील प्रपंचोंको तो त्यागता हय, परंतु फिरभी उसका एक कर्त्तव्य अज्ञान प्रजाको सज्ञान बनानेका हय. बीमारोंकी सुश्रुषा करना और दुःखी मनुष्योंके मनका सींचन करना येभी साधुओंका परम कर्त्तव्य हय. परमार्थ साधु होनेके बदले वर्तमान कालमें साधु स्वार्थ साधु ही बने फिरते हयें, लक्ष्मीका तथा ललनाका लोभ रखते हयें, और खानपानकी वस्तुओंको स्वादसे चखतें हयें ! यही उन्का आजकल परम धर्म, परम कर्त्तव्य और जीवन हो रहा हय. मयेंने अयसे अनेक साधु देखे हयें के जो साधु के स्वरुपमें शयतान हयें–किसीने ठीक

વળી તેજ વાતમાં કેટલાક ધર્મના દાંભિક સ્વરૂપ બતાવતાં લખે છે કે. હવે આપણે વામાચારીઓના ધર્મ વિધિનું નિરીક્ષણ કરીશું. એ વામ માર્ગીઓની ધર્મ ક્રિયાઓ સાધારણ શાકતધર્મની ક્રિયાઓથી વિરૂદ્ધ છે અને વામીઓ તેમનો જાહેર રીતે સ્વીકાર કરે છે. તેઓ શિવની શક્તિ સ્વરૂપીણી દેવીનીજ પૂજા કરે છે; પરંતુ વિશેષતઃ એ છે કે, તેઓ પોતાની ઉપાસનામાં લક્ષ્મી, સરસ્વતી, માતૃ, નાયકા યોગીની, એટલુંજ નહી પણ અપવિત્ર યોનિ ડાકિની અને શાકિનીઓનો પણ સ્વીકાર કરે છે એઉપરાંત વામાચારીઓ અને દક્ષિણાચારીઓ ખાસ કરીને ભૈરવના રૂપમાં શિવની પણ ઉપાસના કરે છે. શિવ ઉભયમાર્ગીઓની ઉપાસનાઓનો એક સામાન્ય વિષય થઈ પડયો છે.

વામાચાર્યોની ધર્મક્રિયાનો પ્રકાર તંત્રોના એક ભાગમાંથી લેવામાં આવ્યો છે અને પંથ પરત્વે તે ધર્મક્રિયા વળી ઘણા ભાગોમાં વ્હેંચાઈ ગએલી છે, ઉપાસના તાત્કાલિક હેતુ પ્રમાણે ઉપાસ્ય શકિતના વિશિષ્ટ સ્વરૂપો નિયત કરેલાં છે; પરંતુ દેવીની કોઇ પણ સ્વરૂપમાં પૂજા કરતી વખતે પંચ મકાર અથવાતો એમાંના અમુક મકારોની યોજના તો અવશ્ય થવીજ જોઇએ, એવો સર્વ સાધારણ નિયમ છે. માંસ, મત્સ્ય, મદ્ય, મૈથુન અને મુદ્રા એ શકિત ધર્મના પંચમકાર. સર્વ શબ્દોનો પ્રારંભ 'મ' અક્ષરથી થતો હોવાથી મકાર કહેવાય છે. એ પૂજાનો અંત જેવી રીતે લાવવાનો હોય તેના પ્રમાણમાં તેવા મંત્રોનો ઉચ્ચાર કરવામાં આવે છે અને એ મંત્રોમાં બહુધા બીભત્સ અથવા અશ્લીલ અર્થો રહેલા હોય છે.

જ્યારે પૂજાનો અપવિત્ર આત્મા ( પિશાચો ) ઓ પર સત્તા મેળવવાનો અને તેમની સાથે વાતચીત કરવાનો ઉદ્દેશ હોય છે ત્યારે એક મડદું ( મનુષ્યનું મૃતશરીર ) અવશ્ય જોઇએ છે. ઉપાસક મધ્યરાત્રિના ભયંકર સમયે કબ્રસ્તાન, સ્મશાન અથવા તો વધસ્થાનમાં તે મૃત શરીરને લઇને એકલો જાય છે અને તે મડદાંપર બેસીને પિશાચોને જે કાંઇ નૈવેદ્ય આપવાનું હોય છે તે આપે છે. આ ક્રિયાને તે કોઇ પણ પ્રકારના ભય વિના પાર પાડી શકે છે તો ભૂત અને યોગિની આદિ પુરૂષ અને સ્ત્રી પિશાચાત્માઓ તેને વશ થઇ જાય છે—તેનાં ગુલામ થાય છે એમ માને છે.

એ અને ઉપાસનાના બીજા પ્રકારોમાં એકાંતની યોજના તો અવશ્ય કરવામાં આવે છે. એ ઉપાસના વેળાએ દેવીની પ્રતિ આકૃતિ અને સજીવ પ્રતિનિધિરૂપ એક સ્ત્રીની હાજરી તો અવશ્ય હોવીજ જોઇએ. જો વિધિ બહુધા સંમિશ્રત સમુદાયમાં કરવામાં આવે છે તો એ સમુદાયમાંના પુરૂષો ભૈરવો અને વીરો મનાય છે તથા સમુદાયમાંની સ્ત્રીઓ ભૈરવી કે નાયિકારૂપ લેખાય છે. મુખ્ય સ્ત્રી મદ્ય અને માંસ દેવીના પ્રસાદ તરીકે દેવીભકતોને વ્હેંચી આપે છે. કેટલાક મંત્રોનો ઉચ્ચાર કરવામાં આવે છે, અંગુલીવડે અશ્લીલ મુદ્રાઓનો વિધિ કરાય છે, બીજા પણ કેટલાક ભિન્નભિન્ન વિધિઓ કરવામાં આવે છે અને છેવટે એ સ્ત્રી પુરૂષ દેવીભકતોના

દાન દીધું કહેવાય છે. કારણ કે તેમની આજ્ઞાનો જે ભંગ કરવો, તે કદચ ધર્મ ગણાતો હોય તો તે ધર્મનો પરાળ (ફોતરા)ની માફક નકામો જાણીને તજી દેવો. ૭*

## આજ્ઞાભંગથી થતું ભવભ્રમણ.

भमिओभवोअणन्तो तुहआणा विरहिएहिंजीवेहिं ।
पुणभमियव्वो तेहिं, जेहिं नंगीकया आणा ॥ ८ ॥

હે ભગવાન, જે જીવો આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તે જીવો આ સંસારમાં વારંવાર ગોથાં ખાય છે, એટલુંજ નહિં પણ હે ભગવાન્, જે પ્રાણીઓ તમારી આજ્ઞા ફરી સ્વીકારશે નહિ, તે પ્રાણીઓ આ સંસારમાં ભટકયા કરશે. ૮

## આજ્ઞા ભંગ થનારની ત્રણે લોકમાં સ્થિતિ.

जो न कुणइ तुहआणं, सो आणं कुणइ तिहुअणजणस्स ।
जोपुणकुणइ जिणाणं, तस्साणा तिहुवणेचेन ॥ ९ ॥

હે ભગવાન્, જે મનુષ્ય તમારી આજ્ઞા પાળે નહિ તો તે માણસને ત્રણ લોકની આજ્ઞા પાળવી પડે છે (સર્વત્ર ઠોકર ખાવી પડે છે) જે મનુષ્ય જિનેશ્વર ભગવાનની આજ્ઞા સ્વીકારે, તો તેમની આજ્ઞા ત્રણ લોક ઉઠાવે છે.

(અર્થાત ભગવાન્‌ની આજ્ઞા સેવનાર ભગવાન્ તુલ્ય બને છે તેથી તેમની આજ્ઞા ત્રણ લોક સેવે, એ સ્વાભાવિક સિદ્ધ છે.) માટે ભગવાન્‌નો જે જે ઉપદેશ હોય તે તે સર્વ મનુષ્યે ગ્રહણ કરવો જોઇએ, એવો અભિપ્રાય છે. ૯

આ પ્રમાણે કહી આ આજ્ઞાભંગ દોષ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

# क्रियाहीन ज्ञान निष्फळ अधिकार.

સદ્દભાગ્યે કોઇ મનુષ્ય આજ્ઞા વિરૂદ્ધ ન વર્તે, પરંતુ કેવળ આજ્ઞાના અભ્યાસથી કાર્યસિદ્ધિ થતી નથી. કેમકે જગતમાં જ્ઞાન (જાણવા) માત્રથી કૃતાર્થતાન થી પણ તે મુજબ વર્તન કરવું જોઈએ એટલે ક્રિયા વગરનું જ્ઞાન વ્યર્થ છે એમ કહીએ તો પણ ખોટું નથી. તે બાબત એક ટુંક દાખલો આપીયે છીએ કે "એક વખત એક સ્ત્રી પુરૂષનું જોડું પોતાના ભુવનમાં રાત્રિના વખતે શયનગૃહમાં હતું, ત્યાં ઘરમાં ચોર આવ્યો. તેને જોઇ સ્ત્રીએ પોતાના સ્વામીને કહ્યું કે ચોર આવ્યો પ્રત્યુત્તરમાં પતિએ જણાવ્યું કે હું જાણું છું પછી તે ચોરે આવી પેટી તોડી યથેચ્છિત

* ૭ થા ૯ ગેપદીપિકાસમીર.

લું હોતું નથી. છોકરાએ નકશામાં જેમ જેપાનના જવાલામુખી પહાડ બતાવે છે, પણ એ પહાડો જેમ તેણે જોએલા નથી, તેમજ શાસ્ત્ર વાંચી ગયેલા પંડિતો જીવનું સ્વરૂપ બતાવે છે, પણ તેઓ પોતે જીવનું સત્ય સ્વરૂપ સમજેલા હોતા નથી; અને જેમ છોકરાઓ એકજ આંગળી વડે કરીને એકજ સેકંડમાં હિમાલયનું ઉંચામાં ઉંચુ શિખર બતાવી દે છે, પણ એ શિખર જેમ આજ દિવસ સુધી કોઇએ જોયેલું નથી, તેમજ કથા વાંચનારાઓ પ્રભુનાં સ્વરૂપની વાતો કરી જાય છે, પણ તેઓ કદી પણ એ સ્વરૂપને સમજેલા હોતા નથી, કારણકે કહી જવું એ કાંઇક જુદીજ વસ્તુ છે, અને સમજવું એ કાંઇક જુદીજ વસ્તુ છે. વાતો કરવામાં ને અનુભવ લેવામાં તો જમીન આસમાનનો ફેર છે, એવો અનુભવ તો ભાગ્યશાળી ભક્તોજ લઇ શકે છે, અને પ્રભુના નામની લેહ લાગ્યા વિનાના પંડિતો તો નાનાં બાળકોની પેઠે નકશો જોવામાંજ રહી જાય છે.

આ ઉપરથી એમ સમજવાનું નથી કે શાસ્ત્રો જાણવાં નકામાં છે; પણ કહેવાનો હેતુ એજ છે કે, માત્ર પેટ ભરવા સારૂ, વાતો કરવા સારૂ, મ્હોટાઇ મેળવવા સારૂ, કે વિવાદ કરવા સારૂ, શાસ્ત્રો વાંચી જવાથીજ કાંઇ વળવાનું નથી, પણ વાંચેલું હૃદયમાં ધારણ કરવું જોઇએ, અને તે જીંદગીમાં પ્રત્યક્ષ રીતે અનુભવવું જોઇએ, તોજ તે કામનું છે. પણ તે ભક્તિથી ( પ્રભુપ્રેમથી ) થઇ શકે છે, માટે જેમ બને તેમ પ્રભુ ઉપરનો પ્રેમ વધે તેમ કરો. પ્રભુપ્રેમને માટેજ શાસ્ત્રો છે, તે સારૂજ આ પણી જીંદગી છે, તે સારૂજ આ દુનિયાં છે અને તેમાંજ—પ્રભુપ્રેમમાંજ મોક્ષ છે. માટે ભાઇઓ ! નકશામાં વિલાયત જોવાના જેવાજ નહીં રહી જતાં ધર્મનાં રહસ્યો કાંઇક અનુભવમાં આવે અને પ્રભુ ઉપરનો પ્રેમ વધે તેમ કરો. + + +

આ પ્રમાણે કહી આ **ક્રિયાહીન જ્ઞાન નિષ્ફળ** અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

# कुब्राह्मण अधिकार.

આ અધિકારનો આરંભ કરતાં પહેલાં કેટલુંક તે સંબંધી જણાવવાની અ-રહે છે. તેમાં પ્રથમ જણાવવાનું કે બ્રાહ્મણ ધર્મના ગ્રન્થોમાં બ્રાહ્મણોને ઉચ્ચ સ્થાને મૂકવામાં આવ્યા છે, અને તદનુયાયી વર્ગ ઘણા ભાવથી તે બ્રાહ્મણોનો સ-ત્કાર કરતો આવેલ છે, અને અદ્યાપિ કરે છે. મતલબ કે બ્રાહ્મણ જાતિના પૂજ્યપ-ણાનું કારણ પણ તે તે શાસ્ત્રોમાં ઘણે ઠેકાણે આપવામાં આવ્યું છે તે એ છે કે તે બ્રાહ્મણોએ અન્ય ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રાદિક કરતાં ઘણાજ કઠણ નિયમો પાળન કર-વાના છે. તે સંબંધમાં શ્રીં ઋષભદેવ ભગવાને કીધું છે કે—

## ભોજન પ્રિય બ્રાહ્મણોનું મહાવૃષભ સાથે શ્લેષ અલંકારથી નિરૂપણ.

### वसन्ततिलका.

क्षेत्रेषु सस्यमतिभक्ष्य चिरं महोक्षा भीतिं जने विदधतो निजगर्जनाभिः ।
स्वज्ञातिपीडनपरा विगतान्यचिन्ता विप्रा इवाद्य विचरन्ति परान्नपुष्टाः ।२८।

આજ શરદ્ઋતુમાં ધાન્યો સારાં પાકવાથી ક્ષેત્રોમાં ધાન્યનું લાંબા વખત સુધી ભક્ષણ કરીને પોતાની ગર્જનાઓ ( ઓગ્ધા ) ના શબ્દોથી લોકમાં ભયને ઉત્પન્ન કરવાવાળા, પોતાની જ્ઞાતિ—નાના આખલા વિગેરે—ને પીડા કરવાવાળા અને " દક્ષિણે ચક્રં વામે ત્રિશૂલં " આવા ચિહ્નવાળા હોવાથી ડબા વિગેરેમાં પુરાતા નથી તેથી બીજી ચિન્તાથી રહિત એવા મહા સાંઢો બીજાના અન્નથી પુષ્ટ થયેલા બ્રાહ્મણોની માફક વિચરે છે. ઉપરના વિશેષણો બ્રાહ્મણોમાં ઘટાવે છે કે—આજ શ્રાદ્ધપક્ષ હોવાથી યજમાનોના ધર્મક્ષેત્રોમાં લાડુ પાયસ વિગેરે અન્નનું લાંબા વખત સુધી ભક્ષણ કરીને લોકમાં પોતાની ગર્જનાઓથી ભયને ઉત્પન્ન કરતા, પોતાની જ્ઞાતિને પીડા કરવામાં તત્પર અને ઘરમાં ભોજનાદિનો ખર્ચ ન હોવાથી બીજી ચિન્તા રહિત અર્થાત્ ચિન્તા વગરના પરાન્નથી પુષ્ટ થયેલા બ્રાહ્મણો વિચરે છે. ૨૮

## ભિક્ષુક બ્રાહ્મણની બાર પ્રકારે કુશળતા

### शार्दूलविक्रिडित.—( २९-३१ )

उच्चैरध्ययनं पुरातनकथा स्त्रीभिः सहालापनं,
तासामर्भकलालनं पतिनुतिस्तत्पाकमिथ्यास्तुतिः ।
आदेशस्य करावलम्बनविधिः पाण्डित्यलेखक्रिया,
होरागारुडमन्त्रतन्त्रकविधिर्भिक्षोर्गुणा द्वादश ।२९।

ઉંચે સ્વરે ભણવું, જુની કથા કહેવી, સ્ત્રીઓની સાથે વાતચીત કરવી, તેમનાં બાળકોને લાડ લડાવવાં, સ્ત્રિઓના પતિઓનાં વખાણ કરવા, તેમની રસોઇની મિથ્યા સ્તુતિ કરવી, તેમના હુકમનું હાથવડે ઉઠાવવું, પંડિતપણું તથા લેખ ક્રિયામાં કુશળપણું બતાવવું, અને હોરા ગારૂડી મંત્ર તંત્રનો વિધિ જાણવો એ બાર ભિક્ષુકના ગુણ છે. ૨૯

## તેઓનું નિત્ય કર્મ

प्रातःक्षालितलोचनाः करतले चञ्चत्पवित्राङ्कुरा-
स्तत्तत्स्थाननिवेशितोर्ध्वतिलकाश्चैलान्तबद्धाक्षताः

को जानश्च मृतोऽयवा मृततिथिः कस्यालये वर्तते,
चेत्थं हर्षशतैर्युताः प्रतिदिनं धावन्त्यहो भिक्षुकाः ।३०।

પ્રાતઃકાળમાં આંખો પાણીથી સાફ કર્યા પછી હાથમાં દર્ભો અથવા દુર્વાના અંકુરો રાખી, શરીરના તે તે યોગ્ય ભાગમાં ઉર્ધ્વ (ઊભું) તિલક કરી અને વસ્ત્રના છેડામાં ચોખા બાંધી 'આજ કોણ જન્મ્યો છે?' 'આજે કોણ મરી ગયો છે?' અથવા 'આજે કોને ઘરે મરણ તિથિ છે'? એ પ્રમાણે હજારગણો આનંદ પામી, અહો ? હમેશાં ભિક્ષુકો દોડે છે. ૩૦

## કુબ્રાહ્મણોના લક્ષણોને બ્હાને દમ્ભની ચેષ્ટાઓનું ઉત્પ્રેક્ષણ.

पाणौ ताम्रघटी कुशः करतले धौते सिते वाससी,
भाले मृत्तिलकः सचन्दनरसो न्यस्तैकपुष्पं शिरः ।
दूरात्क्षिप्रपदागतिर्दृढतरव्याश्लिष्टदन्ता गिरः
सोऽयं वञ्चयितुं जगद्भगवतो दम्भस्य देहक्रमः ॥३१॥

એક હાથમાં તામ્રઘટી–તાંબડી બીજા હાથમાં દર્ભ અને ધોયેલ એવાં બે વસ્ત્રો, ભાલ–કપાલમાં ચન્દનના રસવાળું મૃત્તિકાનું તિલક, અને મસ્તક ઉપર એક ફુલ તથા દૂરથી ઉતાવળા પગવાળી ગતિ, મજબૂત રીતે દાંતોને દબાવીને અશુદ્ધ પ્રાય એવી વાણી, તે આ ભગવાન્ દમ્ભનો દેહક્રમ મિથ્યાડોળ કુબ્રાહ્મણોની ચેષ્ટાઓને બ્હાને કરી જગતને છેતરવાને પ્રવૃત્ત થયો છે. ૩૧

## પુનઃ કુબ્રાહ્મણોના દંભનું વિશેષ સ્ફોટન.

### स्रग्धरा.

पीठीप्रक्षालनेन क्षितिपतिकथया सज्जनानां प्रवादैः,
प्रातर्नीत्वार्द्धयामं कुशकुसुमसमारम्भणव्यग्रहस्ताः ।
पश्चादेते निमज्जत्पुरयुवतिकुचाभोगदत्तेक्षणार्धाः,
प्राणायामापदेशादिह सरिति सदा वासराणि क्षयन्ति ॥३२॥

પ્રાતઃકાળને પાટલાઓના ક્ષાલન કર્મથી, રાજાઓની વાર્તાથી અને સજ્જનોના મ્હોટા વાદોથી વ્યતીત કરીને ત્યાર પછી અર્ધો પહોર દર્ભ, પુષ્પો વિગેરે લેવામાં વ્યતીત કરે છે, અને ત્યારપછી મધ્યાહ્ન સંધ્યા વખતના પ્રાણાયામના બ્હાનાથી નદીમાં સ્નાન કરતી પુરની સ્ત્રીઓના સ્તનો તથા શરીરોમાં અર્ધ કટાક્ષથી કુદૃષ્ટિ કરવાવાળા આ બ્રાહ્મણો સદા ત્રણે વખત તેઓ નદીમાં દિવસો ગાળે છે. ૩૨

બ્રહ્મત્વ તણો તું તજ ફાંકો, બળિ મરતો થા ભણીને બાંકો;
નહિ વલ્લભ વાળ થશે વાંકો, બ્રાહ્મણ ભટ્ટા. ૪૭

## લોભી બ્રાહ્મણ.

* ભાવનગરમાં માધવજી ભટ કરીને બ્રાહ્મણ રહેતો હતો. શાસ્ત્રાનુસાર પોતાનો ધર્મ શું તે કાંઇ સમજતો નહીં. જરા વાંચતા લખતાં નાનપણમાં શીખેલ, તે પણ ભાગ્યજોગે ભૂલી ગયેલ હતો. પોતે બોલીનો વાચાળ હોવાથી માની લીધું કે વિદ્યા ભણવાથી વિશેષ શું છે? ભણેલા ઘણા ભૂખે મરે છે; **વેદીઆ ઢોર** જેવા હોય છે. આજકાલ હજારો બ્રાહ્મણો નવી નવી યુક્તિ કરી ભીખ માગવાનું લઇ બેઠા છે, તે કરવા આપણે કયાં કમ હુશિઆર છીએ? આપણે તે ધંધો ઇશ્વર સલામત રાખે તો બસ છે? બાપદાદા બધા એમ ભીખ માગી મરી ગયા, તેમને કાંઇ અડચણ પડી નથી, તો આપણા જેવાને અડચણ શેની પડવાની છે; માટે ભણવાની માથાકૂટ કોણ કરે. એવા નિશ્ચયથી તેણે પોતાને મળેલા બ્રાહ્મણના અમૂલ્ય અવતારની ખરેખરી ફરજો સમજી કાંઇ સાર્થક કર્યું નહીં, પણ પોતાનો વંશ પરંપરાનો વારસામાં ઉતરેલો ભીખ માગવાનો ધંધો શરૂ કર્યો; અને તેમાં ઘણી અક્કલ દોડાવી યુક્તિઓ કરી તે વાચક નીચેની હકીકતથી જાણી અજાયબ થશે.

### "ભીખ ને ભારો તે સવારનો સારો"

એ કહેવત અનુસરી ભટજી સવારના ઉઠે ત્યારથી તે દશ બાર વાગતા સુધી, હાથમાં વટલોઇ સાથે ઘરેઘર ભટકવું શરૂ કરે. પાઠ પૂજા, સંધ્યા વંદનાદિ પોતે જાણતો હોય તો દરેકની ? વખતપર નવાયું તો ભલે, નહિતર વગર નાહે પણ ભસ્મ ભુંસી યા ટીલા ટબકાં કરી નીકળે, પુરૂષ કરતાં સ્ત્રી વર્ગમાં તેનું વધારે ફાવતું. કોઇને ધર્માત્મા તે કોઇને ગૌબ્રાહ્મણ પ્રતિપાળ, કોઇને સવરીબાઇ તો કોઇને **મીરાંબાઇ**, કોઇને **અન્નપૂર્ણા**, તો કોઇને **મહાલક્ષ્મી**, વગેરે ઉમદા ઉપમાઓ આપી ફુલાવી પટાવી પુષ્કળ લોટ, દાળ આદિ ઘેર લાવતો; આ સવારનું તેનું નિત્ય કર્મ હતું.

સંક્રાંતિનું પર્વ આવવાનું હોય ત્યારે આઠ દિવસ આગળથી ને આઠ દિવસ પાછળથી ભટજી ગામડામાં માગવા નીકળે. "**સંક્રાંત પુન્ય પર્વણિ**" ના લાંબા સાદથી ખેડુતોનાં ખળાં ગજાવી મૂકે, સવારથી સાંજ સુધીમાં ત્રણ ચાર ગામને ફેરી ફરી, બે ત્રણ મણ દાણાનો કોથળો ભરી, મજુરની પેઠે માથે ઉપાડી ઘેર લાવે. ખુદ સંક્રાંતને દિવસે શેહેરમાં માગવા નીકળે, કેમકે શહેરવાળા તો પર્વના દિવસેજ આપે. શહેરને બધા ગામડામાં ફરી શકાય નહીં, જેથી પક્કા બ્રાહ્મણે સંક્રાંતનું પૂંછડું લાંબુ કરી દીધું.

* કૌતુકમાળા.

वरं न्यस्तो हस्तः फणिपतिमुखे तीक्ष्णदशने,
वरं वह्नौ पातस्तदपि न कृतः शीलविलयः ॥ ४ ॥

મોટા પર્વતના શિખરના–ઉત્સંગ–ખોળામાંથી કોઇ પણ વિષમ સ્થાનમાં આ દેહને પાડીને કઠિન શિલાઓના અન્તમાં ચુરેચુરા કરી નાખવો તે પણ સારૂં, તથા તીક્ષ્ણ દન્તવાળા સર્પના મુખમાં હાથ નાખવો તે પણ સારૂં, અગ્નિમાં પડવું તે પણ સારૂં, પરંતુ શીળ–સદાચરણનો નાશ કરવો તે સારૂં નહિ. ૪

આ પ્રમાને વ્રતહિન જીવીતવ્યની નિષ્ફળતા દર્શાવતાં આ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

## ગ્રંથ સંગ્રહિતા.

### ગીતિ.

विनयविजय मुनिनायं चतुर्थ परिच्छेद एवमत्र
सङ्ग्रथितः सुगमार्थं व्याख्यातृणां मुदेसदाभूयात्

વિનયવિજય મુનિએ આ ( વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ ) ગ્રંથનો ચતુર્થ પરિચ્છેદ વ્યાખ્યાન કરનારાઓની સુગમતા માટે સંગ્રહિત કર્યો છે, તે સદા વ્યાખ્યાન કરનાર સાધુ તથા સાધ્વીઓ આદિના આનંદને માટે થાઓ.

## चतुर्थपरिच्छेद परिपूर्ण.



તો તેને પણ પોતાની પ્રપંચજાળમાં એકદમ બાંધી લે છે, એટલે જગતના સુજ્ઞ માનવોએ તેવા ખળ પુરૂષોથી બરાબર પોતાનો બચાવ કરી ચાલવું. પરંતુ દુર્જનોથી બચવામાં પ્રથમ તો આ મનુષ્ય સુજન છે કે ? દુર્જન ? આ બાબત જો જાણવામાં આવે તોજ મનુષ્ય તેમાંથી બચી શકે. માટે તે દુર્જનોની પીછાન આપવા સારૂ આ અધિકારનો આરંભ છે.

આ અધિકારમાં ચન્દ્રમા ને ૨૭ મા શ્લોકમાં દુર્જન તરીકે જણાવવામાં આવેલ છે અને ૨૭ મા શ્લોકમાં સુજન તરીકે જણાવવામાં આવેલ છે તે માટે કહેવામાં આવે છે કે કવિ પોતે દરેક પદાર્થના ગુણોને ગ્રહણ કરી સુજનમાં ઘટાવે છે. અને તેજ પદાર્થના દોષોને ગણાવી દુર્જનમાં ઘટાવે છે, એટલે દરેક વસ્તુઓ ગુણ દોષથી યુકત હોવાથી તેમ થઈ શકે છે એટલે એક લક્ષણથી એક પદાર્થને દુર્જનમાં ઘટાવ્યો તેથી તે દુર્જન તુલ્ય છે એમ ધારવાનું નથી કારણ કે તેનાં બીજા સદ્ગુણો છે, તેથી તેને પદાર્થના દોષ તથા ગુણ બતાવી દુર્જનનું તથા સુજનનું સ્પષ્ટ લક્ષણ બતાવ્યું છે. તેમ હમેશાં દૃષ્ટાન્ત એકદેશી હોય છે. એટલે પુરૂષ કેવો કે ? સિંહ જેવો તેથી કરીને પુરૂષમાં પુછડું વગેરે નથી પણ માત્ર સિંહનો તથા પુરૂષની હિમતનું ઐક્ય બતાવવા સારૂ તેવી ઉપમા આપવામાં આવે છે. આમ સુજન પુરૂષે શંકાનો પરિહાર સમજવો. બાકી દુર્જનપણાને યથાર્થ સ્ફોટન કરવાનું આ અધિકારમાં વર્ણન કરવામાં આવ્યું છે તેથી ભુમિકામાં વિશેષ લંબાણ નહિ કરતાં આ અધિકારનો જ આરંભ કરીએ છીએ. સુજ્ઞ મનુષ્યોએ ત્યાંજ અક્ષરશઃ નિરીક્ષણ કરી દુર્જનથી બચી ચાલવું.

આ અધિકારના પેટામાં ૨૯ અધિકારો છે. તેના નામ " ૧ દુર્જન પુરૂષ થોડામાં અહંકારી થાય છે. ૨ દુર્જન શિક્ષાને પાત્ર છે. ૩ દુર્જન પુરૂષનો સ્નેહ પણ દુઃખદાયક છે. ૪ હું દુર્જનને પ્રથમ વન્દુ છું. ૫ દુર્જનોએ સેવેલ ઉત્તમ વસ્તુ પણ શોભતી નથી. ૬ દંભદોષ. ૭ નાના ( પ્રકારના ) ધૂર્ત. ૮ પિશુનતા દોષ. ૯ કૃતઘ્ન નિન્દા. ૧૦ મુર્ખ લોકો ગુણી પુરૂષને જાણતા નથી. ૧૧ નીચ પુરૂષ ઉત્તમ પુરૂષો સાથે સ્પર્ધા રાખે છે. ૧૨ દુર્જન પોતાના પ્રાણોને ત્યજીને પણ બીજાને વિઘ્ન કરે છે. ૧૩ પરવિઘ્ન સંતોષી. ૧૪ નીચ પુરૂષ બીજાને પ્રેરે છે. ૧૫ નીચ પુરૂષને અધિકાર મળતાં તે દુઃસહ થઇ જાય છે. ૧૬ નીચ પુરૂષ અશુભને જ ગ્રહણ કરે છે. ૧૭ સત્ય વસ્તુ પ્રાપ્ત થતાં અસત્ય વસ્તુ નાશ પામે છે. ૧૮ સત્ય વસ્તુના અભાવમાં અસત્ય વસ્તુની પ્રશંસા થાય છે. ૧૯ આ ઉત્તમ છે પણ આ ઉત્તમ નથી. ૨૦ ખલ પુરૂષ સર્પપ જેવા અન્યના દોષને મોટા કરી જાણે છે. ૨૧ નીચ પુરૂષના વિનયનો આડંબર. ૨૨ ખલ પુરૂષની સુન્દરતાનો આડંબર. ૨૩ દુર્જનના સર્વ અંગોમાં ઝેર હોય છે. ૨૪ દુષ્ટનો દુરાગ્રહ. ૨૫ નીચ પુરૂષ નીચની

જેમ કુતરાની પૂંછડી જ્યારે વાંકી વળે છે, ત્યારે પોતાની ગુહ્ય ખુલ્લી દેખાય છે તેમ દુર્જન વક્ર ( કુટિલપણું ) ધારણ કરે છે ત્યારે ગુહ્ય ( ગુપ્ત પાપ ) પ્રકાશે છે. ( અર્થાત્ દુર્જન શ્વાન પૂછ માફક છે.)

## દુર્જન તથા હળનું તુલ્યપણું.

आजन्मसिद्धं कौटिल्यं, खलस्य च हलस्यच ।
सोढुं तयोर्मुखाक्षेपमलमेकैव सा क्षमा ॥ ५ ॥

ખળ પુરૂષ તથા હળ એ બેઉ જન્મથીજ વાંકી રીતે ચાલે છે, માટે તેના મુખનો આક્ષેપ સહન કરવાને ક્ષમા (સહનશીલતા–બીજા પક્ષમાં પૃથ્વી) સમર્થ છે.

## સર્પ કરતાં પણ દુર્જનની અધિક નીચતા.

सर्पदुर्जनयोर्मध्ये, वरं सर्पो न दुर्जनः ।
सर्पो दशति कालेन, दुर्जनस्तु पदे पदे ॥ ६ ॥

સર્પ અને દુષ્ટજન એ બેમાં સર્પ સારો પણ દુષ્ટજન સારો નહીં. કારણ કે સર્પ તો કાળે કરીને ડસે છે અને દુષ્ટજન તો પગલે પગલે ડસે છે. ૬

## દુર્જનનો જાતિસ્વભાવ.

दुर्जनो नार्जवं याति, सेव्यमानोऽपि नित्यशः ।
स्वेदनाभ्यञ्जनोपायैः, श्वपुच्छमिव नामितम् ॥ ७ ॥

દુષ્ટ મનુષ્યની હમેશાં સેવા કરવામાં આવી હોય તો પણ તે સરલ થતો નથી. કારણ કે જેમ વાંકું વળેલ કુતરાનું પૂછડું, ભીંજવવું કે ચોળવું એવા સેંકડો ઉપાયોથી સરલ થતું નથી, તેમ દુર્જનનો એ જાતિસ્વભાવ છે. ૭

## દુર્જનથી દૂર રહેવાની જરૂર.

दुर्जनेन समं सख्यं, वैरं चापि न कारयेत् ।
उष्णो दहति चाङ्गारः, शीतः कृष्णायते करम् ॥ ८ ॥

ખળ પુરૂષની સાથે મિત્રતા કે શત્રુતા કરવી નહીં. કારણ કે અગ્નિનો અંગારો ગરમ હોય તો બાળે છે અને ઠંડો હોય તો હાથ કાળો કરે છે. ૮

## પેટ ભરી પ્રકૃતિ.

कापुरुषः कुक्कुरश्च, भोजनैकपरायणः ।
लालितः पार्श्वमायाति, वारितो न च गच्छति ॥ ९ ॥

## ઉંદર અને નીચપુરૂષનું સરખાપણું.

आखुभ्यः किं खलैर्ज्ञातं, खलेभ्यश्च किमाखुभिः ।
येषां परगृहोत्खातादन्यत्कर्म न विद्यते ॥ १४ ॥

ઉંદરો પાસેથી શું ખલપુરૂષો શીખ્યા હશે ? કે ખલપુરૂષો પાસેથી શું ઉંદર શીખ્યા હશે ? કેમકે ઉન્દર તથા ખલપુરૂષોને બીજાનું ઘર ખોદવા સિવાય બીજો ધંધો નથી. એટલે ઉન્દર જેમ બીજાનાં ઘરને પોતાના દાંતથી ખોદી નાખે છે, અને ખલપુરૂષો બીજાના ઘરમાં કલેશ વગેરે ઉત્પન્ન કરી તેનાં ઘર ભંગાવે છે અર્થાત્ બીજાઓને દુઃખ ઉત્પન્ન થાય તેમ કુકાર્ય કર્યાજ કરે છે. ૧૪

## દુર્જન મનુષ્યથી કેટલું દૂર રહેવું ?

शकटं पञ्च हस्तेन, दशहस्तेन वाजिनम् ।
हस्तिनं शतहस्तेन, देशत्यागेन दुर्जनम् ॥ १५ ॥

સુજ્ઞ પુરૂષે ગાડાથી પાંચ હાથ, ઘોડાથી દશ હાથ, હાથીથી સો હાથ દૂર રહેવું; પણ દુર્જન મનુષ્યથી તો દેશ છોડવાનો પ્રસંગ આવે તો તે દેશ છોડીને પણ અવશ્ય દૂર રહેવું. ૧૫

## સજ્જન ક્ષમારૂપી ઔષધ શામાટે પીએ છે ?

### आर्या. ( ૧૬ થી ૧૮ )

दुर्जनवदनविनिर्गतवचनभुजङ्गेन सज्जनो दृष्टः ।
तद्विषघातनहेतोर्विद्वान् क्षान्त्यौषधं पिबति ॥ १६ ॥

દુર્જન પુરૂષના મુખમાંથી નિકળેલ વચનરૂપી સર્પથી કરડાયેલો વિદ્વાન્ પુરૂષ તે ઝેરનો નાશ કરવાના કારણથી ક્ષમા રૂપી ઔષધનું પાન કરે છે. ૧૬

## દુર્જનની કાકતાલીય કાર્યસિદ્ધિ.

साधयति यत्प्रयोजनमज्ञस्तस्य काकतालीयम् ।
दैवात्कथमप्यक्षरमुत्किरति घुणोऽपि काष्ठेषु ॥ १७ ॥

અજ્ઞાની મનુષ્ય વખતે કોઇ કાર્યને સિદ્ધ કરે છે. તે તેનું કાર્ય કાકતાલીય ન્યાય પ્રમાણે જાણવું એટલે કાગડાનું બેસવું અને તાડનું પડવું દૈવયોગે સાથે થાય એમ સિદ્ધ થયેલું જાણવું. કારણ કે ઘુણ ( ઘણુ ) નામનો કીડો પણ કાષ્ટ (લાકડા) માં દૈવયોગથી કોઇ રીતે અક્ષરને પણ કોતરે છે એટલે તે ઉપરથી ઘણુને સાક્ષર ન માનવો તેમ દુર્જનને સુજન માનવો નહિ. ૧૭

## દુર્જનની બીજામાં દોષ જોવાની દૃષ્ટિ.

अकलितपरस्वरूपः, स्वकमपि दोषं परस्थितं वेत्ति ।
नावि स्थितस्तटस्थानचलानपि विचलतो मनुते ॥ १८ ॥

જેમ વહાણમાં બેઠેલો મનુષ્ય કાંઠા ઉપર રહેલાં અચલ ( એવા વૃક્ષાદિ પદાર્થોને ચલાયમાન જુવે છે તદ્વત્ બીજાના અને પોતાના રૂપને ન જાણનાર ખલપુરૂષ પોતાના દોષને બીજામાં રહેલો જાણે છે. ૧૮

## અધમ પ્રકૃતિના સામાન્યસ્વભાવજન્યલક્ષણો.

### मालिनी.

काके शौचं द्यूतकारेषु सत्यं, सर्पे क्षान्तिः स्त्रीषु कामोपशान्तिः ।
क्लीबे धैर्यं मद्यपे तत्त्वचिन्ता, राजा मित्रं केन दृष्टं श्रुतं वा ॥ १९ ॥

કાગડામાં નિર્મળતા, જુગારીમાં સત્યતા, સર્પમાં ક્ષમા, સ્રીયોમાં કામની શાન્તિ, નપુંસકમાં ધીરજ, મદ્યપાન કરનાર માણસમાં તત્ત્વજ્ઞાનનો વિચાર અને રાજા કોઈનો મિત્ર હોય; એ બાબતો કોઇએ સાંભળી છે ? અથવા જોઈ છે ? સારાંશ કે એ બાબત કદી બનતી જ નથી. ૧૯

## અનર્થકારી સાક્ષર દુર્જન.

### रथोद्धता. ( ૨૦ થી ૨૧ )

विद्यया विमलयाप्यलङ्कृतो, दुर्जनः सदसि मास्तु कश्चन ।
साक्षरा हि विपरीततां गताः, केवलं जगति तेऽपि राक्षसाः ॥ २० ॥

કદાચ નિર્મળ શુદ્ધ વિદ્યાથી દુષ્ટ મનુષ્ય શણગારેલો હોય તો પણ તેને સભામાં દાખલ ન કરવો. કારણકે **साक्षरा** ( વિદ્વાનો ) આ શબ્દને ઉલટાવીને એટલે અવળા અક્ષર બોલીએ તો **राक्षसा** ( રાક્ષસો–દૈત્યો ) એવો અર્થ થાય છે. આ ઉપરથી એ સમજવાનું છે કે કેવળ જડ અક્ષર અર્થનો અનર્થ કરે છે ત્યારે ચૈતન્યવાળો ખળ પુરૂષ સભામાં શું અનર્થ ઉત્પન્ન ન કરે? ૨૦

## દુર્જન ઉંચે સ્થાને રહી શકતો નથી.

उन्नतं पदमवाप्य यो लघु, र्हेलयैव स पतेदिति ब्रुवन् ।
शैलशेखरगतः पृषद्गणश्चारुमारुतधुतः पतत्यधः ॥ २१ ॥

પર્વતના શિખર ઉપર ગયેલ જળબિંદુઓનો સમુદાય બીજાને શિખામણ·

આપતો છતાં મૃદુ પવનના કંપાવાથી નીચે પડે છે, તેમ જે હલકો માણસ છે તે મહત્ સ્થાનને મેળવીને રમત માત્રમાં પાછો નીચે પડે છે. ૨૧

## દુરાત્માઓનાં સ્વભાવ સિદ્ધ દુર્લક્ષણો.

### द्रुतविलम्बित.

अकरुणत्वमकारणविग्रहः, परधने परयोषिति च स्पृहा ।
स्वजनबन्धुजनेष्वसहिष्णुता, प्रकृतिसिद्धमिदं हि दुरात्मनाम् ॥२२॥

નિર્દયતા, કારણ શિવાય વેર, પરધન તથા પરસ્ત્રી તરફ ઇચ્છા, કુટુંબ તથા મિત્ર કે જ્ઞાતિ તરફ અક્ષમા, એ સર્વ બાબત ખળ પુરૂષને સ્વભાવથી જ સિદ્ધ થયેલ છે. ૨૨

## ખળ તથા શ્વાનનો સંબંધ.

### वसन्ततिलका.

सूक्ष्मं विरौति परिकुप्यति निर्निमित्तं, स्पर्शेन दूषयति वारयति प्रवेशम् ।
लज्जाकरं दशति नैव च तृप्यतीति, कौलेयकस्य च खलस्य च को विशेषः ॥२३॥

કુતરો અને ખલ (દુર્જન) પુરૂષમાં કોણ વિશેષ છે? અમને તો તે બન્ને સરખા લાગે છે. કારણકે તે બન્ને જણા કઠોર જેમ હોય તેમ બોલે છે (ભસે છે) અને કારણ વિના ગુસ્સે થાય છે, તેમ સ્પર્શ માત્રથી મનુષ્યને દૂષિત કરે છે, ચાલતા મનુષ્યને પ્રવેશ કરતાં અટકાવે છે. લજ્જાવાળા મનુષ્યને કરડે છે, અને કદી તૃપ્તિને પામતા નથી, આમ ખલ તથા કુતરાની ચેષ્ટા સમાન હોવાથી તેનું સમાનપણું જ છે. ૨૩

## નીચ પુરૂષને કયો ઉત્તમ પુરૂષ સેવે ?

### शार्दूलविक्रीडित. ( ૨૪ થી ૩૭ )

वाक्यं जल्पति, कोमलं सुखकरं कृत्यं करोत्यन्यथा,
वक्रत्वं न जहाति जातु मनसा सर्पो यथा दुर्धीः ।
नो भूतिं सहते परस्य न गुणं जानाति कोपाकुलो,
यस्तं लोक–विनिन्दितं खलजनंकः सत्तमः सेवते ॥२४॥

નીચ પુરૂષ કોમળ–સુખ કરનારૂં વચન બોલે છે, અને આચરણ તેથી જુદી રીતે કરે છે. અને દુષ્ટ બુદ્ધિવાળા સર્પની માફક વક્રપણું કોઇ દિવસ મનથી છોડતો નથી. બીજાની સમૃદ્ધિને સહન કરી શકતો નથી અને કોપથી આકુલ એવો તે

શુદ્ધ કરવામાં તત્પર થઇ જાય છે. ચન્દ્ર ( કળાઓની ) વૃદ્ધિ અને ક્ષયને ઉત્પન્ન કરનારો છે, તેમ દુર્જન પણ કોઇની વૃદ્ધિ (ચઢતી) થતી હોય તો તેનો નાશ કરનાર છે. ચન્દ્રમા પદ્મ ( કમલ ) નું ભક્ષણ કરનારો છે, એટલે હિમથી કમલનો નાશ કરે છે. તેમ દુર્જન પદ્મ (સંખ્યા) જેટલું ધન હોય તેટલું ભક્ષણ કરી જાય છે. ચન્દ્રમા કુમુદ નામના કમલોને પ્રકાશ કરવા ( ખીલવવા ) માં પ્રવીણ છે, તેમ દુર્જન મનુષ્ય કુત્સિત ( નીચ ) પુરૂષોના આનન્દને પ્રકાશ કરવામાં હુશીયાર છે, ચન્દ્રમા દોષા ( રાત્રી ) ને કરનારો છે તેમ દુર્જન દોષોની ખાણ છે. ચન્દ્રમાનું વિમાન જડ છે તેમ દુર્જન મનુષ્ય પણ જડ છે. ચન્દ્રમા લોકમાં સમસ્ત પ્રાણીને કામ ( વિષય ભોગ) ની પીડાને ( પોષણ કરવામાં ) રસરૂપ છે, તેમ દુર્જન મનુષ્ય સમસ્ત પ્રાણીઓમાં કામ ( વિષયભોગની ઇચ્છા અને ઉદ્વેગને કરવા માટે રસરૂપ છે. આમ ચન્દ્ર તથા દુર્જનને કોણ જાણતું નથી ? અર્થાત્ સર્વ જાણે છે. ૨૬

### દુર્જન મનુષ્યથી સુજન પુરૂષો શા વાસ્તે ડરે છે ?

दुष्टो यो विदधाति दुःखमपरं पश्यन्सुखेनाचितं,
दृष्ट्वा तस्य विभूतिमस्तधिषणो हेतुं विना कुप्यति ।
वाक्यं जल्पति किञ्चिदाकुलमना दुःखावहं यन्तृणां,
तस्माद्दुर्जनतो विशुद्धमतयः काण्डाद्यथा बिभ्यति ॥ २७ ॥

જે દુષ્ટ પુરૂષ બીજાને સુખી જોઇ ન શકવાથી તેને દુ:ખી કરે છે અને બીજા મનુષ્યની સમૃદ્ધિ જોઇને કારણ વિના ગુસ્સે થાય છે તથા ઉદ્વિગ્ન થઇને મનુષ્યોને દુ:ખ આપનાર એવા કાંઇક વચનને બોલે છે તેથી દુર્જન મનુષ્યથી શુદ્ધ મતિવાળા સજ્જન પુરૂષો બાણથી જેમ ડરે તેમ ભયને પામે છે. ૨૭

### ખલ પુરૂષને જ્ઞાન આપવાને કોઇ સમર્થ નથી.

यस्त्यक्त्वा गुणसंहतिं वितनुते गृह्णाति दोषान्परे,
दोषानेव करोति जातु न गुणं त्रेधा त्रयं दुष्टधीः ।
युक्तायुक्तविचारणाविरहितो विध्वस्तधर्मक्रियो,
लोकानन्दिगुणोऽपि कोऽपि न खलं शक्नोति संबोधितुम् ॥२८॥

જે નીચ પુરૂષ બીજા મનુષ્યમાં ગુણોનો સમૂહ હોય તેને તજીને દોષોને ગ્રહણ કરે છે તેમ વિસ્તારે છે. ( જગત્‌માં પ્રસિદ્ધ કરે છે ) અને દુષ્ટ બુદ્ધિવાળો જે ખળ પુરૂષ ત્રણ પ્રકારના ( માનસિક, વાચિક, અને કાયિક ) દોષોને જ ત્રણ પ્રકારે ( કર્તા, કારયિતા, અને અનુમોદિતા એ ) કરીને કર્યા કરે છે. પરંતુ કોઇ દિવસ ગુણને કરતો જ નથી. કારણ કે પોતે આ યોગ્ય છે. અને આ અયોગ્ય છે. એવા

रौद्रो दृग्विषो विभीषितजनो रन्ध्रावलोकोदितः,
कस्तं दुर्जनपन्नगं कुटिलगं शक्नोति कर्तुं वशम् ॥ ३१ ॥

સર્પની માફક જેના મુખમાં બે જીભ છે (એટલે ઘડી આમ બોલનાર અને ઘડી તેથી વિપરીત રીતે ભાષણ કરનાર ) એવો દુર્જનરૂપી સર્પ સાધુ પુરૂષોએ બતાવેલ એવી મંત્રની ભૂમિનું ઉલ્લંઘન કરી ગયો છે એટલે સર્પ જેમ મંત્રેલ કુંડાળાને ઠેકી જાય તેમ તે શાસ્ત્રની મર્યાદાને ઉલ્લંઘન કરી ગયો છે. અને કોપાયમાન થાય છે ત્યારે લાલચોળ નેત્રવાળો અને કાળો થઇ ગયેલો જે ખલરૂપી સર્પ અવાચ્ય ( ન બોલવા યોગ્ય એવા ) વચન રૂપી ઝેરને મુકે છે એટલે પોતાના મુખમાંથી બહાર કાઢે છે તેમ જે સર્પની માફક ભયંકર નેત્રમાં ઝેરવાળો મનુષ્યોને ભય ઉત્પન્ન કરનાર, બીજાના છિદ્ર જોવામાં તૈયાર થયેલ છે એવા વક્ર (વાંકી) ગતિ કરનારા તે દુર્જન રૂપી સર્પને વશ કરવાને કોણ સમર્થ છે ? અર્થાત્ કોઇ પણ નહિ. ૩૧

## સત્પુરૂષો દુર્જન કોને કહે છે ?

वैरं यः कुरुते निमित्तरहितो मिथ्यावचो भाषते,
नीचोक्तं वचनं शृणोति सहते स्तौति स्वमन्यं जनं ।
नित्यं निन्दति गर्वितोऽभिभवति स्पर्धां तनोत्यूर्जिता,
मेवं दुर्जनमस्तशुद्धधिषणं सन्तो वदन्त्यङ्गिनाम् ॥ ३२ ॥

જે કારણ વિના બીજાની સાથે વૈર કરે છે, મિથ્યા વચનનું ભાષણ કરે છે, નીચ પુરૂષે કહેલા વચનને સાંભળે છે. અને તેને સહન કરે છે. એટલુંજ નહિ પરંતુ પોતાના વખાણ કરે છે તથા નિત્ય અભિમાની બનીને બીજાની નિન્દા કરે છે-પરાભવ કરે છે અને ખોટી અહંખાઇને વિસ્તારે છે. મનુષ્યોમાં શુદ્ધ બુદ્ધિથી હીન એવા તે લક્ષણવાળા પુરૂષને સત્પુરૂષો દુર્જન કહે છે. એટલે આવા લક્ષણવાળા દુર્જન પુરૂષના સંગનો ત્યાગ કરવો એ સુજ્ઞ પુરૂષોનું કર્તવ્ય છે. ૩૨

## દુર્જનના મુખમાં સુવાક્યની ગેરહાજરી.

भानोः शीतमतिग्मगोरहिमता शृङ्गात्पयोऽधेनुतः,
पीयूषं विषतोऽमृताद्विषलता शुक्लत्वमङ्गारतः ।
वन्हेर्वारि ततोऽनलः सुरसजं निम्बाद्भवेज्जातुचि-
न्नो वाक्यं महितं सतां हतमतेरुत्पद्यते दुर्जनात् ॥ ३३ ॥

સૂર્યમાંથી શીતળતા, ચન્દ્રમાંથી ઉષ્ણતા, ગાયના શીંગડામાંથી દુધ, ઝેરમાંથી અમૃત, અમૃતમાંથી ઝેરની વેલી, કોયલામાંથી શ્વેતપણું, અગ્નિમાંથી પાણી, પાણી

માંથી અગ્નિ, અને લીંબડામાંથી સાકર ઉત્પન્ન થાય, પરંતુ સત્પુરૂષોએ વખાણેલું વચન હત ( હણાયેલ ) બુદ્ધિવાળા દુર્જન પુરૂષમાંથી એટલે તેના મુખમાંથી નિકળતું નથી. ૩૩

## સુજ્ઞ મનુષ્યે સર્પની માફક કોને છોડી દેવો ?

सर्वोद्वेगविचक्षणः प्रचुररुग्गुश्चन्नवाच्यं विषं,
प्राणाकर्षपदोपदेशकुटिलस्वान्तो द्विजिह्वान्वितः ।
भीमभ्रान्तविलोचनोऽसमगतिः शश्वद्दयावर्जित-
श्छिद्रान्वेषणतत्परो भुजगवद्वर्ज्यो बुधैर्दुर्जनः ॥ ३४ ॥

સર્વને ઉદ્વેગ ઉત્પન્ન કરવામાં ચતુર, ભયંકર તેજવાળો, ન બોલવા યોગ્ય વચનરૂપી ઝેરને મુકતો, અન્યના પ્રાણ લઇ લેવાના સ્થાનના ઉપદેશને લીધે કુટિલ સ્વભાવવાળો, બે જીભવાળો, એટલે ઘડી આમ તો ઘડી આમ એમ બોલવાવાળો, ભયંકર ચક્કળ વક્કળ નેત્રવાળો, વાંકી ગતિવાળો, હમેશાં દયાથી વર્જિત, બીજાનાં છિદ્ર ગોતવામાં તત્પર એવો દુર્જન મનુષ્ય સર્પની માફક વર્જવા યોગ્ય છે એટલે સજ્જન પુરૂષે આવા દુર્જનનો ત્યાગ કરવો હિતકર છે. ૩૪

## સાધુ તથા દુર્જનની સમાનતા.

धर्माधर्मविचारणाविरहिताः सन्मार्गविद्वेषिणो,
निन्द्याचारविधौ समुद्यतधियः स्वार्थैकनिष्ठापराः ।
दुःखोत्पादकवाक्यभाषणरताः सर्वाप्रशंसाकरा
द्रष्टव्या अपरिग्रहव्रतिसमा विद्वज्जनैर्दुर्जनाः ॥ ३५ ॥

વિદ્વાન્ પુરૂષોએ દુર્જન પુરૂષોને નિષ્પરિગ્રહ એવા વ્રતિ ( સાધુઓ ) સમાન જાણવા. કેમકે સાધુઓ બ્રહ્મદશાને પ્રાપ્ત થવાથી ધર્મ અધર્મના વિચારથી રહિત છે તેમ દુર્જન પુરૂષો પણ ધર્મ અધર્મના વિચાર વગરના છે. સાધુઓ જગત્માં ચાલતા અનેક સાંસારિક ધર્મોનો દ્વેષ કરનારા માને છે, તેમ દુર્જન પુરૂષો ઉત્તમ એવા ધર્મ માર્ગનો દ્વેષ કરનારા ગણે છે. સાધુઓ મોહાન્ધ પ્રાણીઓની નજરથી નિન્દાને યોગ્ય એવા આચારવાળા છે. તેમ દુર્જનો પણ લોકનિન્દ્ય એવા આચાર (ચોરી વગેરે) કરવામાં ઉદ્યમયુક્ત બુદ્ધિવાળા છે. સાધુઓ પોતાના આત્માનું ભલું કરવું તેવી એક નિષ્ઠાવાળા છે, તેમ દુર્જન પુરૂષો કેવળ સ્વાર્થપરાયણ છે. સાધુઓ બીજાને દુઃખ ઉત્પન્ન કરનાર વાતો ( એટલે સત્ય વાત કહેવાથી મનુષ્યને દુઃખ થાય છે ) તેઓ નિઃસ્પૃહી હોવાથી કરતા નથી, તેમ દુર્જન પુરૂષો પણ દુષ્કર્મ છુપાવવા મૌન રહે છે. સાધુઓ એક મોક્ષસુખ સિવાય બીજા તમામ પ્રકારના સુખની નિન્દા કરવાવાળા છે, તેમ

દુર્જનો પણ સર્વની નિન્દા કરવાવાળા છે. આમ અપરિગ્રહ યોગી સમાન દુર્જનોને જાણવા. એટલે આવા લક્ષણવાળા દુર્જનોનો ત્યાગ કરવો અને સાધુ મહાત્માની સેવા કરવી એવો ભાવ છે. ૩૫

## દુર્જનને રાહુની તુલના.

वीक्ष्यात्मीयगुणैर्मृणालधवलैर्यद्वर्धमानं जनं,
राहुर्वा सितदीधितं मुखकरैरानन्दयन्तं जगत् ।
नो नीचः सहते निमित्तरहितो न्यक्कारबद्धास्पृहः,
किञ्चिन्नात्र तदद्भुतं खलजने येन वृकेऽवस्थितिः ॥ ३६ ॥

જેમ રાહુ મુખરૂપ કિરણોથી જગતને આનંદ આપનારા અને કમળના રેસાના જેવા પોતાના ઉજ્વળ ગુણોથી વૃદ્ધિ પામનારા ચંદ્રને જોઇને તે સહન કરી શકતો નથી, પણ વિના કારણ તેનો તિરસ્કાર કરવામાં સ્પૃહા કરનારો થાય છે, તેમ નીચ માણસ મુખ[1] તથા હાથથી જગતને આનંદ આપનારા અને કમળના રેસાના જેવા પોતાના ઉજ્વળ ગુણોથી વધતા એવા માણસને જોઇને તે સહન કરી શકતો નથી પણ કારણ વિના તેનો તિરસ્કાર કરવામાં તે સ્પૃહા રાખનારો થાય છે. કારણ કે, દુર્જનની સ્થિતિ વૃકના જેવી હોય છે. ૩૬

## ખળ પુરૂષ શું શું કરે છે?

वन्द्यान्निन्दति दुःखितानुपहसत्याबाधते बान्धवा–
ञ्छूरान् द्वेष्टि धनच्युतान् परिभवत्याज्ञापयत्याश्रितान् ।
गुह्यानि प्रकटीकरोति घटयन् यत्नेन वैराशयं,
ब्रूते शीघ्रमवाच्यमुज्झति गुणान् गृह्णाति दोषान् खलः ॥ ३७ ॥

ખળ પુરૂષ પૂજ્ય લોકોની નિન્દા કરે છે, દુઃખિત લોકોને હસે છે, ભાઇઓ સાથે કલેશ કરે છે ( હરકત કરે છે. ) શૂર પુરૂષોનો દ્વેષ કરે છે. વ્યાપારાદિમાં દૈવથી ખોટ આવતાં ધનહીણ થયેલ એવા પુરૂષોનો પરાભવ કરે છે. પોતાના આશ્રિતજનોને આજ્ઞા કર્યા કરે છે. છાની વાર્તાને પ્રસિદ્ધ કરી આપે છે. મહેનતથી વેરવાળા અન્તઃકરણને ઘટાવતો અવાચ્ય ( ન બોલવાના ) વચનને બોલે છે. ગુણોનો ત્યાગ કરે છે. અને દોષોને ગ્રહણ કરે છે. માટે સુજ્ઞ પુરૂષે આવા દુર્જનથી દૂર રહેવું. ૩૭

---

૧ મુખથી એટલે સારા મધુર વચનો બોલવાથી. અને હાથથી એટલે દાન તથા ઇનામો આપવાથી.

## ક્ષુદ્ર દેડકાનો હંસ પ્રતિ દુર્જનતા.

### स्रग्धरा.

हे पक्षिन्नागतस्त्वं कुत इह सरसस्तत्कियद्वो विशालं,
किं मद्धाम्नोऽपि बाढं तदतिविपुलतां पाप मा ब्रूहि मिथ्या,
इत्थं कूपोदकस्थः शपति तटगतं दर्दुरो राजहंसं,
नीचः प्रायः शठार्थो भवति हि विषमो नापराधेन दृष्टः ॥ ३८ ॥

એક દેડકો હંસને કહે છે, કે 'હે પક્ષી? તું ક્યાંથી આવ્યો?' 'સરોવરથી' તે કેવડું છે? 'ઘણું મ્હોટું છે.' તું સત્યથી કહે શું મારા ઘરથી પણ વિશાળ છે? 'તેનાથી તો ઘણું વિશાળ છે.' 'હે પાપી! તું મિથ્યા બોલ નહિ.' આ પ્રમાણે કુવાના પાણીનો દેડકો કાંઠે રહેલા રાજહંસને ગાળ્યો આપે છે તેમ જે ખળ પુરૂષ છે તે ઘણું કરીને લુચ્ચો અને નિત્ય અવળોજ હોય છે એટલે પોતે અજ્ઞાન તથા અપરાધી છતાં તે જોવામાં આવતું નથી. ૩૮

## દુર્જન ભેટે તોપણ સારો નહિં.

### દોહા.

*બાથ ભરી ભેટ્યા થકી, કરિયે નહિં વિશ્વાસ;
ફોફલને લે બાથમાં, સૂડી કરે વિનાશ. ૩૯

## दुर्जनोऽल्पेऽप्यहंकुरुते

## દુર્જન થોડા ઝેરને પણ ગુપ્ત રાખી શકતો નથી.

### अनुष्टुप्—(१–४)

विषभारसहस्रेण, गर्वं नायाति वासुकिः ।
वृश्चिको बिन्दुमात्रेण, ऊर्ध्वं वहति कण्टकम् ॥१॥

પુષ્કળ વિષના ભારવડે વાસુકી નાગ ગર્વ ધારણ કરતો નથી, પણ ફકત એક બિંદુ માત્ર વિષથી વિંછી આંકડો (ગર્વને લીધે) ઊંચો રાખે છે. ૧

## ઉકત બાબતનું કોયલ તથા દેડકાનું દૃષ્ટાંત.

दिव्यं चूतरसं पीत्वा, गर्वं नो याति कोकिलः ।
पीत्वा कर्दमपानीयं भेको रटरटायते ॥२॥

---

૧ આ શ્લોકમાં પ્રશ્નોત્તર છે.  * દલપતરામ.

કોયલ પક્ષી દેવને યોગ્ય એવી કેરીના રસનું પાન કરીને ગર્વિષ્ઠ થતું નથી, પરંતુ કાદવવાળું પાણી પીઇને દેડકો ડરાઉં ! ડરાઉં ! બબડ્યા કરે છે. ૨

## ખલના આડંબર માટે કાંસ્ય પાત્રનું દૃષ્ટાંત.

निःसारस्य पदार्थस्य प्रायेणाडम्बरो महान् ।
न सुवर्णो ध्वनिस्तादृग्, यादृक्कांस्ये प्रजायते ॥३॥

ઘણે ભાગે હલકા ( માણસો ) આડંબર ( ડોળ ) રાખનારા છે. જેમકે કાંસાના પાત્રમાં જેવો ધ્વનિ હોય છે. તેવો ધ્વનિ ( શબ્દ ) સુવર્ણમાં હોતો નથી. ૩

## દૂર્જનની ચંચલ સ્થિતિ.

अहो सुसदृशी वृत्तिस्तुलाकोटेः खलस्य च ।
स्तोकेनोन्नतिमायाति, स्तोकेन यात्यधोगतिम् ॥ ४ ॥

અહો ? ( આશ્ચર્ય છે કે ) નીચપુરૂષની અને તોળવાના કાંટાની સરખી વૃત્તિ છે કે જરા ભારથી ઉંચો થઇ જાય અને થોડા ભારથી નીચે નમી જાય છે આમ ખલ મનુષ્ય પણ ક્ષણે તુષ્ટ અને ક્ષણે રૂષ્ટ થતા વાર લાગતી નથી. ૪

## કોમલ મનુષ્યમાં પણ દુર્જન ગુસ્સે થઇ જાય છે.

### आर्या.

प्राकृत एव प्रायो, मृदुषु तरां दीप्यते नसत्पुरुषाः
वारिणि तैलं विकसति, निर्मुक्तं स्त्यायते सर्पिः ॥ ५ ॥

ઘણું કરીને પ્રાકૃત ( નીચ ) કોમલ મનુષ્યોમાં અત્યન્ત કોપ કરે છે. પણ સત્પુરૂષો કોપ કરતા નથી એટલે જેમ પાણીમાં મોતીને શોધનારા મનુષ્યો પોતાના મોઢામાં તેલનો કોગળો લઇ પાણીમાં ઉતરી તેને મુખમાંથી કાઢી તેના પ્રકાશમાં મોતીને શોધી શકે છે પણ ઘી નાંખ્યું હોય તો તે જામી જાય છે. તેમ દુર્જન મનુષ્ય પરહિતમાં તે નિરૂપયોગી-જડ થઇ જાય છે. ૫

# दुर्जनो दण्डयः

## દુર્જન શિક્ષાને પાત્ર છે.

### अनुष्टुप् ( ૧ થી ૪ )

खलानां कण्टकानां च, द्विविधैव प्रतिक्रिया ।
उपानन्मुखभङ्गो वा, दूरतो वापि वर्जनम् ॥ १ ॥

કોઇ એક ગર્દભ ( ગધેડો ) ગર્વથી માર્ગ રૂંધીને ભયરહિત ઉભો હતો, તેને એક મુસાફરે જોઈ, બેહાથ જોડી, ( વિનય પૂર્વક ) નમ્રતા માન સાથે કીધું કેઃ— હે આર્ય ! મારે માટે ( મારે જવા માટે ) રસ્તો છોડી દ્યો, મારા ગયા પછી આપ મરજી માફક બિરાજશો. એમ કહ્યા છતાં ગર્દભભાઈએ તો સાંભળ્યું નહીં, પછી મુસાફરે ( પુષ્પાંજલિ ) શિક્ષા કરી કે તરતજ ( મહેરબાન સાહેબે ) રસ્તો છોડયો. ( આ ઉપરથી એ સિદ્ધ થયું કે ) મૂર્ખ શિક્ષાનેજ પાત્ર છે. ૫

## દુષ્ટને શિક્ષા એજ શાંતિનું સ્થાન છે.

"એતો મિઆં ભાઈકા ખેત હે, બોડી ( વિધવા ) બામનીકા નહિ "

* બાદશાહી વખતમાં અમદાવાદથી બે મુસલમાન સ્વારો નોકરીનો હુકમ થવાથી પરગામ જવા નીકળ્યા. મિયાંને ઘેર તો હાંલ્લેહાંલ્લાં કુસ્તી કરતાં હતાં, પોતાનું પોષણ બહુ મુશ્કેલીથી થતું, તો ઘોડાને પેટપુર ખાવાની આશા શી? બિચારા ઘોડાના પેટમાં હાથ હાથના ખાડા પડ્યા હતા. ખેતરમાં લીલો–હરીઆળી જેવો ને ઘોડાચડ ઢંકાય જાય એવો ઊંચો મોલ જોઇને મિઆંઓએ તો ઘોડા માંહે છૂટા મૂકી દીધા, પણ ખેતરના માલિકને ખબર પડવાથી જોરથી હાકોટો કર્યો કે ફસકુમિઆંઓ તરત ઘોડા બહાર કાઢી લઇ, જાણે કંઈજ બન્યું નથી. તેમ ડોલતા ડોલતા આગળ ચાલ્યા, થોડેક ગયા એટલે એક સ્વાર બોલ્યો, "યે ખેતરમેં કોઇ આદમી દીખા જાતા નહિ હે, ઇસમે ઘોડા છોડ દેંગે?" તેના સોબતીએ હા કહી તેથી ખેતરનો મોલ ચરવા ઘોડાને છૂટા મૂકી દીધા. એ ખેતર કોઈ બિચારી વિધવા બ્રાહ્મણીનું હતું, તે વખતે તે ત્યાં હતી, તેના ખેતરમાં ઘોડા પેઠેલા જોઇ સ્વાર પાસે જઇ પગે લાગી, ઘણાજ કાલાવાલા કર્યા, પણ દૈત્યને દયા શાની આવે? મિયાંભાઈએ ગણકાર્યું નહીં, પણ ઉલટી બે ચાર ગાળો દઇ મારવાની ધમકી આપી. બિચારી અબળાજાત શું કરે? લાચાર થઇ નુકશાન થયું તે જોયા કર્યું, મિયાંભાઈએ તો ઘોડા ચરાવતાં ચરાવતાં આગળ ચાલવા માંડયું. બ્રાહ્મણીનું ખેતર પૂરું થયું અને જોડે બીજું ખેતર આવ્યું, તો એ પણ બ્રાહ્મણીનુંજ હશે, એમ ધારી તેમાં પણ ચરાવવા જારી રાખ્યા, મિયાં ફસકુઓને ખબર નહિ કે એ કોઇ જાગીદારનો વજીફો છે, નહિં તો શેઢાપર ચડત પણ નહીં.

જાગીરદારના માણસોએ પોતાના વજીફામાં ઘોડા સ્વાર સહિત પેઠેલા જોઇ, એકદમ દોડી કાંઇ પૂછપરછ કીધા વગર બંને સ્વારોને ઘોડેથી હેઠે નાખી મારવા માંડયા એટલે એક મિયાં બોલ્યો કે, "તુમ કાયકુ હમ લોકકું મારતા હય તુમેરાકુચ્છ બિગાડતો નહિ કીયા ? એ ખેતરતો બોડી બમની કા હૈ ઇસમે તુમેરા ક્યાં લીયા ?"

---

* કૌતુકમાળા.

નેતો ઠીક આવા આવા અનેક વિચારો મિયાંભાઇના મનમાં એક પછી એક આવવા માંડ્યા

આખર સૌના સાંભળતાં બીબીને કહ્યું કે આ સબ અપને બોત પીછાનવાલે હે, ઔર મૈને બોત દફે ઉસ્કે વાં ખાના અચ્છા અચ્છા ખાયા હય, તો ઉન્હોંકે વાસ્તે કંસારકી તૈયારી બનાદો, ઔર કિશ્તીકું, રસોઇ પકાનેકું બોલાવ મેં બજારમેંસે ઘી, ગુડ, તરકારી વગેરે લાતા હકું" એમ કહી સૌ મેમાનને ઘેર બેસારી બહાર ગયો. મેમાને જાણ્યું કે મિઆંનો ભાવ આપણા ઉપર ઘણો છે. જુઓને કંસાર કરવાને કહ્યું ને ઘી ગોળ લેવા પણ ગયો. વાહ! શું ભલો માણુસ છે! સિપાઇ તો આવો હોય નહિ, "**મીઆંભાઇની યારી તે ઝાંપા લગી સારી**" એમ કહેવાય છે તે ફતેખાં ખોટું પાડે છે?

મિઆંના મનમાં તો કપટ હતું તેથી તુરત પોતાના ભાઇબંધ જાલમખાંને ઘેર ગયો અને સર્વ વાતથી વાકેફ કરી કહ્યું કે "દેખ યાર અબી તો લાજ શરમ તેરે હાથમેં હય, જશકા જશ મીલે ને મીજમાનકું ખીલાના ન પરે ઐસા ઉપાય કરના મેરી હાલત અબી કૈસી હય સો તુમ જાનતે હો ઓ સાલા પાંચ સાત રૂપિયાકા નુકશાન કર જાય ઉસ્મે અપને કયા નફા? અબીતો ઉનકા બાપાકી પરવા બી નહી હૈ" જાલમખાં કહે અચ્છા, દોસ્ત મેરી પાસ ઉસ્કા ઉપાય તો હે, લેકીન બોત મુશ્કિલ બાત હૈ.

**ફતેખાં**—કેસા મુશ્કિલ હે, બોલ તો સચ્ચ.

**જાલમખાં**—દેખ, મેરા ઐસા ઇરાદા હે કે મૈ પાંચ દશ આદમી જમા કરકે તેરા ઘરકી નજક આઉં ઔર ગાલી દેકે બોલું કે 'ઓ સબ મીજબાનકું નીકાલ, ઓ મેરા ગુનેગાર હૈ, નહિ તો મૈ માર ડાલુંગા." ઉસી બખત તુમને મેરી સામને હથીઆર લેકે ઉસ્કી તરફસેં લડાઇ કરનેકું તૈયાર હોના ઓ બાતસેં સબ મીજબાન ડરકે મારે, ભાગ જાએંગે, કબી ન ભાગ જાવે તો તે તરફસેં વખ્તપર બંદુકકા ભડાકા બી કરના પડેગા. ભડાકા સુનકે પીછે તો ઓ સબ ભાગ જાએંગે મગર ઉસી બખ્ત બડી હુશીયારી રખના કબી ગોલી છુટ જાવે તો જાન જાનેકા સટ્ટા હૈ!

**ફતેખાં**—યે બાત તો મીજબાનકું નીકાલનેકી બહુત અછી હે, લેકીન બંદુકકી ગોલીકી બાત અછી નહિ હૈ.

**જાલમખાં**—તબ, ચલ, ચલેજા તેરે ઘરકું. જશ ખાલી પીલી કીસ તરેહસેં મીલે? "**જશ તો જાન ગયે મીલે**" તેરકું માલૂમ હૈ?

ફતેખાંનો દૃઢ વિચાર મેમાનને કાઢી મુકવાનો હતો તેથી લાઇલાજે તેનું કહેલું કબુલ રાખ્યું, ને પોતાને ઘેર જતી વખત જાલમખાંને પાછળથી આવવાનું કહેતો ગયો.

ફતેખાંએ ઘેર આવી કમાડ બંધ કરીને મેમાનોને વાસ્તે હોકા ભરાવ્યા ને અગાઉના વખતની વાતો કરવા માંડી.

જાલમખાંએ બીજા પાંચ સાત આદમીને બોલાવ્યા, ઢાલ, તરવાર, અને બંદુક હાથમાં લઇ લીધી, જામગરી સળગતી રાખી ફતેખાંના ઘર આગળ તે માણસો સહિત આવી હાકોટો કર્યો કે, "અરે હરામી લોક! આઇ જાઓ અબી મેદાનમેં! હમારા બડા નુકસાન કરકે ઘરમેં ઘુસ ગયા હો, તો તુમ સબ કયા સમજતે હો!! ચલો સતાબી કરો અરે ઓ ફતેખાં ફકસકું સુનતા કયું નહિ? નીકાલ સબ લોકકું બહાર નીકાલ સબ લોકકું બહાર!!" પેલા બિચારા ગામડીયા લોકો તો ચોંકયા કે આતે કોને બહાર નીકળવાનું કહે છે ફતેખાંએ તેમને શાંત પાડી અંદરથી તાડુકો કર્યો કે "ઓ જાલમખાં જુલમી, તુમ કિસકું નિકાલનેકું બોલતે હો?

**જાલમખાં**—તુમેરા મીજબાનકું! ઉન્હોને હમારા બડા ગુન્હા કયા હે!

**ફતેખાં**—કયા ગુન્હા કિયા હૈ?

**જાલમખાં**—મેરા બાવા ઇનુકા ગાંઉમેં નોકરથા ઉસી બખ્ત ઇનુને ઉન્કુ મારાથા.

ફતેખાંના પૂછવાથી પેલા ગામડીઓએ જાલમખાં સાંભળે તેમ જવાબ દીધો કે, "ના ભાઈસાહેબ, અમે તો કાંઇ જાણતા નથી! તેમજ એમના બાપને પણ દીઠા નથી! તો અમોએ તેમને માર્યા તો કયાંથી હોય!!!"

**જાલમખાં**—જબ તુમને નહિ તો તુમેરા ભાઇએ મારા હોગા!
ઓ સબ એકાએકજ હે કે દુસરા? યાદ રખો, મૈં અબી છોડનેવાલા નહિ! યહ હથીયારસેં માર મારકે ટુકડે ટુકડા કર ડાલુંગા.

ગામડીઆઓ ગભરાવા લાગ્યા, તે જોઇ ફતેખાંએ પેલા ગામડીઆઓને હિંમત આપી કે જાલમખાંનો શો ભાર છે? તમને હું બેઠો છું ત્યાં સુધી ઉની આંચ આવવા દેનાર નથી. એમ કહી તે પણ ઢાલ, તરવાર, બંદુક લઇ લડવાને તૈયાર થયો.

આથી પટેલીઆઓને હિમ્મત આવી તથા તેઓ નિર્દોષ હતા, તેથી મનમાં એમજ હતું કે આતો કોઇકને બદલે કોઇકને વઢવા આવેલ જણાય છે. તેથી થોડીવારમાં ફતેખાં સમજાવી કાઢી મુકશે. આમ વિચારીને તેઓ નિર્ભયપણે બેસી રહ્યા.

## દુષ્ટના અમૂલ્ય સંગીનો ત્યાગ.

### शार्दूलविक्रीडित ( ૨ થી ૫ )

सौवर्णः कमलाकरः शशिशिलासोपानबन्धक्रमो,
वारि क्षीरसहोदरंतटतरुश्रेणी सुखाः क्षोणयः ।
सर्वं ते रुचिरं सरोवर परं निन्द्यः कुतोऽयं विधिः,
कूटग्राहभयात्प्रयान्ति विमुखाः पान्था निदाघेऽप्यमी ॥ ३ ॥

હે સરોવર ! તારામાં રહેલો કમલોનો સમૂહ સુવર્ણ સમાન રંગવાળો છે. અને ચન્દ્રકાન્ત નામના મણિઓથી તારા તીરના પગથીયાંની સીડી બાંધેલી છે. તેમ ક્ષીર ( દુધ ) સમાન તારૂં પાણી છે. તથા કાંઠાના વૃક્ષોની પંક્તિથી સુખરૂપી એવી તારા કાંઠાની ભૂમિ છે એમ તારૂં સર્વ સુન્દર છે. છતાં તને આ નિન્દવા યોગ્ય ( વિધિ ) દૈવ ક્યાંથી પ્રાપ્ત થયું ? કે આ ( ભયંકર ) ઉષ્ણ ઋતુમાં પણ મુસાફર લોકો ગુપ્ત રહેલા ઝુંડાની બીકથી વિમુખ ( આડું મુખ રાખનારા ) થઇ ચાલ્યા જાય છે ? મતલબ કે સજ્જન પુરૂષો પાસે આવા ઝુંડ જેવા દુર્જનો હોય તો તેની પાસે કોઇ અર્થી જન જતો નથી. ૩

### બાવળની નિરૂપયોગી પ્રથા. *

गात्रं कण्टकसङ्कटं प्रविरलच्छाया न चायासहृत,
निर्गन्धः कुसुमोत्करस्तव फलं न क्षुद्विनाशक्षमम् ।
बब्बूलद्रुम मूलमेति न जनस्तत्तावदास्तामहो,
ह्यन्येषामपि शाखिनां फलवतां गुप्त्यै वृतिर्जायसे ॥ ४ ॥

હે બાવળના વૃક્ષ ! તારૂં શરીર કાંટાના સંકટવાળું છે, તારી આછી છાયા મનુષ્યના થાકને હરણ કરી શકતી નથી, તારા પુલનો સમૂહ સુગન્ધ રહિત છે. તેમ તારૂં ફળ મનુષ્યની ક્ષુધાને નાશ કરવામાં સમર્થ નથી એટલુંજ નહિ પણ ફળવાળાં બીજા વૃક્ષોને પણ ઢાંકી દેવા સારૂં તું વાડરૂપ થાય છે. એટલે તેમાંથી પણ ફળ બીજાને લેવા દેતો નથી, આવા તારા નિરૂપયોગી લક્ષણથી મનુષ્ય તારાથી બીએ છે. ૪

### કુસંગ માટે ભ્રમરને ઉપાલંભ.

किं क्वापि मलयानलैर्विटपिनो निर्दह्य भस्मीकृताः,
किं वा दैवगजेन पङ्कजवनं निष्कन्दमुन्मूलितम् ।

* બાવળ એ કેવળ નિરૂપયોગી વસ્તુ નથી, પરંતુ દુર્ગુણીના ચોકસ લક્ષણો ત્રાસનું કારણ છે તે ઘટાવવાને આવા દૃષ્ટાંતો આપવામાં આવે છે. કર્તા.

જે ગુણહીન એવા લોકને પ્રણામ કરે છે. ગુણવાન્ પુરૂષને દેખી અક્કડ રહે છે. પોતાના બન્ધુઓનો દ્વેષ કરે છે અને બીજા મનુષ્યોનાં દયાદ્ધ બન્ધુભાવ ધારણ કરે છે. તેવા કીર્તિના અર્થવાળા લક્ષણી ધૂર્ત પુરૂષને દંભી જાણવો ૩ *

## સ્વાર્થસાધક દંભીઓ.

कार्योपयोगकाले प्रणतशिराश्चाटुशतवचनकारी ।
सभ्रूभङ्गो मौनी, कृतकार्यो दाम्भिकः क्रूरः ॥ ४ ॥

દંભીપુરૂષ કાર્યના હેતુથી ( ગરજે ) મસ્તક નમાવનાર તથા સેંકડો ચાટુ ( મીઠાં ) વચનને બોલનાર થાય છે. અને કાર્ય સિદ્ધ થયા પછી ભ્રૂકુટી વાંકી કરી મૌનવ્રત ધારણ કરનાર અને ક્રૂર ( નિર્દય ) થઇ જાય છે. ૪

## દંભી દૈત્ય.

स्तम्भितविबुधसमृद्धिर्दैत्यो योऽभूत् पुरा जम्भः ।
दम्भः सोऽयं निवसति भूमितले भूतदेहेषु ॥ ५ ॥

દેવતાઓની સમૃદ્ધિને રોકનાર એવો " જંભ " નામનો દૈત્ય જે પહેલાં થયો હતો. તે આ દંભરૂપે થઇ ભૂતલમાં ભૂત–પ્રાણી માત્રના શરીરોમાં નિવાસ કરી રહ્યો છે. ૫

## દંભી ક્રિયા ઉપર નિસ્પૃહતાનું સામ્રાજ્ય.

शुचिदम्भः शमदम्भः स्नातकदम्भः समाधिदम्भश्च ।
निःस्पृहदम्भस्य तुलां यान्ति तु नैते शतांशेन ॥ ६ ॥

પવિત્રતાના દંભને રાખનારો, શમ ( ઇન્દ્રિય નિગ્રહપણું ) ના દંભને રાખનાર સ્નાતક (વિદ્યાસ્નાતક, વ્રતસ્નાતક અને વિદ્યાવ્રતસ્નાતક) આમ ત્રણ પ્રકારના સ્નાતકના અભિમાનને ધારણ કરનારો અને સમાધિ ( યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આમ અષ્ટાંગ યોગ ) ને જાણું છું, એમ દંભ રાખનારો આ ચાર પ્રકારના દંભીઓ નિસ્પૃહી દંભી પુરૂષની સ્પર્ધામાં પણ ટકી શકે તેમ નથી. એટલે નિસ્પૃહતાનો દંભી સર્વોપરિ છે. ૬

## શૌચનાં દંભ.

शौचाचारविवादी मृत्क्षयकारी स्वत्रान्यवस्त्रस्पर्शी ।
शुचिदम्भेन जनोऽयम् विश्वामित्रत्वमायाति ॥ ७ ॥

---

* ૩ થી ૨૧ કાવ્યમાલા પ્રથમ ગુચ્છક.

શોચના આચારનો વાદ કરવાવાળો એટલે મૃત્તિકાનો ક્ષય કરનારો અને પોતાના બાન્ધવોને જ સ્પર્શ કરનારો મનુષ્ય પવિત્રપણાના દંભથી જગતના શત્રુભાવને પામે છે. ૭

## અહિંસા વ્રતનો દંભ

संहृतबहुविधसत्त्वो, निःक्षेपद्रविणवारिबहुतृष्णः ।
सततमहिंसादम्भो वडवाग्निः सर्वभक्षोऽयम् ॥ ८ ॥

ઘણાં પ્રાણીઓનો સંહાર કરનાર અને બીજાની થાપણના ધન રૂપી પાણીમાં ઘણી તૃષ્ણા રાખનાર એ સમુદ્રમાં રહેલા વડવાનલ નામના અગ્નિની માફક સર્વનું ભક્ષણ કરનારો મનુષ્ય છે તેથી તેને અહિંસા વ્રતના દંભને રાખનારો જાણવો. ૮

## દંભની લીલા.

मुण्डो जटिलो नग्नश्छत्री दण्डी कषायचीरी वा ।
भस्मस्मेरशरीरो दिशि दिशि भोगी विजृंभते दम्भः ॥ ९ ॥

કોઇ—માથું મુંડાવનાર તો કોઇ જટા રાખનાર કોઇ નગ્ન ( નાગોતો ) કોઇ મસ્તક ઉપર છત્ર રાખવાવાળો, કોઇ દંડને ધારણ કરનારો, કોઇ ભસ્મ ( રાખ ) થી ધોળા શરીર વાળો એવો દેહ ધારી ( એટલે પાખંડી રૂપે થયેલો ) દંભ જગત્માં આનન્દ કરી રહ્યો છે. ૯

## દંભીના આડંબર.

खल्वाटः स्थूलवपुः शुष्कतनुर्मुनिसमानरूपो वा ।
शाटकवेष्टितशीर्षश्चैत्योन्नतशिखरवेष्टनो वापि ॥ १० ॥

કોઇ માથે ટાલવાળો, તો કોઇ સ્થૂળ શરીરવાળો, કોઇ શુષ્ક ( સુકાયેલ ) શરીરવાળો, તો કોઇ મુનિના સમાન રૂપને ધારણ કરનારો કોઇ રેશમી વસ્ત્રથી મસ્તકને બાંધનારો તો કોઇ મન્દિરના ઉંચા શિખર સમાન જટાના કેશને બાંધનારો, આમ અનેકરૂપે દંભી પુરૂષે જગતને પોતાના દંભની જાલમાં ગ્રહણ કરેલ છે.૧૦

## દંભનું કુટુંબ.

लोभः पितातिवृद्धो जननी माया सहोदरः कूटः ।
कुटिला कृतिश्च गृहिणी पुत्रो दम्भस्य हुंकारः ॥ ११ ॥

અત્યન્ત વૃદ્ધ ( વૃદ્ધિ પામેલ ) લોભ દંભનો પિતા છે. માયા ( કપટ ) માતા છે. કૂટ ( અસત્ય ભાષણ ) સહોદર ( સગો ) બન્ધુ ( ભાઈ ) છે. અને કુટિલ એવી જે કૃતિ ( કામ ) તે સ્ત્રી છે અને માન ( હુંકાર કરીને જવાબ આપવો ) તે પુત્ર છે. અર્થાત્ આ સર્વ દંભના કુટુંબ છે. ૧૧

## શરીર ચેષ્ટાથી દંભીનો જેવાતો હાર્દ.

नयनाञ्चलैः सकोपैर्भ्रूकुटिहुंकारवदनसंज्ञाभिः ।
बहुविधकदर्थनाभिः, कथिताखिलहृदयवाञ्छितो मौनी ॥ १२ ॥

દંભી પુરૂષ મૌન રાખીને પણ કોપ રહિત એવા નેત્રના ઇસારાથી ભ્રૂકુટી ચડાવી હુંકારવાળા મુખની સંજ્ઞાઓથી અને ઘણા પ્રકારની કુત્સિત ચેષ્ટાઓથી પોતાના હૃદયનું તમામ ઇચ્છિત દર્શાવી આપે છે. ૧૨

## પવિત્ર બ્રહ્મલોકમાં દંભની દરખાસ્ત.

रक्षन्परसंस्पर्शं शौचार्थी ब्रह्मलोकेऽपि ।
दम्भः पुरोऽस्य तस्थावुत्थित एवासनाकाङ्क्षी ॥ १३ ॥

બ્રહ્મલોકમાં પણ બીજાથી સ્પર્શ ( અડકવા ) ને બચાવતો એટલે સંકુચિત વસ્ત્ર કરી ચાલતો શૌચનો જેને હેતુ છે, એવો દંભ આ બ્રહ્માજીની આગળ આસનની ઇચ્છા રાખીનેજ ઉઠીને ઉભો રહ્યો એટલે પવિત્ર બ્રહ્મલોકમાં પણ પોતાનું અતિ પવિત્રપણું બતાવતો ઉભો રહ્યો કે આ બધા સ્થાનકો અપવિત્ર છે જેથી મને પવિત્ર સ્થાનક આપો. ૧૩

## બ્રહ્માનો ઉત્તર.

उपविश पुत्र ममाङ्के नियमेन महीयसातिचित्रेण ।
अर्होऽसि गुणगणोद्भूतगौरवसंवादिनानेन ॥ १४ ॥

હે પુત્ર ! દંભ ! મારા ખોળામાં નિયમથી તું બેસ કારણકે ગુણના સમૂહની મોટાઇને કહેનાર એવા આ ( તારા ) અતીવ મોટા ચારિત્રથી તું ( મારા ખોળાના આસનને ) લાયક છો. ૧૪

## દંભનું વર્તન.

इत्युक्तो विश्वसृजा तस्यांकमशंकया ससंकोचः ।
अभ्युक्ष्य वारिमुष्टया कृच्छ्रेणोपाविशद्दंभः ॥ १५ ॥

બ્રહ્માજીથી આ પ્રમાણે કહેવાયલા દંભે સંકોચની સાથે હાથમાં પાણી લઇ તે બ્રહ્માજીના ખોળાનાં છાંટયું. અને ( એમ પવિત્ર કરી ) પછી શંકા છોડીને કષ્ટથી તેમાં બેઠો. ૧૫

## દંભની નવી દરખાસ્ત.

नीचैर्वाच्यमवश्यं यदि वाच्यं हस्तपद्मेन ।
आच्छाद्य वक्त्ररन्ध्रं स्पृष्टो न स्यां यथास्य वातांशैः ॥ १६ ॥

તમારે અવશ્ય ઉંચે સ્વરેથી ન બોલવું. અને જો બોલવું પડે તો પ્રથમ તો હાથ રૂપી કમલથી મુખના છિદ્રને ઢાંકીને બોલવું. કે જેથી મુખના પવનના અંશ રૂપ થુંકના છાંટાથી હું અહિં સ્પર્શિત ન થાઉં. એટલે મને તમારા થુંકના છાંટા ન ઉડે. ૧૬

## દંભની જગતમાં મુસાફરી.

अथ मर्त्यलोकमेत्य भ्रान्त्वा दम्भो वनानि नगराणि ।
विनिवेश्य गौडविषये निजजयकेतुं जगाम दिशः ॥ १७ ॥

હવે ( સ્વર્ગથી ) દંભ મનુષ્ય લોકમાં આવીને વનો તથા નગરોમાં ભ્રમણ કરીને ગૌડ દેશમાં* પોતાના વિજયની ધ્વજાને ચડાવીને પછી અન્ય દિશાનો વિજય કરવા ચાલ્યો. ૧૭

## દંભનો નિવાસ.

तदनु च गणकचिकित्सकसेवकवणिजां सहेमकाराणाम् ।
नटभटगायकवाचकचक्रिचराणां च हृदयानि ॥ १८ ॥

ત્યારપછી દંભે જોશી, વૈદ્ય, નોકર, વાણીઆ, સોની, નટ, ( નાચકરનારા, ) લડવૈયા, ગવૈયા, કથાવાંચનારા, અને ચક્રવર્તિ રાજાઓના ગુપ્ત અનુચરોના હૃદયમાં પ્રવેશ કર્યો. ૧૮

## દંભનો પક્ષીઓમાં પ્રવેશ.

मत्स्यार्थी चरति तपः सुचिरं निःस्पंद एकपादेन ।
तीर्थेषु बकतपस्वी तेन विहंगान्गतो दम्भः ॥ १९ ॥

માછલાંના અર્થવાળો તોપણ ઘણા વખત સુધી એક પગે સ્થિર રહ્યો ને તપસ્વી એવો બગલો તીર્થોમાં તપ કરી રહ્યો છે, તેથી ( તે બગલા માર્ફત ) દંભ પક્ષિઓમાં પેઠો. ૧૯

## વૃક્ષમાં રહેલો દંભ.

विपुलजटावल्कलिनः शीतातपवातकर्शिताः सततम् ।
वृक्षा जलार्थिनो यद्दम्भस्य विजृम्भितं तदपि ॥ २० ॥

મોટી જટા અને વલ્કલ ( છાલ ) ને ધારણ કરવાવાળાં તેમ હમેશાં તાઢ તથા તડકાથી દુર્બળ થયેલાં ( એટલે ઉપરથી તપસ્વીના સમાન વેશ તથા તપ કરવાવાળાં ) વૃક્ષો જળની ઇચ્છા રાખીને ઉભાં છે તે પણ દંભનું પ્રકટ સ્વરૂપ છે. ૨૦

* ગૌડ દેશમાં દંભી પુરૂષો વધારે છે એમ કવિનો અભિપ્રાય છે.

હે કરીન્દ્ર! હાથીના સ્વામી! જે તળાવમાં તેં ઠંડું પાણી પીધું, જેમાંથી કમલના અંકુરોનું ભક્ષણ કર્યું, તેમ તાપથી પીડાયેલા તેં જે તળાવના મધ્યમાં નિમજ્જન [સ્નાન] કરીને પોતાનો થાક ઉતાર્યો, તેજ તળાવના પાણીને મેલાં કરતા કમલોનું મર્દન કરતા કાંઠાએને ઉખેડી નાખતા એવા તને શરમ પણ થતી નથી, માટે તને ધિક્કાર છે. ૧૮

## ઉત્તમ સાધન છતાં ખળની વક્રતા.

नो निर्धूतविषं पिबन्नपि पयः सम्पद्यते पन्नगो,
निम्बाङ्गाः कटुतां पयोमधुघटैः सिक्तोऽपि नो मुञ्चति ।
नोशीरैरपि सर्वदा विलसितं धान्यं ददात्यूषरं,
नैवं मुञ्चति वक्रतां खलजनः संसेवितोऽप्युत्तमैः १९

સર્પ દુધનું પાન કરતો હોય તો પણ તેનું ઝેર નાશ પામતું નથી; લીંબડાનું શરીર દુધ તથા મધુના ઘડાઓ વડે સેચન કરવામાં આવે, તો પણ તે કડવાસને છોડતું નથી. તેમ ઉત્તમ પ્રકારના સુગંધીવાળા જલોથી હમેશાં શોભાવવામાં આવે તો પણ રણની ખારી જમીન ધાન્યને આપતી નથી. તેજ પ્રમાણે ખળ પુરૂષનું ભલે ઉત્તમ પુરૂષો સેવન કરે, તો પણ તે પોતાની વક્રતા (વાંકાઈ) ને છોડતો નથી.

## કૃતજ્ઞતાને બદલે કૃતઘ્નતા

### મનહર છંદ

[1]ઝાડીમાં અઝાડી મધપૂડો પાડયો પારધીએ, પાપી વાઘ અંગે પીડા પૂરણ પમાડી છે;
દયાળુ મનુષ્યે દીઠો; દયા તેને દીલ આવી, તેથી તેણે તારી બારી, મુશ્કેલી ઉઘાડી છે;
છાપો મારી છોડનારનાજ તેં છોડાવ્યા પ્રાણ, તેમાં તેં શી જગતમાં બા'દુરી જગાડી છે,
કહે દલપતરામ, કૃતજ્ઞતા કરી તેને, ખરેખરી કૃતઘ્નતા, તેં કગ દેખાડી છે.— ૨૦
સિંહનો શિકાર કરનાર નર નિરખીને, ચોંપે એક અજ ચાલ્યો સિંહને ચેતાવવા;
જાણે ભાળી મારો ભાવ ત્રિસારશે વૈરભાવ, એથી મારે એની પાસે થશે જવા આવવા;
કૂદકારો મારી સિંહે અજને વિદારી નાંખ્યો, કહ્યું શાણો થૈને, આવ્યો મને સમજાવવા
અંતર વિચારી આમ, કહે દલપતરામ, જોરાવરને ન જૈએ ડાપણ શિખાવવા—૨૧

## કૃતઘ્ની સુરદાસનું દ્દષ્ટાંત.

સુરદાસકી ટેકી, લગી તો લગી, નહિ તો રામગુક તો લગાઈ હૈ.

* ચડોતરના એક ગામમાં મથુરદાસ કરીને પાટીદાર રહેતો હતો. તેને કાંઈ સંતાન નહોતું; ધણી ધણીઆણી બેઉ ધર્મપર સારી આસ્થા રાખતાં હતાં. તેમને

૧ દલપત કાવ્ય ભાગ બીજો. * કૌતુકમાળા

વાતા ઔર બીચમેં ઉતરનેકા કહેતા હૈ, તો તુમકું બાડા નહિ મીલેગા, ચલ, હમ ઔર હમારી ઓરત દોનોકું ઉતાર દે ! ! !

પાટીદાર—મહારાજ ? તમારી ઓરત કયાં છે?

**સુરદાસ**—હમારી સંગ ગાડીમાં બેઠી હૈ એ. તુમ જાનતા હૈ ઔર કાયકું પૂછતે હો, કયા હમારી ઓરતકું લે જાનેકા વિચાર હૈ ! ! !

પાટીદારની સ્ત્રી જે પાસે બેઠી બેઠી આ બધી રકઝક સાંભળતી હતી તે વિસ્મિત થઇ ખેદ પામી કહેવા લાગી " મહારાજ! તમે તો મારા ભાઈ અને બાપને ઠેકાણે છો. અરે, તમે સાધુ થઇને આવું અણઘટતું અને જુઠું બોલો છો. તે મોટા પાપી થાઓ છો, તમે નર્કમાં પડશો, જલદીથી ઉતરી જાઓ નહિ તો જબરજસ્તી કરી ઉતારવા પડશે. " સુરદાસે ( મીજાજ ખોઇને ) કહ્યું " અબે રંડી ! તુમબી ફીર જાતી હૈ ? કુનબી બડા બબરદાર તેરેકુંબી ફીરા દીઇ ? લેકિન મૈં તુઝે નહિ છોડનેવાલા, ચુપકીસે હમારી સંગ ચલી આતી તો ઠીક હૈ, નહિતો અમલદારકી પાસ ફીરીયાદ કરૂંગા."

પાટીદાર કહેવા લાગ્યો કે " આ તો ચીભડામાંથી વરાળ નીકળી. રાંડને હું પ્રથમથીજ કહેતો હતો કે, અજાણ્યાને સાથે બેસાડવાનું કહે મા. પણ રાંડે માન્યું જ નહિ. હવે આ પરદેશમાં આપણું કોણ સાહેદી થશે ? " આવું ત્રણે જણાનું બાઇડી બાબતના વાંધાનું બોલવું સાંભળીને ગામના લોકો ભેગા થઇ ગયા, પણ તેમનાથી એ વાંધો પતાવી શકાયો નહિં. સુરદાસે તે ગામના અમલદારને જાહેર કરી પાટીદાર તથા તેની ધણીઆણી એ બેઉને પકડાવ્યાં.

અમલદારે એક પછી એક એમ ત્રણે જણની હકીકત સાંભળી લીધી, તે ઓરત પોતાની છે એમ પાટીદાર કહેતો હતો પણ તે વખતે તે બાબતનો સબળ પુરાવો નહોતો. બાઇડીના કહેવાપર વજન રાખવું એ જોખમ ભરેલું હતું. કદાચ સુરદાસ તેનો ખરો ધણી હોય, પણ તેને છોડી દઇ બાઇની કણબી સાથે જવાની મરજી થઇ હોય તો કણબીની બાઇડી છું, એમ ખોટું બોલે એ સંભવિત છે. સુરદાસને પોતાની ઓરત છે, તે બાબતનો તેનો પણ સબળ પૂરાવો નહોતો, પણ સુરદાસને ડાકોરજીમાં પોતાના હાથ ઉપર છાપ લીધેલી હતી તેવીજ તે ઓરતનાહાથપર પણ હતી; તેથી તે બેઉએ સાથે જાત્રા કરી છાપ લીધી હોય એમ સંભવ હતો. આવી રીતનાં શંકાપૂર્વક અનુમાનો ઉપરથી ખરી રીતે તે ઓરત કોની છે, તે નક્કી ઠરાવી શકાય એમ જણાયું નહિં, ત્યારે ન્યાયાધીશે એ ત્રણે જણને જૂદી જૂદી કોટડીમાં પૂરી, તે ઉપર પહેરો ચાલતો રાખી તેઓ રાતમાં શું બોલે છે, તે બરાબર રીતે સાંભળી લેવા હુકમ કર્યો.

પોતે જમે છે તેને જમાડે છે વિવિધ વર્તન વડે પ્રીતિ ઉત્પન્ન કરે છે, કાર્ય આવે કાંઇ વસ્તુ તેની પાસેથી ગ્રહણ કરે છે અને પાછી પણ આપી દેછે (ક્ષણ માત્રમાં) અંગને ભેટવા માંડે છે અને વિકસ્વર તથા આર્દ્ર નેત્રવાળા મુખને વિસ્તારે છે આ સર્વ ચેષ્ટાઓ બીજાને છેતરવાની બુદ્ધિથીજ કરે છે. ૨

## દુષ્ટ મનુષ્યનો કૃત્રિમ સ્નેહ.

दूरादुच्छ्रितपाणिरार्द्रनयनः प्रोत्सारितार्धासनो,
गाढालिङ्गनतत्परः प्रियकथाप्रश्नेषु दत्तादरः ।
अन्तर्भूतविषो बहिर्मधुमयश्चातीव मायापडुः,
को नामायमपूर्वनाटकविधिर्यः शिक्षितो दुर्जनैः ॥ ३ ॥

દૂરથી કોઇ મનુષ્યને જોઇને ઉંચા હાથ કરવા, નેત્રમાં આંસુ લાવવાં, અર્ધું આસન બેસવા માટે ખાલી કરવું, ગાઢ આલિંગન કરવામાં તૈયાર રહેવું, સ્નેહીઓની કુશળ કથાના પ્રશ્નો પૂછવામાં ભાવ બતાવતો ચિત્તની અંદર ઝેર (શઠપણું) રાખવું અને બાહેર મીઠાશ (વિવેકની આડંબરતા) બતાવવી, આવી જે કપટની અપૂર્વ નાટકની રચના ખલ પુરૂષો શીખ્યા છે તે કેવી જાતની હોવી જોઇએ ? ૩

## મચ્છર મારવાના સાંચાનું દ્રષ્ટાંત.

### ઇન્દ્રવિજય.

શીતળ શાંત સ્વભાવ સજે, ખળ માનવિ મચ્છર મારણ સાંચો;
વીશવસા વિશ્વાસ વસે, ઉપજે નહિ એહ પડે નહિ આંચો;
વાત વિશેષ કહે દલપત, આ બોધ વિષે વિગતે કરી વાંચો;
ઠંડક દેખી રહે ઠરી મચ્છર, ચંચળ થૈ પકડે પછી સાંચો. ૪

## ખાખરાના ફળની સરખામણી.

જો ભરપૂર ભલાઇ દિસે પણ, કૂર પછિ કાળ જ કાપે;
ખૂબ ખિલ્યો દરસે તરૂ ખાખર, આખર તો કડવાં ફળ[1] આપે,
તેમજ દુષ્ટ તમામ તણી ગતિ, મિત્ર થઇ મન આપણું આપે;
મિત્ર મટી દલપત કહે પછિ. શત્રુ સમાન સદૈવ સંતાપે. ૫

### દોહો.

બાથ ભરી ભેટયા થકી, કરિયો નહિ વિશ્વાસ;
કોફળને લે બાથમાં, સૂડી કરે વિનાશ. ૬

૧ ફળ–પીતપાપડો.

પ્રજાપતિએ ( કર્મે ) મનુષ્યોના સર્વ પ્રાણને હરણ કરનાર એવા ખલ પુરૂષની જીભના અગ્ર ભાગને બનાવવા છતાં શસ્ત્રો, ઝેર, અને અગ્નિને ફોગટ શા વાસ્તે ઉત્પન્ન કર્યા હશે ! એટલે કે તે શસ્ત્રાદિ સર્વનું કાર્ય ખલની જીભનો અગ્રભાગ કરી રહ્યો છે.

## કુતરાનો અને દુર્જનની સમાનતા.

जिह्वादूषितसत्पात्रः, पिण्डार्थी कलहोत्कटः ।
तुल्यतामशुचिर्नित्यं, बिभर्ति पिशुनः शुनः ॥ ४ ॥

નીચ પુરૂષ હમેશાં કુતરાની સમાન એટલે કુતરો જેમ પોતાની જીભ ફેરવી બીજાના ઉત્તમ પાત્રોને દૂષિત કરી નાખે છે, તેમ દુર્જન પણ પોતાની જીભથી ( વચન માત્રથી ) સત્પાત્ર પુરૂષોને દૂષિત કરી નાંખે છે. કુતરો જેમ પિંડ ( આહાર ) નો અર્થી છે, તેમ ખલ પુરૂષ પણ કેવલ પેટભરો જ હોય છે. અને કુતરો જેમ કલહમાં તૈયાર હોય છે, તેમ દુર્જન પણ કલહ કરવા માટે તૈયાર હોય છે, એકંદરે કુતરો જેમ અપવિત્ર છે, તેમ ખલ પુરૂષ અપવિત્ર છે. ૪

## અધમને અધીકાર.

खलेन धनमत्तेन नीचेन प्रभविष्णुना ।
पिशुनेन पदस्थेन हा प्रजे क गमिष्यसि ॥ ५ ॥

ખલ, ધનથી મત્ત નીચ અને સમર્થ એવો અધમ પુરૂષ અધિકારના પદ ઉપર આવ્યો છે. માટે હે પ્રજા ! હવે તું ક્યાં જઇશ ?

## દુર્જનનો દૂષણ જોવામાં ઉત્સાહ.

### आर्या

परवादे दशवदनः, पररन्ध्रनिरीक्षणे सहस्राक्षः ।
सद्वृत्तवित्तहरणे, बाहुसहस्रार्जुनः पिशुनः ॥ १ ॥

બીજાની નિન્દા કરવામાં દશમુખવાળો (રાવણ જેવો) બીજાના છિદ્રો જોવામાં હજાર નેત્રવાળો ( ઇન્દ્ર સમાન) અને ઉત્તમ ચરિત્ર રૂપી બીજાના ધનનું હરણ કરવામાં હજાર હાથવાળા સહસ્રાર્જુન રાજા સમાન ખલ પુરૂષ હોય છે. ૧

## દુરાત્માનું ચિત્ત કોઇ રીતે ભેદાતું નથી.

### अनुष्टुप्

पाषाणो भिद्यते टङ्कैर्वज्रं वज्रेण भिद्यते ।
सर्पोऽपि भिद्यते मन्त्रैर्दुष्टात्मा नैव भिद्यते ॥ १ ॥

ટાંકણાથી પત્થર કપાય છે, હીરો હીરાથી કપાય છે, સર્પ મંત્રોથી ભેદાય છે ( પરાજય પામી પાછો ફરે છે ) પણ દુષ્ટ પુરૂષ કોઇ ઉપાયથી શાંત થતો નથી. ૧

## ખળ પુરૂષને શાંત કરવાની મુશ્કેલી.

### शार्दूलविक्रीडित.(२-३)

मानं मार्दवतः क्रुधं प्रशमतो लोभं तु सन्तोषतो,
मायामार्जवतो जनीमवमतेर्जिह्वाजयान्मन्मथम् ।
ध्वान्तं भास्करतोऽनलं सलिलतो मन्त्रात्समीराशनं,
नेतुं शान्तिमलंकुतोऽपि न खलं मर्त्यो निमित्ताद्भुवि ॥ २ ॥

કોમળપણાથી અભિમાનને, શાન્તિથી ક્રોધને, સંતોષથી લોભને, નમ્રતાથી કપટને, (સંસારના) તિરસ્કારથી જન્મને, જીભ (રસના ઇન્દ્રિય)ના જયથી કામદેવને, સૂર્યથી અન્ધકારને, પાણીથી અગ્નિને, મંત્રથી સર્પને, શાન્ત કરવાને સંપૂર્ણ રીતે મનુષ્ય સમર્થ છે, પરંતુ કોઇ પણ કારણથી ભૂતળમાં ખળ પુરૂષને શાન્ત કરવાને કોઇ પણ સમર્થ નથી. ૨

## દુર્જનને સુજન કરવામાં વિધાતાની નિષ્ફળતા.

पोतोदुस्तरवारिराशितरणे दीपोऽन्धकारागमे,
निर्वाते व्यजनं मदान्धकरिणां दर्पोपशान्त्यै सृणिः ।
इत्थं तद्भुवि नास्ति यस्य विधिना नोपायचिन्ता कृता,
मन्ये दुर्जनचित्तवृत्तिहरणे धातापि भग्नोद्यमः ॥ ३ ॥

વિધાતાએ અગાધ સમુદ્ર તરવાને વહાણુ બનાવ્યું, અંધકારના નાશ સારૂ દીવો બનાવ્યો, પવન રહિત સ્થાનમાં ( પવન ઉત્પન્ન કરવાને ) વિંજણો બનાવ્યો, બહેકી ગયેલા હાથીનું અભિમાન તોડવાને અંકુશ ( કુંતાણું ) બનાવ્યું, માટે આ ઉપરથી સિદ્ધ થાય છે કે પૃથ્વીમાં એવી કોઇ વસ્તુ નથી કે જેનો ઉપાય બતાવવામાં વિધાતાએ વિચાર કર્યો ન હોય તો પણ મારી માન્યતા એવી છે કે દુષ્ટ મનુષ્યની ચિત્તવૃત્તિ હરણ કરવામાં વિધાતાનો ઉદ્યમ પણ નિષ્ફળ ગયો છે ( અર્થાત વિધાતા પણ દુષ્ટને સજ્જન બનાવી શકે તેમ નથી. ) ૩

## નીચ મનુષ્યને નીચ મનુષ્યજ સેવે છે.

### वसन्ततिलका.

नीचं समृद्धमपि सेवति नीच एव, तं दूरतः परिहरन्ति पुनर्महान्तः ।
शाखोटकं मधुरपक्कफलैरुपेतं, सेवन्ति वायसगणा न तु राजहंसाः ॥ १॥

જેમ પાકેલા મધુર ફળવાળું * શાખોટક નામનું વૃક્ષ છે, તેની સેવા કાગડાનો સમૂહજ કરે છે, પરંતુ રાજહંસો કરતા નથી, તેમ નીચ માણસ સમૃદ્ધિવાળો હોય તો પણ તેને નીચ માણસજ સેવે છે, જ્યારે મહાપુરૂષો તેને દૂરથીજ તજી દે છે;

## દુર્જનથી દૂષિત મનવાળા પુરૂષોને સુજન પુરૂષમાં પણ શંકા રહે છે.

दुर्जनदूषितमनसां, पुंसां सुजनेऽपि नास्ति विश्वासः ।
बालः पयसा दग्धो, दध्यपि फूत्कृत्य भक्षयति ॥ १ ॥

જેમ દુધથી બળેલો બાળક દહિને પણ ફુંકીને જમે છે, તેમ દુર્જન પુરૂષોએ જેના મનને દૂષિત કરી નાખ્યાં છે, એવા પુરૂષોને સુજન પુરૂષમાં પણ વિશ્વાસ હોતો નથી. ૧

## કુળ દોષિત દુર્જનો.

### अनुष्टुप्. (૧ થી ૩)

यस्मिन्वंशे समुत्पन्नास्तमेव निजचेष्टितैः ।
दूषयत्यचिरेणैव घुणकीट इवाधमः ॥ १ ॥

જેમ ઘુણ નામનો જીવડો જે વાંસડામાં ઉત્પન્ન થાય છે, તેજ વાંસડાને પોતાની ચેષ્ટા ( ટોચવા ) થી ટુંક વખતમાં દોષિત ( પોલો ) કરે છે તેમ દુષ્ટ પુરૂષ જે વંશ ( કુળ )માં ઉત્પન્ન થાય છે, તેજ કુળને પોતાની ચેષ્ટા ( કુકર્મ ) થી ટુંક વખતમાં દોષિત ( કલંકિત ) કરે છે.

## શેઠનો દ્રોહ કરનાર નીચ જનો.

### आर्या. (૨-૩)

लब्धोच्छ्रायो नीचः, प्रथमतरं स्वामिनं पराभवति ।
भूमिरजोरथ्यादावुत्थापकमेव संवृणुते ॥ २ ॥

જેમ શેરી વગેરેમાં રહેલી પૃથ્વીની રજ ઉત્થાપક ( એટલે તરતજ તે ઉંચી કરનાર ) મનુષ્યનેજ પ્રથમ ઘેરી લે છે, તેમ નીચ પુરૂષને ઉચ્ચ અધિકાર મળતાં તે પ્રથમ પોતાના શેઠનોજ પરાભવ કરવા માંડે છે.

## શાન્ત મનુષ્યની પાસે રહેતાં પણ દુર્જન શાન્ત થતો નથી.

उपकारिण्यपि सुजने, स्निग्धेऽपि खलास्त्यजन्ति न प्रकृतिम् ।
ज्वलति जलैरपि सिन्धोरङ्के निहितोऽपि वडवाग्निः ॥ ३ ॥

---

* શાખોટક, પીતફળ, રક્ષાગી, ક્ષીરવિનાશન એ ચાર પર્યાય मदनपालनिघण्टु માં છે.

જેમ સમુદ્રના મધ્યમાં રહેલો વડવાનલ નામનો અગ્નિ સમુદ્રના પાણીથી જ્વાલાઓ કાઢી રહ્યો છે એટલે પાણીથી શાન્ત થવું જોઇએ ત્યાં તે ઉલટો પ્રજ્વલિત થઇ જાય છે એટલે સમુદ્રને તપાવી રહ્યો છે તેમ દુર્જન કદાચ ઉપકાર સ્નેહિ સુજનની પાસે રહેતા હોય તો પણ પોતાના નીચ સ્વભાવને છોડતા નથી. ૩

## ઉત્તમ કુળમાં જન્મવા છતાં પણ ખલની અધમતા.

### शार्दूलविक्रीडित (૪-૫)

यद्वच्चन्दनसम्भवोऽपि दहनो दाहात्मकः सर्वदा,
सम्पन्नोऽपि समुद्रवारिणि यथा प्राणान्तको डुंडुभिः(भः) ।
दिव्याहारसमुद्भवोऽपि भवति व्याधिर्यथा बाधक-
स्तद्वद्दुःखकरः खलस्तनुमतां जातः कुलेऽप्युत्तमे ॥ ४ ॥

ચન્દનના કાષ્ટમાંથી ઉત્પન્ન થયેલ છે તો પણ અગ્નિ સર્વદા જેમ બાળવાવાળો છે, સમુદ્રના પાણીમાં સારી રીતે ઉત્પન્ન થયો છે તો પણ ડુંડુભિ નામનો સર્પ જેમ મનુષ્યના પ્રાણોનો નાશ કરે છે. દિવ્ય (મોદકાદિ) આહારથી ઉત્પન્ન થયેલો છે, તો પણ રોગ જેમ મનુષ્યને પીડા કરનારો થાય છે, તેવી રીતે ઉત્તમ કુળમાં જન્મ્યો હોય તો પણ ખળ પુરૂષ દેહધારી મનુષ્યોને દુઃખ કરનારોજ થાય છે. ૪

## દુર્જનો પોતાના માતાપિતા વિગેરેનો પણ નાશ કરે છે.

लब्धं जन्म यतो यतः पृथुगुणा जीवन्ति यत्राश्रिता
ये तत्रापि जने वने फलवति प्लोषं पुलिन्दा इव ।
निस्त्रिंशा वितरन्ति धूतमतयः शश्वत्खलाः पापिन-
स्ते मुञ्चन्ति कथं विचाररहिता जीवन्तमन्यं जनम् ॥ ५ ॥

જ્યાં પોતે જન્મગ્રહણ કર્યો છે. જ્યાંથી પોતાને ઘણા ગુણોની પ્રાપ્તિ થઇ છે તેમ જેનો આશ્રય કરી આજીવિકાને કરે છે એવા ભિલ્લ લોકો જેમ તે ફળવાળા વનમાં દાવાનળ મુકી બાળી ભસ્મ કરે છે, તે પ્રમાણે જ્યાં જન્મ ગ્રહણ કર્યો છે, તેમ જેનાથી ઘણા ગુણો પ્રાપ્ત કર્યા છે અને જેનો આશ્રય કરીને પોતે સદા રહે છે, તેવા ફળવાળા મનુષ્યમાં પણ નષ્ટ મતિવાળા પાપી એવા ખળ પુરૂષો હમેશાં નિર્દય થઇને તેનો દાહ કરી નાખે છે. જ્યારે આ રીતે તેઓ પોતાના આશ્રયદાતા જન્મદાતા ફળદાતાનો નાશ કરી નાખે છે ત્યારે વિચાર રહિત એવા તે પુરૂષો બીજા પુરૂષને જીવતો કેમ મુકે ? ૫

ઘણો વખત જવા પછી એક દિવસ રાજાએ સજ્જનને પૂછયું કે એ કુમારની સાથે તમારે માંહો માંહે ગાઢ સ્નેહનું કારણ શું છે? તે વખતે સજ્જને વિચાર્યું જે હું પ્રથમથી કુમારની ઉપર દૂષણ ચઢાવું, તો પછી મ્હારાં દૂષણ એ પ્રકાશી શકશે નહીં, એમ વિચારી રાજા પ્રત્યે બોલ્યો કે હે સ્વામિન્? એવાત કહેવા યોગ્ય નથી, કેમકે કુમારે મને સોગન ખવરાવ્યા છે. એવું સાંભળી રાજા વળી વિશેષ આગ્રહ કરી પૂછવા લાગ્યો. એટલે સજ્જને રાજાને સોગન આપી જણાવ્યું કે હે મહારાજા! હું વાસપુરી નગરીમાં નરવાહન રાજાનો પુત્ર છું અને એ મ્હારા ઘરની દાસીનો પુત્ર છે. કર્મયોગે દેશાંતરે ભમવાથી વિદ્યા પામ્યો, તે વખતે નીચ જાતિથી લજ્જા પામીને ઘરમાં રહે નહીં. દેશાંતરેજ ભમ્યા કરે, તે ભમતો ભમતો તમારે નગરે આવ્યો. વિદ્યાવંત માટે તમોએ આદર દીધો પૂર્વ કર્મના પ્રસાદથી અર્દ્ધ રાજ પદવી પામ્યો, અને હું પણ મ્હારા પિતાથી પરાભવ પામીને અહીં આવ્યો, મને એણે ઓળખ્યો કારણ કે મર્મનો જાણજ મર્મ જાણે, તેથી એણે મને પોતાની પાસે રાખ્યો હે સ્વામી એની વાત મેં તમને કહી, પણ એ વાતમાં કાંઇ સાર નથી. એવી વાત સાંભળી રાજા વિચારમાં પડ્યો જે મેં અણ વિચાર્યું કામ કર્યું રાજ જાઓતો ભલે જાઓ પરંતુ મારાથી મહારો વંશ મલીન થયો તે અત્યંત અકાર્ય થયું. એમ વિચારી જમાઇને મારવા માટે રાજાએ અંતરંગ પુરૂષને તેડાવીને કહ્યું કે આજ રાત્રિએ ઘરની અંદરના રસ્તે જે આવે તેનું તરત સમાધાન કરી નાખજ્યો, સેવકે પણ તેવીજ રીતે રાજાની આજ્ઞા પ્રમાણ કીધી રાજાએ રાત્રિને સમયે ભલો પુરૂષ મોકલીને કુમારને મારવા માટે તેડાવ્યો, તેણે જઇ કુમારને વિનવ્યો, કે આપને રાજા અવશ્ય તેડાવે છે, કોઇ મ્હોટું કાર્ય છે. તેમાટે ઘરને રસ્તે થઇને આવો કુમાર પણ તેવીજ રીતે સજ્જ થઇને જવા લાગ્યો તેવખતે સ્ત્રી બોલી હે સ્વામી? ભોળા થઇ રાત્રે જાઓ છો પણ રાજ્ય સ્થિતિ મલીન છે. ॥ यतः ॥

काके शौचं द्युतकारेषु सत्यं सर्पे क्षान्तिः स्त्रीषु कामोपशान्तिः
क्लीबे धैर्यं मद्यपे तत्त्वचिन्ता, राजा मित्रं केन दृष्टं श्रुतं वा ॥

મતલબ કે કાગડામાં પવિત્રતા, જુગારીમાં સત્યતા, સર્પમાં ક્ષમા, સ્ત્રીઓમાં કામની શાંતિ, નપુંસકમાં ધૈર્ય, દારૂડીયાને તત્ત્વનો વિચાર, અને રાજાને મિત્ર એ કોઇએ દીઠા કે સાંભળ્યા નથી.

તે સાંભળી કુમાર બોલ્યો હે સુભાગિ! તું કહે છે તે સત્ય છે, પરંતુ રાજાની આજ્ઞા લોપીએ તો મહા દોષ લાગે. ॥ यतः ॥

आज्ञाभंगोनरेन्द्राणां गुरूणां मानमर्दनम् ।
पृथक्शय्या च नारीणामशस्त्रवध उच्यते ॥

મતલબ કે રાજાઓની આજ્ઞાનો ભંગ, ગુરૂના માનનો ભંગ અને સ્ત્રીઓને જુદી શય્યા એ તેમનો વગર હથિયારે વધ કરવા જેવા છે. તે સાંભળી સ્ત્રી બોલી. તમે કહો છો તે પણ સત્ય છે માટે હમણાં મિત્રને મોકલો, કુમારે પણ તેમજ કર્યું અને સજ્જનને મોકલ્યો. માર્ગે જાતાં રાજાના સેવકે પૂર્વ સંકેતથી તેને પેસતાંજ મારી નાંખ્યો મરણ પામીને દુર્ગતિએ ગયો. ॥ यतः ॥

मित्रद्रोही कृतघ्नाश्च ये च विश्वासघातकाः ।
ते नरा नरकं यान्ति यावच्चन्द्रदिवाकरौ ॥

મતલબ કે મીત્રનો દ્રોહ કરનાર, કૃતઘ્નિ અને વિશ્વાસ ઘાતકો તે બધા હમેશને માટે નર્કમાંજ જાય છે.

સજ્જનને મારતાં ત્યાં કોલાહલ થયો, તે વખતે રાજપુત્રી બોલી હે સ્વામી જો તમે ત્યાં જાત તો શા હવાલ થાતા માટે હવે તમે પ્રમાદ તજી સૈન્ય તૈયાર રાખી સાવધાન રહો કુમાર પણ તે પ્રમાણે તૈયાર રહ્યો. રાજા પણ સર્વ વાત જાણી સૈન્ય લઇ યુદ્ધ કરવાને સહામો આવ્યો. બેઉ સૈન્ય માંહે માંહે મળ્યાં એવામાં આ અનર્થ જોઇ રાજાનો મંત્રીશ્વર આવી રાજાને કહેવા લાગ્યો કે હે સ્વામી અણવિચાર્યું યુદ્ધ ન કરીએ. કહ્યું છે કે—

अपरीक्षितं न कर्तव्यं कर्तव्यं सुपरीक्षितं ।
पश्चाद्भवति संतापो ब्राह्मणी नकुलं यथा ॥

દરેક કામ સારી પરીક્ષા કરીને કરવું પણ પરીક્ષા કર્યા વિના કંઇ કરવું નહી કારણ કે નકુળને મારી નાંખવાથી બ્રાહ્મણી જેમ પસ્તાઇ તેમ પાછળથી પશ્ચાત્તાપ થાય છે.

ઇત્યાદિ પ્રધાનનાં વચન સાંભળી રાજાએ યુદ્ધ નિવારણ કરી કુલ જાતિ પૂછવા માટે મંત્રીશ્વરને કુમાર પાસે મોકલ્યો, મંત્રીશ્વરે આવી કુમારને વિનવ્યો. કે તમારો કુલવંશ પ્રકાશ કરો. કુમાર બોલ્યો કે સત્પુરૂષ પોતાનું કુલ પોતાના મુખથી કહે નહીં. પ્રધાન બોલ્યાં કે તમારા સજ્જન મિત્રે આવીને રાજાની આગળ તમારા કુળને નિંદ્યું છે. પ્રાયઃ દુર્જન હોય તે પરછિદ્રે સંતોષી થાય. તે વચન સાંભળી કુમારે પોતાનું સર્વ વૃતાંત પ્રધાન આગળ કહ્યું. મંત્રીએ જઇ રાજાની આગળ નિવેદન કર્યું તે સમાચાર જાણવા તત્કાળ કાગળ લખી રાજાએ કુમારના નગર તરફ સેવક મોકલ્યો. તે સેવક પણ લલિતાંગ કુમારના પિતા પાસે જઈ સર્વ હકીકત કહી. તે વખતે રાજા પોતાના પુત્રની ખબર સાંભળી ઘણો જ હર્ષવંત થયો. અને કહેવા લાગ્યો કે ઘણું જ સારૂં થયું. કે મારા પુત્રને તમોએ જીવની પેઠે સાચવ્યો. મેં મંદ ભાગીએ તો અભિમાનનું દૂષણ આપીને સજ્જનના કહેવાથી

અંશ ગ્રહી નય કુંવર ઉઠ્યા, વસ્તુ તત્વ તરૂ ભાંજેજી;
સ્યાદ્વાદ અંકુશથી તેહને, આણે ધીર મુલાજેજી;
તેહ નિરંકુશ હોય મતવાલા, ચાલા કરે અનેકોજિ;
અંકુશથી દરબારે છાજે, ગાજે ધરિય વિવેકોજિ. ૧૩ *

નૈયાયિક વૈશેષિક ત્રિચર્યા, નૈગમ નય અનુસારેજી,
વેદાંતી સંગ્રહ નયરંગી, કપિલ શિષ્ય વ્યવહારેજી;
ઋજુ સૂત્રાદિક નયથી સૌગત, મીમાંસક નયભેલેજી;
પૂર્ણ વસ્તુ તે જૈન પ્રમાણે, ષટદર્શન એક મેલેજી. ૧૪ ÷

નિત્ય પક્ષમાં દૂષણ દાખે,નય અનિત્ય પક્ષપાતીજી;
નિત્યવાદમાંહે જે રાતા, તે અનિત્ય નય ઘાતીજી.
માંહોમાંહી લડે બે કુંજર, ભાંજે નિજકર દંતોજી.
સ્યાદ્ વાદ સાધક તે દેખે, પડે ન તિહાં ભગવંતોજી. ૧૫ ×

---

* અંશ ગ્રાહી નયરૂપી હાથી એક એક અંશ ગ્રહી ઉન્મત્ત થઈને વસ્તુતત્વરૂપી વૃક્ષને ભાંગી નાંખે છે તેને ધીર પુરૂષ સ્યાદ્વાદરૂપી અંકુશ વડે મર્યાદામાં રાખી શકે છે. જો તે નયરૂપી હાથી નિરંકુશ રહેતો વેદાંતાદિ વાદમાં પ્રવેશ કરીને અનેક પ્રકારના ચાળા કરે છે તેથી તેનીપર અંકુશ રાખવાની જરૂર છે. સ્યાદ્વાદરૂપી અંકુશથી તે નયરૂપી હાથી સ્વમર્યાદામાં રહે છે અને તે વિવેક રાખીને ગાજે છે. એટલે સ્યાદ્વાદરૂપ અંકુશે શિક્ષિત થયેલ તે નય હાથી પદહસ્તી થઈ શ્રી જિનશાસનરૂપ *રાજદ્વારમાં આત્મબળે ગર્જના કરે છે. ૧૩*

÷ નૈયાયિક અને વૈશેષિક એ બે દર્શન નૈગમનયને અનુસરે છે એટલે તે પૃથક્ નિત્યાનિત્યાદિ દ્રવ્ય માને છે વેદાંતી સંગ્રહ નયના રંગી છે. એટલે તે શુદ્ધાત્મ દ્રવ્ય માને છે. કપિલ શિષ્ય—કપિલ મતવાળા વ્યવહાર નયે ચાલે છે એટલે તે પચવીશ તત્વોને માને છે. સૌગત—બૌદ્ધમતવાળા ઋજુસૂત્રાદિક નયથી થયેલા છે. એટલે ઋજુસૂત્ર નયને માને છે. સૌત્રાંતિક, વૈભાષિક, યોગાચાર અને માધ્યમિક એ અનુક્રમે ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નયથી થયેલા છે. મીમાંસક ઉપલક્ષણથી વૈયાકરણાદિક નય ભેલે એટલે નયના સાંકર્ય—મિશ્રણથી થયેલા છે અને પૂર્ણ વસ્તુ એટલે *પૂર્ણ નય ભંગ પ્રમાણે વસ્તુ ષટ્દર્શન નયે એક મેળવી જૈન કરી લે છે ૧૪*

× જે અનિત્ય નયના પક્ષપાતી ક્ષણિકવાદી બૌદ્ધાદિક છે, તે નિત્ય પક્ષમાં દૂષણ બતાવે છે, તે અંકુરાદિ જનક અજનકત્વ વગેરેના વિરોધથી ક્ષણિક બીજાદિ સ્થાપે છે અને સદ્દશક્ષણનો દોષ બતાવી અભેદગ્રહાદિ ઉપપાદન કરે છે, તથા જે નિત્યવાદમાં રાતા છે એટલે નિત્યવાદને માનનાર છે, તે અનિત્ય નયના ઘાતક બની એકાંતે નિત્ય આત્માદિક માને છે, તે બંને હસ્તિ સમાન માંહોમાંહી લડે છે અને લડતા થકા પોતાના કર સૂંડ તથા દાંત ભાંગે છે, અને જે સ્યાદ્વાદ સાધક છે, તેઓ તટસ્થ રહી તેમની લડાઈ દેખે છે. સ્યાદ્વાદ સાધક ભગવંત તેમાં પડતા નથી, ઉદાસીન રહે છે. ૧૫

છુટા રત્ન ન માલા કહિયે, માલા તેહ પરોયાંજી;
તિમ એકેક દર્શન નવિ સાચા, આપ હિ આપ વિગોયાં જી;
સ્યાદવાદ સૂત્રે તે ગુંથ્યા, સમકિત દર્શન કહિયેજિ;
સમુદ્ર અંશની સમુદ્ર વણિ પરે, પ્રગટ ભેદ ઇહાં લહિયે જી. ૧૬ *
વચન માત્ર શ્રુત જ્ઞાને હોવે, નિજ જિ મત આવેશોજી,
ચિંતા જ્ઞાને નય વિચારથી, તેહ રળે સંકલેશોજી;
ચારા માંહે અજાણી જિમ કોઇ, સિદ્ધમૂલિકા ચારેજી,
ભાવન જ્ઞાને તિમ મુનિજનને, મારગમાં અવતારેજી. ૧૭ +

## અરસપરસની સ્હાયની આવશ્યકતા.

### દોહરા. (૧૯થી૨૬)

÷ બે જણ નીમ્યા હોય ત્યાં, એકે સરે ન અર્થ;
બે કમાડને બારણે, વાસ્યું એક તે વ્યર્થ. ૧૯
કશું ન નીપજે એકથી, ફોગટ મન કુલાય;
કમાડ તાળું બે મળી, ઘરનું રક્ષણ થાય. ૨૦
જોઇએ તેમાં એક પણ, ઓછે નહિ નિભાય;
પાયા ઇંસો ઊંપળાં મળી ખાટલો થાય. ૨૧
એક રૂપીઓ સાંપડે, નાણાવટું ન થાય,
મળે સુંઠનો ગાંગડો, ગાંધિ નહિ કહેવાય. ૨૨

---

* જેમ છુટા છુટા રત્નો હોય તે માળા કહેવાતી નથી. પણ જ્યાં તે રત્નો પરોવ્યાં હોય, ત્યારે તે માળા કહેવાય છે, તેવી રીતે એક એક છુટા દર્શનો સાચાં કહેવાતા નથી; તે તો પોતે પોતાની મેળે વગોવાય છે. પણ જ્યારે તેમને સ્યાદ્વાદ રૂપી સૂત્રમાં ગુંથવામાં આવે, ત્યારે તે સમ્યકત્વ દર્શન રૂપે થાય છે, એટલે સ્યાત્કારે એકાંતાભિનિવેશ ટળી જાય છે. જેમ માલાકારને પુષ્પાદિક સિદ્ધ છે, તેની યોજના કરવા રૂપ વ્યાપાર માત્ર માલાકારને આધીન છે, તેમ સમ્યગ્ દૃષ્ટિને સિદ્ધ દર્શનને સ્યાદ્વાદ એ યોજના માત્ર વ્યાપાર છે. સમુદ્રના અંશને સમુદ્રમાં જેટલો ભેદ તેટલો અહિં નય પ્રમાણમાં પ્રગટ ભેદ જાણવો. ૧૬

\+ વચન માત્ર એવા શ્રુત જ્ઞાનથી જે પુરૂષને પોતપોતાના મતનો આવેશ-હઠ થઇ ગયો હોય, તે પુરૂષને નય જ્ઞાનના વિચારથી ચિંતમાન-વિચાર કરતાં તે હઠ ટળી જાય છે સંકલેશરૂપ વિચાર જન્ય સર્વ નય સમાવેશના જ્ઞાનનો પક્ષપાત ટળી જાય છે. જેમ પશુરૂપ થયેલા પુરૂષને તેની સ્ત્રીએ વ્યંતરના વચનથી છાયાનો ચારો ચરાવ્યો, ત્યારે સંજીવની ઔષધી મુખમાં આવી જવાથી તેનું સ્વરૂપ પ્રગટ થઇ આવ્યું હતું, તેમ ભાવના જ્ઞાનવંત સદ્ગુરૂ તે ભવ્ય પ્રાણીને અપુનર્બંધકારિક ક્રિયામાં તે રીતે પ્રવર્તાવે છે. જે રીતે તેને સમ્યગ દર્શનરૂપ સંજીવની ઔષધી ચાવતાં તેનું નિશ્ચય રૂપ પ્રગટ થાય છે અને મિથ્યાત્વમય પશુરૂપ ટળી જાય છે. ૧૭

÷ દલપત કાવ્ય ભાગ બીજો.

કારજ સહાયતા વિના, કરી શકે નહિ કોય;
કહો હથોડો શું કરે, જો નહિ હાથો હોય. ૨૩
નિશ્ચે નિયમ પ્રમાણમાં, કશર કરી ન શકાય;
રંગ જેટલો નાંખિએ, તેવું પટ રંગાય. ૨૪
ચાકર અલ્પ પગારનો, હોય ન ચોખી ચાલ;
જરૂર જાણો જગતમાં, મૂલ પ્રમાણે માલ. ૨૫
પોતે કરવા યોગ્ય તે, પર ને સોંપે કામ;
તે પણ પછી પસ્તાય છે, દિલમાં દલપતરામ ૨૬

# धर्मोद्यम आवश्यक अधिकार.

ધર્મના સ્વરૂપને જાણીને તેને સ્યાદ્વાદ શૈલીથી ગ્રહણ કરવા પછી તેના ધર્મ ભાવનામાં દિન પ્રતિદિન વિશેષ સુદૃઢ થવાથી કર્મની નિર્જરા થતાં આત્મા નિર્મળ થાય છે. પરંતુ ધર્મ વસ્તુતઃ પ્રાપ્ત કરવા માટે ઉદ્યમની આવશ્યકતા છે.

કેટલીક વખત એવું જોવાય છે કે લોકો ' ધર્મ-ધર્મ ' કહી બુમો મારે છે ત્યારે ખરૂં કહીએ તો ધર્મને નામે અધર્મ થાય છે. જો ધર્મના નામે ધર્મજ થતો હોય તો ધર્મના ઝઘડા-વાદવિવાદ અને મારામારી સંભવી શકેજ નહિં. પરંતુ ખરૂં કહીએ તો લોકો ધર્મના ખરા અર્થને પીછાણી શકયા નથી અને ફક્ત વૈશ્નવ પુત્ર તે વૈશ્નવ અને જૈનનો પુત્ર તે જૈન થઈ પડયા છે.

અલબત એટલું ખરૂં છે કે ધર્મના સંસ્કાર વારસે ઉતરવા જોઇએ પણ સંસ્કારો સંસ્કારીત ન રહેવાથી મોટા ભાગે વૈશ્નવ કે જૈનની છાપથી પોતે પામી ગયા માની ધર્મને કલંકીત કરે છે અને પોતે ધર્મીનું બીરૂદ મેળવી અધોગતિમાં જાય છે. આવા કમનસિબ આત્મા પોતાને હસ્તગત થએલ રત્ન ગુમાવી ન બેસે તેટલા માટે ધર્મમાં ઉદ્યમ કરવાના કારણો સમજાવવા એવા ધર્મના ઉપનામધારીને સ્વરૂપ અને શુદ્ધ માર્ગની ચેતવણી આપવાને આ ધર્મોદ્યમ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

## ઉપાધીમાં પણ ધર્મારાધનની જરૂર.

**अनुष्टुप्.** ( ૧ થી ૧૭ )

व्याकुलेनापि मनसा धर्मः कार्यो निरंतरम् ।
मेढीबद्धोऽपि हि भ्राम्यन् घासग्रासं करोति गौः ॥ १ ॥

## કાળાદિક શત્રુઓ સામે ધર્મ રૂપી ઢાલ.

नान्तकस्य प्रियः कश्चिन्न लक्ष्म्याः कोऽपि वल्लभः ।
नाप्तो जरायाः कोऽप्यस्ति यूयं तदपि सुस्थिताः ॥ ६ ॥

કાલને કોઇ પ્રિય નથી. લક્ષ્મીને કોઇ પણ વ્હાલો નથી. વૃદ્ધાવસ્થાનો કોઇ મિત્ર નથી. તો પણ તમે સારી રીતે સ્થિર થઇને બેઠા છો. અર્થાત્ કાલને કોઇ પ્રિય નથી એટલે વખત આવે છોડનાર નથી. અને લક્ષ્મીને કોઇ પ્રિય નથી એટલે તે મરી જનારની સાથે નહિ ચાલે. અને જરા નો કોઇ મિત્ર નથી એટલે ઘડપણ પણ આવશે. તે જાણવા છતાં હે મૂર્ખ તેના સામે હથીયાર રૂપ ધર્માચરણ કરવામાં વિલંબ કેમ કરે છે ? ૬

## ધર્મનું અંક સ્થાન

अङ्कस्थाने भवेद्धर्मः शून्यस्थानं ततः परम् ।
अङ्कस्थाने पुनर्भ्रष्टे सर्वं शून्यमिदं भवेत् ॥ ७ ॥

અંક, આંકડા ને ઠેકાણે ધર્મ છે અને ત્યાર પછી ધન પુત્રાદિ જે કાંઇ છે તે *શૂન્ય મીંડાને ઠેકાણે છે તેમાં* જો અંક રૂપી ધર્મ સ્થાન ભ્રષ્ટ થશે તો એટલે ધર્મ નષ્ટ થશે તો બધું આ સ્ત્રી પુત્ર ધનાદિ શૂન્ય ( મીંડા ) તુલ્ય છે. ૭

## ક્ષણે ક્ષણે ધર્મ સંચય કરવાની જરૂર.

यथा बिन्दुनिपातेन क्रमशः पूर्यते सरः ।
सहेतुः सर्वविद्यानां धर्मस्य च धनस्य च ॥ ८ ॥

જેમ ટીપું ટીપું પાણી પડતાં ક્રમેથી તળાવ ભરાય જાય છે. તેમ સર્વ વિદ્યા ધર્મ અને ધનની વૃદ્ધિ માટે પણ એજ માર્ગ છે અર્થાત્ વિદ્યા પણ અક્ષરે અક્ષરે મેલવી શકાય છે અને ધર્મ પણ તેમજ પ્રાપ્ત કરી શકાય છે. ૮

## ધર્મ સિવાય સર્વ વાસનાઓના યત્નની નિષ્ફળતા.

यत्नः कामार्थयशसां कृतोऽपि विफलो भवेत् ।
धर्मकर्मसमारम्भः सङ्कल्पोऽपि न निष्फलः ॥ ९ ॥

કામ, ઇચ્છાઓ ધન, અને કીર્તિ સારૂ યત્ન કર્યો હોય તો પણ તે નિષ્ફળ જાય છે. પણ સંકલ્પમાં માત્ર ધર્મ કાર્યોનો આરંભ કરવામાં આવ્યો હોય તો પણ તે નિષ્ફલ જતો નથી. ૯

## ધર્મ કાર્યમાં વિલંબ ન કરવાના કારણ.

स्थैर्यं सर्वेषु कार्येषु शंसंति नयपण्डिताः ।
बह्वन्तरायविघ्नस्य धर्मस्य त्वरिता गतिः ॥ १० ॥

## સુભાગી અને નિર્ભાગીના વર્તનનો ભેદ.

अतः सिञ्चन्ति तं पुण्यक्रियानीरेण पण्डिताः ।
अनाचारकुठारेण पुनश्छिन्दन्ति बालिशाः ॥ १५ ॥

વિદ્વાન્ પુરૂષો પુણ્યની ક્રિયા રૂપી જળથી તે ધર્મવૃક્ષનું સેચન કરે છે. પરંતુ મૂર્ખ લોકો તો અનાચાર રૂપી કુવાડાથી તેને કાપી રહ્યા છે. ૧૫

## પ્રાણાંતે પણ ધર્મનું સેવન.

अकर्तव्यं न कर्तव्यं प्राणैः कण्ठगतैरपि ।
सुकर्तव्यं तु कर्तव्यं प्राणैः कण्ठगतैरपि ॥ १६ ॥

પ્રાણો કંઠગત થયા હોય અર્થાત્ મરણની છેલ્લી ઘડી હોય તો પણ જે કાર્ય કરવાનું નથી તે ન કરવું. અને જે ધર્મ કાર્ય શુભ કર્તવ્ય રૂપ છે તેને કંઠ ગત પ્રાણો હોય ત્યાંસુધીમાં પણ કરવું. ૧૬

## અમૃતની આશાએ ઝેરનું સેવન કરતા મૂર્ખો.

धर्मस्य फलमिच्छन्ति धर्मं नेच्छन्ति मानवाः ।
फलं पापस्य नेच्छन्ति पापं कुर्वन्ति सादराः ॥ १७ ॥

મનુષ્યો ધર્મના ફળને ઇચ્છે છે એટલે ધન સુખ પુત્રાદિક જે ધર્મનું ફળ છે તેને ઇચ્છે છે પણ ધર્મને ઇચ્છતા નથી. અને દુઃખ રોગાદિક એવા પાપના ફળને ઇચ્છતા નથી છતાં પાપ કર્મ તો આદર સહિત કરી રહ્યા છે. ૧૭

## જીવને ત્રણ શત્રુથી સાવધાન રહેવા માટે ઉપદેશ.

### आर्या.

मा सूअह जग्गोअव्वं पलाइअव्वं न कीस वीसमह ।
तिन्नि जणा अणुलग्गा रोगो अ जरा य मच्चू अ ॥ १८ ॥ *

પછવાડે લાગેલા રોગ, વૃદ્ધાવસ્થા, મૃત્યુ એ ત્રણ શત્રુ જ્યાંસુધી નજીક આવ્યા નથી ત્યાં સુધી તમો સુઓ નહી, સુતા હો તો જલદી જાગો, જાગતા હો તો ધર્મ ધ્યાન માટે જલદી દોડો ( અર્થાત્ સર્વ સમયમાં ધર્મ ધ્યાન કરો. ) ૧૮

---

* मा स्वपीहि जागरितव्यं पलायितव्यं मा क्वापि विश्राम्य ।
त्रयो जना अनुलग्ना रोगश्च जरा च मृत्युश्च ॥

આ જીવલોકમાં સ્વર્ગથી પડેલ (જન્મેલ) મનુષ્યોના હૃદયમાં હમેશાં ચાર અલક્ષણો રહે છે, તે દાનપ્રસંગ એટલે પ્રસંગને અનુસરી દાન આપવું, નિર્મલ વાણી, દેવ (જીનેશ્વરદેવ)નું પૂજન, અને સદ્‌ગુરૂનું સેવન છે. ૨૨

## ધર્મી પુરૂષનું ઉત્તમ પણું.

### वंशस्थ.

वरं दरिद्रोऽपि सुधर्मवान्नरो न चाप्यधर्मी बहुरत्नमण्डितः ।
सुलोचनो जीर्णपटैश्च शोभते न नेत्रहीनः कनकैरलङ्कृतः ॥ २३ ॥

સુધર્મ વાળો પુરૂષ દરિદ્ર (ધનહીન) હોયતો પણ ઉત્તમ છે પણ ઘણા રત્નોથી મંડિત (શોભાયમાન) હોય તો પણ અધર્મી પુરૂષ ઉત્તમ નથી. દાખલા તરીકે સુંદર નેત્ર વાળો પુરૂષ જીર્ણ વસ્ત્રોથી પણ શોભે છે. પરંતુ અન્ધ મનુષ્ય હેમના અલંકારોથી શણગારેલ હોય તો પણ શોભતો નથી ૨૩

## પરલોકની મુસાફરીમાં ભાતાની જરૂર.

### वसन्ततिलका.

ग्रामान्तरे विहितशम्बलकः प्रयाति सर्वोऽपि लोक इह रूढिरिति प्रसिद्धा ।
मूढस्तु दीर्घपरलोकपथप्रयाणे पाथेयमात्रमपि नो विदधात्यधन्यः ॥ २४ ॥

આ લોકમાં સર્વ જન સમાજ એક ગામથી બીજે ગામ જવું હોય તો પણ ભાતું સાથે લઇને જાય છે આ રૂઢી (રીવાજ) જગતમાં પ્રસિદ્ધ છે. ત્યારે લાંબા વખતના પરલોકના માર્ગના પ્રયાણમાં (જવામાં) મૂઢ પ્રાણી ભાતું માત્ર પણ લેતો નથી માટે તે અધન્ય છે એટલે ધિક્કારને પાત્ર છે. ૨૪

## મનુષ્ય ધર્મથીજ શોભે છે.

### शार्दूल (૨૫ થી ૨૮)

तोयेनेव सरः श्रियेव विभुता सेनेव सुस्वामिना
जीवेनेव कलेवरं जलधरश्रेणीव वृष्टिश्रिया ।
प्रासादस्त्रिदशार्चयेव सरसत्वेनेव काव्यं प्रिया
प्रेम्णेव प्रतिभासते न रहितो धर्मेण जन्तुः क्वचित् ॥ २५ ॥

જલથી જેમ તલાવ, લક્ષ્મી (ધન) થી જેમ પ્રભુતા, (મ્હોટાઇ) સારા નાયકથી જેમ સેના, જીવથી જેમ શરીર, વર્ષાવવાની શોભાથી જેમ મેઘવૃન્દ

दत्तो दुःखजलांजलिर्निरुपमं न्यासीकृतं स्वःसुखम्
येनेत्थं शिवशर्मकार्मणमणेः सङ्घस्य पूजा कृता ॥७॥

જેણે આવી રીતે કલ્યાણકારી કર્મના મણિરૂપ સંઘની પૂજા કરી તેણે પોતાનું ઘર પવિત્ર કર્યું, કુલ નિર્મળ બનાવ્યું, જાતિ (જ્ઞાતિ) દીપાવી, દુર્ગતિનું દોરડું કાપ્યું શીતદ્યુતિ (શાન્તિજનક મોક્ષમંડળમાં) નામ લખ્યું, દુઃખને હુઠાડયું અને નિરૂપમ સ્વર્ગનુ સુખ સંપાદન કર્યું. ૭ *

## સંઘ આગમનથી સર્વ સંપત્તિની પ્રાપ્તિ.

कल्पोर्वीरुहसन्ततिस्तदजिरे चिन्तामणिस्तत्करे
श्लाघ्या कामदुघानघा च सुरभी तस्यावतीर्णा गृहे ।
त्रैलोक्याधिपतित्वसाधनसहाश्रीस्तन्मुखं वीक्षते
सङ्घो यस्य गृहांगणं गुणयुतः पादैः समाक्रामति ॥८॥

જેના ઘર આંગણે ગુણ યુકત સંઘ પગથી ચાલીને ઘરનું આંગણુ શોભાવે છે. (આવે છે.) તેના ઘરમાં કલ્પવૃક્ષની વેલનો સમૂહ (મંડપ) છવાયો. તેના હાથમાં ચિન્તામણિ આવ્યો. તેના ઘરમાં નિર્મળ વખાણવા યોગ્ય કામદુઘા (ઇચ્છા પરિપૂર્ણ કરનારી) ગાય ઉતરી. ત્રૈલોક્યના આધિપત્યની સત્તાવાનના સમાન લક્ષ્મી તેનું મુખે દેખે છે. અર્થાત્ જેને ત્યાં સંઘ પધારે તેનાં અહોભાગ્ય સમજવા અને તેને ત્યાં સર્વ સંપત્તિઓએ વાસ કર્યો તેમ સમજવું. ૮

## સંઘપતિ પદની દુર્લભતા.

### शार्दूल (२ थी ४)

संसारेऽधिगता नरामरभवाः प्राप्ताः श्रियोऽनेकशः
कीर्तिस्फूर्तिमदर्जितं च शतशः साम्राज्यमप्यूर्जितं ।
स्वाराज्यं बहुधा सुधाशनचयाराध्यं समासादितं
लेभे पुण्यमयं कदापि न पुनः संघाधिपत्यं परम् ॥ ९ ॥

સંસારમાં આવેલા પુરૂષોએ અનેક વખત મનુષ્ય અને દેવતાઓને લાયક સમૃદ્ધિઓ પણ મેળવી હશે. સેંકડોવાર કીર્તિથી ઝળહળતું (પ્રકાશતું) ભક્તિથી યુકત સામ્રાજ્ય પદ પણ મેળવ્યું હશે. ઘણો વખત દેવતાએ ને આરાધના કરવા લાયક ઇન્દ્રપદ પણ મેળવ્યું હશે પરંતુ કોઇ વખતે પણ સર્વોત્કૃષ્ટ–પુણ્યમય સંઘનું આધિપત્ય ફરીને નહિં મેળવ્યું હોય. અર્થાત્ સંઘેશ પદવી વારંવાર મળતી નથી. ૯

* ૭-૮ સૂકત મુક્તાવળી.

## સંઘપતિના લક્ષણ.

### સ્રગ્ધરા.

भक्तो मातापितॄणां स्वजनपरजनानंददायी प्रशान्तः
श्रद्धालुः शुद्धबुद्धिर्गतमदकलहः शीलवान् दानवर्षी ।
अक्षोभ्यः सिद्धगामी परगुणविभवोत्कर्षहृष्टः कृपालुः
संघैश्वर्याधिकारी भवति किल नरो दैवतं मूर्त्तमेव ॥ १० ॥

માતાપિતાનો ભક્ત, પોતાના સંબંધીઓ તથા બીજાઓને આનંદ આપનાર અતિશય શાન્ત શ્રદ્ધાવાન, નિર્મલ બુદ્ધિયુક્ત, કલેશ તથા અભિમાનથી રહિત, સારાં આચરણવાળો, તથા શીયલયુક્ત, દાન આપનાર, કોઇ પણ પ્રકારે ક્ષોભ (મોહ) ન પામનાર, સિદ્ધોના માર્ગોને અનુસરી વર્તન કરનાર (સિદ્ધ માર્ગે જાનાર) બીજાના ગુણ અને વૈભવોની વૃદ્ધિમાં આનન્દ માનનાર, (ખુશ રહેનાર) દયાળુ એવો જે પુરૂષ હોય તેજ સંઘના ઇશ્વરપણાનો (સંઘેશ પદવીનો) અધિકારી થાય છે ને તેને મૂર્તિમાન દેવજ સમજવો. ૧૦

## સંઘભક્તિથી મોક્ષપ્રાપ્તિનું દ્રષ્ટાંત.

* અયોધ્યા નગરીમાં ભરત ચક્રવર્તી ન્યાય રીતે રાજ્ય કરે છે. એકદા શ્રી આદિનાથને કેવલ જ્ઞાન ઉપને થકે ચોરાશી ગણધર સહિત વિહાર કરતા અયોધ્યાના ઉદ્યાનમાં સમોસર્યા. ઉદ્યાનપાલકે વધામણિ દીધી. તેને સાડીબાર ક્રોડનું દાન દીધું. પછી ભરત રાજાએ વિચાર્યું જે આજ ઋષભદેવ પધાર્યા છે, તેને સપરિકર ભોજન કરાવું ? એમ ચિંતવી ઘણાં ગાડાં પકવાન્નાદિકે ભરી સમોસરણે આવી ભગવાનને વાંદીને વિનતિ કરી કે મહારાજ ! આજ સર્વ સાધુઓ સહિત આપ મ્હારૂં ભોજન સ્વીકારો. તે વારે ભગવાન્ બોલ્યા કે હે ભરત ! સાધુને રાજ્યપિંડ અગ્રાહ્ય છે. વળી આધાકર્મી–આહારો આણ્યો તે આહાર પણ અગ્રાહ્ય છે. એવી વાણી સાંભળી ભરત પશ્ચાતાપ કરવા લાગ્યો. ત્યારે ભગવાન બોલ્યા કે હે રાજેન્દ્ર ? તું અસંતોષ કર નહીં. પહેલું પાત્ર વીતરાગ, બીજું પાત્ર સાધુ, ત્રીજું પાત્ર અણુવ્રતધારી અને ચોથું પાત્ર દર્શનધર, માટે તું અણુવ્રત ધારી શ્રાવકની ભક્તિ કર, જે થકી સંસાર રૂપ સમુદ્ર ચુલૂક સમાન થાય. એવું સાંભળી ભરત રાજા હર્ષ પામ્યો થકો સ્વસ્થાનકે આવ્યો, શ્રાવક માત્રને જમવા માટે નોતરાં દીધાં. નિરંતર સર્વ લોક જમવા આવે.

---

* સિંદૂર પ્રકરની ટીકા.

કેમકે તે વખતે લોક સર્વ ઋજુ ( સરળ ) હતા. માટે હર હમેશ આવવા લાગ્યા, તે વારે રસોઇ કરનારાએ રાજાને વિનવ્યો કે મહારાજ ! પ્રજા સર્વ ઉલટી પડી છે, કોને જમાડીએ અને કોને ન જમાડીએ ? તેથી રાજાએ પરીક્ષા કરી શુદ્ધ શ્રાવકને જ્ઞાન, દર્શન, અને ચારિત્રરૂપ ત્રણ રેખા કાંકણી રત્નથી કીધી. એમ કરી પોતાનો અવતાર સફલ કરવા લાગ્યો. તથા શ્રી શત્રુંજયનો પ્રથમ ઉદ્ધાર કર્યો, સંઘવીની પદવી પામ્યો. અષ્ટાપદ પર્વત ઉપર ઋષભદેવ પ્રમુખ આગામીકાલે થનારા ચોવીશ તીર્થંકરના પ્રાસાદ કરી માનોપેત પ્રતિમા ભરાવી. એ રીતે શ્રી સંઘની ભક્તિ કરી અનુક્રમે આરીસાભવનમાં રૂપ જોતાં અનિત્ય ભાવના ઉત્પન્ન થવાથી મનમાં વૈરાગ્ય વૃદ્ધિ કરતાં આ સંસારમાં સાર તે એક ધર્મ જ છે. એમ કહેતાં કહેતાં કેવલ જ્ઞાન પામ્યા. તેનો દેવતાઓએ મહોત્સવ કર્યો. ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી મોક્ષે ગયા. તેમનો પુત્ર શ્રી સૂર્યયશા થયો તેણે પણ ભરતેશ્વરની પેઠે જ શ્રી સંઘની ભકિત કરી. ઉર્વશી પ્રમુખ દેવાંગનાઓએ પરીક્ષા કીધી પણ ચલાયમાન થયો નહી. તેમને પણ આરીસામાં રૂપ જોતાં કેવલ જ્ઞાન ઉપજ્યું અને મોક્ષે ગયો. તેમનો પુત્ર મહાયશ, તેમનો પુત્ર અતિબલ તેમનો પુત્ર બલભદ્ર, તેમનો પુત્ર બલવીર્ય, તેમનો પુત્ર કૃતવીર્ય. તેમનો પુત્ર જલવીર્ય, તેમનો પુત્ર આઠમે પાટે દંડવીર્ય. એ સર્વ ત્રણ ખંડના ભોક્તા થયા. ચતુર્વિધ શ્રી સંઘની ભકિતના કરનાર થયાં. અહીં ભરતની પાછળ છ કોડી પૂર્વ વર્ષ ગયાં, તે વખતે સૌધર્મેંદ્રે અવધિજ્ઞાનને પ્રમાણે સ્તવના કરી પોતે અયોધ્યા માંહે આવી જ્ઞાનાદિક ગુણ જણાવવા માટે યજ્ઞોપવીત ધારી બાર વ્રતનાં બાર તિલક કર્યાં. તે અવસરે દંડવીર્ય રાજાએ ઇંદ્રને શ્રાવકરૂપે દીઠો. તે દેખીને હર્ષવંત થયો. પછી જમવાની નિમંત્રણા કીધી, રસોઇયાને કહ્યું કે સાધર્મિકને રૂડી રીતે ભોજન કરાવો. ઇંદ્ર પણ શ્રાવકરૂપ ધરતો ઘરમાંહે આવ્યો પચ્ચકખાણ પારી શ્રાવકોની પંકિતમાં જમવા બેઠો. એક ક્રોડ શ્રાવકને અર્થે જેટલું અન્ન નિપજાવ્યું હતું તેટલું તે એકલો જમ્યો. વળી રસોયાને કહ્યું કે હું ભુખ્યો છું માટે અન્ન આપ, રસોયાએ રાજાની આગળ સર્વ વાત કહી. રાજા ત્યાં આવ્યો, તેનેશ્રાવકરૂપધારક ઇંદ્રે કહ્યું કે રસોઇ કરનાર સર્વને ભૂખ્યા રાખે છે. રાજાએ વળી સો મુડા અન્ન રંધાવી પીરસ્યું, તે તત્કાલ જમીને વળી કહેવા લાગ્યો કે મહારી ભૂખ ગઈ નથી. એ રીતે રાજાનું અપમાન કરવા લાગ્યો કે હું તૃપ્ત થતો નથી. તે વખતે રાજાએ મનમાં ખેદ કર્યો કે મારાથી સંઘની પૂર્ણ ભકિત થતી નથી માટે મને ધિક્કાર છે. સેવક બોલ્યા મહારાજ! એ કોઇ દેવ સ્વરૂપી છે તે વખતે રાજાએ ધૂપાદિકે સંતોષી નમસ્કાર કરી પૂછ્યું કે હે સ્વામી ! પ્રસન્ન થાઓ, સાધર્મીની ભક્તિ મહારાથી કેમ થઈ શકે ? એવું સાંભળી ઇંદ્રે પોતાનું પ્રગટ રૂપ કીધું. દંડવીર્યની

પ્રશંસા કરવા લાગ્યો ને કહ્યું કે હે દંડવીર્ય ! સુગાદિ દેવનો વંશ ઉજાળ્યો, ધન્ય છે તુને જે તું આવીરીતે સાધર્મીની ભક્તિ કરે છે. उक्तंच ।

ते पुत्रा ये पितुर्भक्ताः स पिता यस्तु पोषकः ।
तन्मित्रं यत्र विश्वासः सा भार्या यत्र निर्वृतिः ॥

પિતાની ભક્તિ કરનારાઓ પુત્રો ગણાય છે, અને પોષણ કરનાર પિતા ગણાય છે, જે વિશ્વાસુ હોય તે મિત્ર ગણાય છે, ને જેમાથી શાંતિ થાય છે તે સ્ત્રી કહેવાય છે.

ઇત્યાદિ સ્તવના કરી ઇંદ્ર દેવલોકે ગયો. દંડવીર્ય પણ સંઘભક્તિ કરી જન્મ સફલ કરી મોક્ષે પહોંચ્યો.

આ પ્રમાણે સંઘના ગુણ સમજાવવા સાથે સંઘપતિના લક્ષણ અને સંઘસેવાના ફળ સમજાવવા પછી સંઘની સેવાના માર્ગો માટે વિચાર કરશું તો સ્વામીવાત્સલ્ય, તીર્થયાત્રાના અપાતા લાભો અને સર્વના સામાન્ય હિત માટેના કાર્ય તરફ પવિત્ર ભાવથી કાળજી રાખવી તે સંઘભક્તિના લક્ષણો છે. એ દર્શાવતાં આ સંઘભક્તિ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

# सुश्रावक—अधिकार.

જીનાજ્ઞા આશ્રિત શ્રાવક શ્રાવિકા કે જે શ્રી સંઘનું અંગ છે. તેમનામાં તે શબ્દની લાયકાત પ્રમાણે અનેક શુભ આચરણ સ્થિત હોય છે. તીર્થયાત્રા ઉપર પ્રીતિ, સંઘ ભક્તિ વગેરે જેમ શ્રાવકના મુખ્ય કર્તવ્યો આપણે પૂર્વે જોઈ ગયા તેમ શ્રાવક તરીકે સામાન્ય કર્મ અને ફરજો અનેક છે, કે જે સમજાવવા માટે "શ્રાધ વિધિ" વગેરે મહાનગ્રંથો પૂર્વ પુરૂષોએ ગુંથેલા છે. આ સર્વ કર્તવ્યના સાર રૂપ સદ્‌ગુણની કેટલીક અગત્યની ફરજો સમજાવવા આ સુશ્રાવક અધિકારનો આરંભ કરવામાં આવે છે.

## શ્રાવકને કયું કાર્ય તાજ્ય છે ?

### अनुष्टुप्.

अयशः प्राप्यते येन येन चाधो गतिर्भवेत् ।
स्वार्थाच्च भ्रश्यते येन न तत्कर्म समाचरेत् ॥ १ ॥

१ થી ૧૫ સૂક્તિ મુક્તાવલી

## સ્નાન માટે અનુકૂળ સ્થળ.

गृहे चैवोत्तमं स्नानं वस्त्रपूतेन वारिणा ।
तस्मात्त्वं पाण्डवश्रेष्ठ गृहे स्नानं समाचर ॥२॥

વસ્ત્રથી ગાળેલા પાણી વડે ઘર આગળ જે સ્નાન કરવું તે ઉત્તમ છે, માટે હે ધર્મરાજા, તું ઘેર સ્નાન કર. ૨

## સ્નાનમાં રાખવી જોઇતી સંભાળ.

पीड्यन्ते जन्तवो येन जलमध्ये व्यवस्थिताः ।
स्नानेन तेन किं पार्थ पुण्यं पापं समं भवेत् ॥३॥

હે ધર્મરાજ, જે સ્નાન કરવાથી જળમાં રહેલા જન્તુઓ પીડાય છે, તે સ્નાન કરવાથી શું ફળ? કેમકે તેમાં પુણ્ય અને પાપ બન્ને સરખાં થાય છે. ૩

## સ્નાન કયારે અને કયાં ન કરવું?

न स्नानमाचरेद्भुक्तो नातुरो न महानिशि ।
न वस्त्रैः सहनाजस्रं नाविज्ञाते जलाशये ॥४॥

ભોજન કર્યા બાદ, રોગી અવસ્થામાં મધ્ય રાત્રિને સમયે, તમામ વસ્ત્રો પહેરીને વારંવાર એટલે દીવસમાં અનેકવાર, અને અજાણ્યા જળાશયમાં (વાવ—કુવા તળાવ—નદી) વગેરેમાં સ્નાન કરવું નહીં. ૪

## સ્પર્શાસ્પર્શનો દોષ કયાં નથી.

देवयात्राविवाहेषु सम्भ्रमे राजदर्शने ।
सङ्ग्रामे हट्टमार्गे च स्पृष्टास्पृष्टि र्न दुष्यति ॥५॥

દેવયાત્રા, વરઘોડા, મેળા વગેરેમાં વિવાહમાં, ઉતાવળના સમયમાં, રાજદર્શનમાં, સભા વગેરેમાં. લડાઇમાં, બજારના માર્ગમાં, સ્પર્શાસ્પર્શનો દોષ નથી. ૫

## ગળેલ પાણી વાપરવાની આજ્ઞા

जलेन वस्त्रपूतेन यःस्नापयति माधवम् ।
सर्वपापविनिर्मुक्तो विष्णुना सह मोदते ॥७॥

વસ્ત્રથી ગાળેલા જળવડે જે પુરૂષ માધવને સ્નાન કરાવે છે, તે તમામ પાપથી રહિત થઇને (વિષ્ણુલોકમાં) વિષ્ણુની સાથે આનંદ પામે છે. ૭*

* નારદીય પુરાણ.

વિચાર કરીને હે શુદ્ધ જ્ઞાનવાળા પુરૂષો ! તમે સમકત્ત્વ જ્ઞાનરૂપી પાણીથી અભિષેક ( સ્નાન ) કરો. ૨

## ચારિત્રાભિષેકથી વિશેષ શુદ્ધિ.

तीर्थाभिषेककरणाभिरतस्य बाह्यो नश्यत्ययं सकलदेहमलो नरस्य ।
नान्तर्गतं कलिलमित्यवधार्य सन्तश्चारित्रवारिणि निमज्जत शुद्धिहेतोः ॥३॥

તીર્થના પાણીમાં સ્નાન કરનાર મનુષ્યનો બહારનો આ સમગ્ર દેહનો મલ નાશ પામે છે. પરંતુ અન્દર રહેલ ( ચિત્તનો ) મલ નાશ પામતો નથી, એમ નિશ્ચય કરી હે સજ્જનો ! પવિત્ર ચારિત્રરૂપી પાણીમાં શુદ્ધિ ( પવિત્રતા ) થવાના કારણથી તમે નિમજ્જન ( સ્નાન ) કરો. ૩

## જીનવચનામૃત સ્નાન શુદ્ધિ.

सज्ज्ञानदर्शनचरित्रजलं क्षमोर्मि कुज्ञानदर्शनचरित्रमलावमुक्तम् ।
यत्सर्वकर्ममलमुज्जिनवाक्यतीर्थे स्नानं विदध्वमिह नास्ति जलेन शुद्धिः ॥४॥

( હે મનુષ્યો ! ) સત્ ( સત્ય ) એવાં જ્ઞાન, દર્શન, અને ચારિત્ર રૂપી જેમાં પાણી છે, જે ક્ષમા રૂપી ઉર્મિ ( લહેર ) વાળું અને જે (કુત્સિત) એવા જ્ઞાન, (કુજ્ઞાન) કુદર્શન અને કુચરિત્રરૂપી મલોથી રહિત છે, એવા સર્વ કર્મના મલને નાશ કરનાર શ્રી જિન ભગવાનના વચન રૂપી તીર્થમાં તમે સ્નાન કરો. કારણકે અહિં પાણીથી અન્તર શુદ્ધિ થતી નથી. ૪

## પાણીની પ્રકૃતિ માટે શંકા.

तीर्थेषु चेत्क्षयमुपैति समस्तपापं स्नानेन तिष्ठति कथं पुरुषस्य पुण्यम् ।
नैकस्य गन्धमलयोर्युतयोः शरीरं दृष्ट्वा स्थितिः सलिलशुद्धिविधौ समाने ॥५॥

તીર્થોમાં સ્નાન કરવાથી જો સમસ્ત પાપ નાશ પામતું હોય તો પુરૂષનું પુણ્ય કેમ ટકી શકે ? એટલે જે પાણીનો સ્વભાવ સુગંધી તેમજ દુર્ગંધી બન્ને પદાર્થને ધોઈ નાખે છે. તો પછી તેમાં સ્નાન કરનારાના પુણ્ય તથા પાપનું પણ તેમજ થવું જોઇએ. ૫

## કેવળ સ્નાનથી શુદ્ધિ નથી.

तीर्थाभिषेकवशतः सुगतिं जमत्यां पुण्यैर्विनापि यदि यान्ति नरास्ततेतः ।
नानाविधोदकसमुद्भवजन्तुवर्गा बालत्वचारुमरणान्न कथं व्रजन्ति ॥ ६ ॥

પૃથ્વીમાં પુણ્યકર્મો વિના પણ જો મનુષ્યો તીર્થોમાં સ્નાન કરવાથી શુભ ગતિને પામતા હોય, તો નાના પ્રકારના પાણીમાં ઉત્પન્ન થયેલ જન્તુઓના સમૂહો

## શરીર સ્પર્શથી જળની અશુદ્ધિ.

दुःखेन शुध्यति मशीवटिका यथा नो दुःखं तु जातु मलिनत्वमितिस्वरूपम् ।
नाङ्गं विशुध्यति तथा सलिलेन धौतं पानीयमेति नु मलीमसतां समस्तम् ॥११॥

વિતર્ક થાય છે કે—મશીવટિકા ( કાજળ શાહીની ગોળી અથવા કોયલો ) ઘણા શ્રમથી પાણી વડે ધોવામાં આવે તો પણ જેમ તે ઉજ્વલ થતો નથી, પરંતુ શ્રમ ફોકટ જાય છે તેમ પાણીથી ધોયેલું અંગ શુદ્ધ થતું નથી પરંતુ ધોવાથી બધું પાણી મલિનપણાને પ્રાપ્ત થાય છે. ૧૧

## પાણીમાં રહેલ અશુદ્ધ તત્ત્વો.

आकाशतः पतितमेत्य नदादिमध्यं तत्रापि धावनसमुत्थमलावलिप्तम् ।
नानाविधावनिगताशुचिपूर्णमर्णो यत्तेन शुद्धिमुपयाति कथं शरीरम् ॥ १२ ॥

જે પાણી આકાશમાંથી પડેલું છે. તે નદી વગેરેના મધ્યમાં આવીને અને ત્યાં ઉત્પન્ન થયેલ મલોથી લોપાઇ ગયેલું છે, તેમ પૃથ્વીમાં રહેલી નાના ( ભિન્ન ભિન્ન ) પ્રકારથી અપવિત્ર ચીજોથી પૂર્ણ છે. તે પાણીથી શરીર કેમ શુદ્ધ થઇ શકે?

## સુંદર ગુણોમાં પણ શરીર સ્પર્શથી ખામી.

मालाम्बराभरणभोजनमानिनीनां लोकातिशायिकमनीयगुणान्वितानाम् ।
हानिं गुणा झटिति यान्ति यमाश्रितानां देहस्य तस्य सलिलेन कथं विशुद्धिः ॥१३॥

જે શરીરનો આશ્રય કરવાથી પુષ્પમાળા, વસ્ત્રો, ભૂષણો, ભોજન અને માનવાળી સ્ત્રીઓ આ લોકમાં સુન્દર ગુણવાળા ગણાવા છતાં પણ તેના તે ઉત્તમ ગુણો તુર્ત નાશને પામે છે, તે શરીરની પાણીથી કેમ શુદ્ધિ થઈ શકે ? ૧૩

## પાપ પ્રક્ષાલન માટે જળની અશક્તિ.

जन्त्विन्द्रियालमिदमत्र जलेन शौचं केनापि दुष्टमतिना कथितं जनानाम् ।
यद्देहशुद्धिमपि कर्तुमलं जलं नो तत्पापकर्म विनिहन्ति कथं हि सन्तः ॥१४॥

અહિં પાણીથી કરેલું આ એક શૌચજ મનુષ્યોના મલિન ( રોગોત્પાદક ) જન્તુઓ તથા ઇન્દ્રિયજન્ય પાપ કર્મને નાશ કરે છે એટલે જન્તુઓને ઉત્પન્ન થવા હેતું નથી તેમ ઇન્દ્રિઓને વશ કરે છે, એમ પણ કોઇ પુરૂષે કહ્યું છે. પરંતુ પ્રથમ જણાવ્યા મુજબ જે જળ શરીરની શુદ્ધિ કરવાને સમર્થ નથી, તે હે સજ્જન મહાશયો ! પાપ કર્મને કેમ હણી શકે ? ૧૪

## જીનાજ્ઞારૂપ સરીતામાં શરીર શુદ્ધિ.

सम्यक्त्वशीलमनघं जिनवाक्यतीर्थं यत्तत्रचारुधिषणाः कुरुताभिषेकम् ।
तीर्थाभिषेकवशतो मनसः कदाचिन्नान्तर्गतस्य हि मनागपि शुद्धबुद्धिः ॥ १९॥

હે ઉત્તમ બુદ્ધિવાળા પુરૂષો! જે જિન ભગવાનના વાક્યરૂપી તીર્થ સમ્યક્ત્વ અને શીલવાળુ છે અને નિષ્પાપ છે તેમાં તમે સ્નાન કરો એટલે જ્ઞાનામૃતનું આદરથી શ્રવણ પાન કરો. કારણ કે પાણીના તીર્થોમાં ન્હાવાથી કોઇ પણ દિવસ અન્દર રહેલા મનની કાંઇપણ શુદ્ધતાની બુદ્ધિ થતી નથી. ૧૯

## જળસ્નાન બાહ્ય શુદ્ધિ માટેજ છે.

चित्तं विशुध्यति जलेन मलावलिप्तं यो भाषतेऽनृतपरोऽस्ति जनो न तस्मात् ।
बाह्यं मलं तनुगतं व्यपहन्ति नीरं गन्धं शुभेतरमपीति वदन्ति सन्तः ॥ २०॥

મળ(કામ)થી લીંપાયેલું ચિત્ત જળથી શુદ્ધ થાય છે, એમ જે માણસ બોલેછે, તેનાથી બીજો કોઇ માણસ અસત્યવાદી નથી પરંતુ સત્પુરૂષો કહે છે કે જળતો માત્ર શરીર પર રહેલા બાહ્ય મળને તથા અશુભ ગંધનેજ દૂર કરે છે. ૨૦

## જ્ઞાન શીળાદિમાં સંપૂર્ણ શુદ્ધિનો પ્રભાવ.

वार्यग्निभस्मरविमन्त्रधरादिभेदाच्छुद्धिं वदन्ति बहुधा भुवि किन्तु पुंसाम् ।
सुज्ञानशीलशमसंयमशुद्धितोऽन्या नो पापलेपमपहन्तुमलं विशुद्धिः ॥ २१ ॥

પાણી, અગ્નિ, ભસ્મ, સૂર્ય, મન્ત્ર, પૃથ્વી વગેરે ભેદોથી પૃથ્વીમાં પુરૂષોની ઘણે પ્રકારે શુદ્ધિ કહેલ છે. પરંતુ સુન્દર એવું જ્ઞાન, શીલ, શમ, ( ઇન્દ્રિયનિગ્રહ ) અને સંયમ આ શુદ્ધિથી બીજા પ્રકારની વિશુદ્ધ( પવિત્રતા ) મનુષ્યોના પાપના લેપને હણવાને જોઇએ તેટલા સમર્થ નથી. ૨૧

## ત્રિરત્ન સેવનથી આંતર શુદ્ધિ.

रत्नत्रयामलजलेन करोति शुद्धिं श्रुत्वा जिनेंद्रमुखनिर्गतवाक्यतीर्थम् ।
योऽन्तर्गतं निखिलकर्ममलं दुरन्तं प्रक्षाल्य मोक्षसुखमप्रतिमं स याति ॥ २२ ॥

જે મનુષ્ય સુજ્ઞાન, સુદર્શન સુચારિત્ર આ ત્રણ રત્નો રૂપી નિર્મળ જળથી શુદ્ધિ કરે છે. તે મનુષ્ય શ્રી જિનેન્દ્રભગવાનના મુખમાંથી નિકળેલ વાક્ય રૂપી તીર્થનું શ્રવણ કરીને અન્દર રહેલા તમામ કર્મના દુરન્ત એવા મળનું પ્રક્ષાલન કરીને અપ્રતિમ ( અનુપમ ) એવ મોક્ષ સુખને પામે છે. ૨૨

આ પ્રમાણે બાહ્ય અને આંતરશુદ્ધિના ભેદ તથા તે માટેના પ્રયોગો સમજાવવામાં આ ભાવ શૌચ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

અને વિકટ જાણુતા વિવિધ વ્યવહારના કામો કરવાની તમને નવરાશ મળે છે, નાટકો જોવા જવાની અને રમત ગમત કરવાની તમને નવરાશ મળે છે, અને હૃદયમંદિરમાં પેસવાની તમને નવરાશ નથી મળતી. બહુ સારૂં બહાર ફર્યા કરો, બહાર સુખને શોધ્યા કરો. રત્નની ઉપેક્ષા કર્યા કરો, અને ધૂમાડાના બાચકા ભરીને ખુબ કમાણી કરી છે. એમ માનીને આનંદમાં મગ્ન રહો. આખરે પેટી ખાલીખમ્ રહે, દરિદ્રતાનું દુઃખ જણાયે, હૃદયમંદિરમાં પધારજો!

હૃદયમંદિરમાં પરમેશ્વર વસે છે, એવું તમે શ્રદ્ધાપૂર્વક માનો છો, એની ખાતરી શી? જો તમે માનતાજ હો કે હૃદયમાં તે છે, તો ત્યાં તમે તેમને શોધોજ. પણ તમે ત્યાં નથી શોધતા, એ શું દર્શાવે છે? એજ કે તમને હૃદયમાં ઇશ્વર છે એની પૂર્ણ ખાતરી નથી, અથવા ખાતરી છે તો તમને ઈશ્વર મેળવવાની હજી અગત્ય જણાતી નથી. કૂવામાં જળ છે એવું જાણવા છતાં તૃષાતુર મનુષ્ય કૂવામાંથી જળ કાઢવાનો પ્રયત્ન ન કરે તો શું સમજવું? એજ કે તેને હજી તૃષા લાગી નથી. તમે પણ હૃદયમંદિરમાં છે, એવું જાણતાં છતાં, જો હજી હૃદયમંદિર શોધતા નથી તો તમને પણ હજી ઇશ્વરને પ્રાપ્ત કરવાની ઇચ્છા થઇ નથી.

પ્રત્યેક મનુષ્યના હૃદયમાં સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા અખંડ સ્ફુર્યા કરે છે, તેથી પ્રત્યેક મનુષ્યને ઇશ્વરને પ્રાપ્ત કરવાની પ્રબળ ઇચ્છા છે, એ સિદ્ધ થાય છે. કારણકે ઈશ્વર અને સુખ એ બે કંઇ ભિન્ન પદાર્થ નથી. ઉભય એકજ છે, તેથી પ્રત્યેક મનુષ્ય સુખને ઇચ્છતો હોવાથી તે ઇશ્વરનેજ ઇચ્છે છે. પરંતુ વિચારવાન્ મનુષ્ય જ્યારે આ સુખ અથવા ઈશ્વર હૃદયમાં છે, એમ માને છે, અને તેથી તેને ત્યાં શોધે છે ત્યારે અજ્ઞાની મનુષ્ય આ સુખ અથવા ઈશ્વર હૃદયથી બહાર છે, એમ માને છે, અને તેથી તેને બહાર શોધે છે. અને આથી સુખની યથેચ્છ પ્રાપ્તિ કરવામાં સર્વદા નિષ્ફળ રહે છે. સમુદ્ર પર્યંતની પૃથ્વી પ્રાપ્ત કરવા છતાં શું નૃપતિને હૃદયમાં યથેચ્છ સુખ મળ્યું હોય છે? ના, કારણકે સુખ બહારના પૃથ્વી આદિ પદાર્થોમાં નથી, પણ અંતર છે. અનર્ગળ દ્રવ્યનો સંગ્રહ કરી શું શ્રીમાન્ પરમશાંતિનો અનુભવ કરે છે? ચિંતા વગેરે સંતાપને ઉપજાવનારા વિકારોથી તે રહિત હોય છે? ના, કારણકે પરમશાંતિ દ્રવ્ય વગેરે બાહ્ય પદાર્થોમાં નથી, પણ અંતર છે. દેવાદિને વશ વર્ત્તાવવા જેવું સામર્થ્ય તથા અલૌકિક ઐશ્વર્ય પ્રાપ્ત કરવાથી શું રાવણે અચલ તૃપ્તિનો અનુભવ કર્યો હતો? ના, કારણ અચલ તૃપ્તિ બાહ્ય પદાર્થોમાં નથી પણ અંતર છે. જ્ઞાનવાન તથા અજ્ઞાનીનો ભેદ આ જગાએજ છે. જ્ઞાનવાન્ સુખને અંતરમાં—હૃદયમાં—પોતાનામાં—શોધે છે. ત્યારે અજ્ઞાની સુખ બહાર—જગત્માં—દૃશ્ય પદાર્થોમાં શોધે છે.

હોજમાં અથવા ટાંકીમાં બહારથી આણીને ભરેલું જળ થોડા દિવસમાં ખાલી

# आत्मसत्ता—अधिकार.

આત્માની શક્તિનો વિચાર થવાથી તેની સત્તાનું અનંતવીર્ય તેજ જાણવામાં આવતાં તેવી સત્તા વડે આત્માના ખરા સ્વરૂપને ઓળખતા સાથે અનુક્રમે ગુણ શ્રેણી એ ચઢતાં અમર પદની પ્રાપ્તિ થઇ શકે છે. તે દર્શાવતાં આત્મસત્તા—અધિકારનો અત્રે આરંભ કરવામાં આવે છે.

## આત્માનું સિદ્ધ સ્વરૂપ.

### अनुष्टुप्.

आत्मन्येवात्मनः कुर्यात्, यःषट्कारकसंगतिम् ।
काविवेकज्वरस्यास्य, वैषम्यं जडमज्जनात् ॥ १ ॥

**શબ્દાર્થ**—આત્માને વિષેજ આત્માનો છ કારક યોગ્યતા જે કરે છે તેને જડપણામાં ડૂબવાથી આવિવેક જવરની વિષમતા હોય ? ૧

**વિવેચન**—આત્માને વિષેજ આત્માની ષટ્ કારકપરિણમનયોગ્યતા જે કરે છે, તેને જડપણા રૂપ જ્ઞાનના અંધકાર મય અંધકૂપમાં ડુબવારૂપ અવિવેકનામા તાવની તીવ્ર દારૂણ વિષમતા એટલે કટુક ભયંકર રોગ, શોક, વિયોગ, જન્મ, જરા, મરણાદિ અનંત કર્મ જનિત આધિરૂપ સંકલેશની બળત્રા કયાંથી હોય ? પરંતુ. સ્વરૂપ કાર્ય રૂચિભાસ થયે, સ્વસ્વરૂપ નિષ્પન્ન કરવાને સન્મુખ થયેલ સાધક આત્માને ષટ્કારક શુદ્ધ રત્નત્રયોની સાધનાં કરાવીને પોતાના સહજાનંદ સ્વરૂપને સિદ્ધ સ્વરૂપે પ્રવર્તે છે.

## ષટ્કારક ચક્ર સ્વરૂપ.

* હવે વસ્તુ ધર્મ નિષ્પત્તિમાં છ કારક પણ અવશ્ય ઉપયોગી કારણો રૂપે કાર્ય ભજવે છે, તેનું કાંઇક સ્વરૂપ વિચારીએ છીએ; ત્યાં કારક એટલે આત્મામાના જે કર્તા દ્રવ્ય તેની પરિણતિ, તેને કારક કહે છે તે છ પ્રકારે છે; ૧ કર્તા, ૨ કર્મ અથવા કાર્ય, ૩ કારણ કે કરણ, ૪ સંપ્રદાન, ૫ અપાદાન, ૬ આધાર એ છ કારકો; જીવ કે અજીવ સમસ્ત પદાર્થો, સાથે સમવાય એટલે સહકારી સંબંધે નિરંતર બાધકપણે, સાધકપણે, કે સાધ્યપણે પ્રવર્તે છે; જેમ ઘટ એટલે ઘડાનું દ્રષ્ટાંત લહીએ; તેમાં કુંભકાર તે કર્તા, ઘટ તે કાર્ય, મૃત્તિકા એટલે માટિનો પિંડ તે ઉપાદાન, સ્વસ્વભાવ સાધ્ય યોગ્ય, મૂળ અવશ્ય સાધન કારણ, અને બીજું નિમિત્ત કારણ, તે ચક્ર દંડાદિક કરણ સાધન, માટિના પીંડને નવા પર્યાયની પ્રાપ્તિ તે સંપ્રદાન, પિંડ સ્થાસાદિ પૂર્વ પર્યાયનો ચય, એટલે વ્યય, નાશ, તે અપાદાન, અને ઘટાદિ

* સજ્જન સન્મિત્ર.

થાર્થ જિનવાણીરૂપ અમૃત પાન કરીને, અનાદિ વિભાવવિષ વામીને પોતાનું તત્વ સંભારી, સ્વપર વિવેચનકારી થઇને પોતાનુંજ સહજાનંદ પદ તેને પ્રાપ્ત કર; એહીજ તારૂં કાર્ય છે. તું તનુ ઉપાદાન કારણ શક્તિવંત છે, તેનો લેવાવાલો છે, તું તારી ગુણ સંપદા તારે પ્રદેશે પ્રગટ કરવારૂપ દાનનો સંપ્રદાની છે, માટે હે ચેતન! એ અનાદિ અશુદ્ધ પરિણામને તુંહીજ ત્યાગ કરીશ; અને તારી સત્તાનો આધાર પણ તુંહીજ છે, માટે તુંહીજ તારા તત્વને કર, તાહરૂં તત્વ તું નીપજાવીશ; એમ પોતે પોતાના આત્માને કહિને સાધકપણું આદરવું, તે આદરતાં કારક સમરવેથી અનુક્રમે આત્માનું સ્વકાર્ય નીપજે પછી એહીજ આત્મા સિદ્ધ થાય, માટે એહીજ સાધનનો માર્ગ છે, સાધન કીધેથી કાર્યની સિદ્ધિ થાય, એ ક્રમ છે.

## સામર્થ્યોદધિ.

* સર્વ સામર્થ્ય મહાસાગરરૂપ પરમાત્મા છે, માટે જો તમારે સામર્થ્ય પ્રાપ્તિ કરવી હોય તો પરમાત્માભિમુખ થવું. તૃષા નિવારવાની ઇચ્છા રાખનાર વેરાનમાં જશે કે જળાશય તરફ જશે? જો તેને તૃષા લાગીજ હશે અને જળની જરૂર હશે તો તે વેરાનમાં નહિજ જાય પણ જળાશય તરફ જશે. જો તમારે સામર્થ્યની ઇચ્છા હોય, સામર્થ્યને મેળવવું હોય તો તમો પરમાત્માભિમુખ થજો પરમાત્માભિમુખ થવાથીજ તમારામાં સામર્થ્યની પ્રાપ્તિ થશે.

મુંબઇથી પુના જવા ઇચ્છનાર મનુષ્ય ગુજરાત મેલમાં બેસી અમદાવાદ તરફ જવાનો? પુના જવાને માટે તેણે તરફ જતી ગાડીમાં બેસવું જોઇએ, તેવીજ રીતે આપણે જે વસ્તુને મેળવવી જોઇતી હોય તે વસ્તુ મેળવવાને માટે તે વસ્તુ જ્યાં હોય ત્યાં જવું જોઇએ.

સૂર્યનું કામ પ્રકાશ આપવાનું છે. અંધકાર કરવાનું કામ સૂર્યનું નથી તે સદા તેજોમય છે. અંધકાર એવું કશુંજ સૂર્યમાં નથી. તેવીજ રીતે પરમાત્મા સુખમય છે, તેમનામાં દુઃખનો કેવળ અભાવ છે. જે સૂર્ય નારાયણ છે. પૂજા કરનારને તેમજ તેમના સામે ધુળ નાંખનારને, તમામને અધિક ન્યૂન નહિ પણ સરખાજ પ્રકારે પ્રકાશને આપે તેવીજ રીતે પરમાત્મા સર્વ પ્રાણી માત્રને સુખનાજ કારણ છે.

ત્યારે કેટલાક મનુષ્યને દુઃખી થતા જોવામાં આવે છે તેનું કારણ શું! તે એજ કે તે મનુષ્યો પોતે પોતાની મેળે દુઃખને પ્રાપ્ત કરે છે જેમ સૂર્યનો સ્વભાવ પ્રાણી માત્રને પ્રકાશ આપવાનો છે છતાં કેટલાક મનુષ્યો સૂર્યનાં કિરણોને પોતાના ઉપર પ્રકાશ આપતાં અટકાવવાની ખાતર કોઇ બંધ મકાનમાં બેસી રહે અને બહાર સૂર્યના પ્રકાશમાં ન પ્રવેશ કરે તો તેમાં સૂર્યનો વાંક કે પેલા મનુષ્યનો? અ-

* ભાગ્યોદય અંક ૮ મો સને ૧૯૧૩ અકટોબર.

તે વિચાર જ્યાંથી ઉત્પન્ન થાય છે, ત્યાં જઇ વિરમો અને ત્યાં જઇ પરમાત્માના સ્વરૂપ સામર્થ્યનો વિચાર કરતા પરમાત્માનું ધ્યાન કરો.

આમ કરવાથી તમારા હાથમાં પરમાત્મા આવી જશે એમ ન માનશો, આ તો એક અભ્યાસ કરવાનું સૂત્ર છે, પણ તેજ પ્રમાણે હરરોજ નિયમસર એકજ સૂત્ર—દોરડા વિચારને વળગી આગળ અને આગળ તેના મૂળ સ્થાને જવાની ટેવ પાડો.

વચ્ચે વિરોધિ વિચારોરૂપી વિઘ્નો ઉઠે તો તે તરફ લક્ષ ન આપતાં તમે જે પરમાત્માનું સંધાન કરાવનાર વિચારરૂપ દોરડાને ઝાલ્યું છે, તેજ દોરડે વળગી રહી આગળ અને આગળ ચાલ્યા કરો, જો દોરડું મુકી દઇ બીજા દોરડારૂપી વિચારમાં તણાયા તો પછી તરતજ પાછા રબ્બડનું દોરડું જેમ હાથમાંથી છટકે અને જ્યાં હોય ત્યાંનું ત્યાં જઇ બેસે તેમ તમો પાછા જ્યાં હશો ત્યાંના ત્યાંજ જશો, માટે આ પરમાત્માકાર કરાવનાર એકજ વિચારને વળગી રહેશો, તો અંતે સામર્થ્યોદધિમાં સ્નાન કરશો.

* તમારા આત્મામાં ત્હમેલીન થઇ જશો એટલે દૃશ્ય જગતનો સર્વ વિસ્તાર ત્હમારી આગળ છેક પાતળો થઇ જશે. ત્હમે ત્હેને ગમે તે આકાર આપી શકશો અથવા તે કપૂરની પેઠે ઉડી જશે. 'હું દેહ નથી' એમ સમજાતાંજ સર્વ શારીરિક વ્યાપાર, સંબંધ અને બંધનો કેવળ રમકડાં જેવાં ભાસશે. એ સર્વ નાટકની રંગભૂમિ ઉપરના પાત્રોનાં કામ છે. રંગભૂમિ ઉપરના પાત્ર તરીકે એક મનુષ્ય મ્હારો શત્રુ હોય છે, બીજો મ્હારો મિત્ર બને છે, કોઇ પિતા થાય છે તો કોઇ પુત્ર થાય છે. પરંતુ વસ્તુતઃ હું પુત્ર પણ નથી અને પિતાએ નથી. એ શત્રુ મિત્રો પણ ખરેખર શત્રુ મિત્રો નથી. હું કેવળ બ્રહ્મ છું, સંસારી બંધનો અથવા સંબંધ મ્હને બાંધી શકતાં નથી. સર્વ સંબંધ માયાવી છે. રંગભૂમિ ઉપર સર્વ પાત્રોએ પોતપોતાનો પાર્ટ બરાબર ભજવવો જોઇએ; પરંતુ જે નાટકમાંનો પ્રેમ અને દ્વેષ ખરાં ગણીને પોતાના શરીરપર તે વ્હોરી લે છે તે કેવળ મૂર્ખ છે. તેવીજ રીતે આખું જગત્ જ્યારે નાટકનો એક સીન—દેખાવ—જ છે તો કર્ત્તવ્યના બાહ્ય સ્વરૂપને બીન જરૂરી મહત્વ શા માટે આપવું ? એક રાજા હોય તો ત્હેની અદેખાઇ શા માટે કરવી ? કિંવા બીજો રંક હોય તો તેનો તિરસ્કાર કરવાનો આપણને શું અધિકાર છે ?

ધારો કે એક ન્યાયાધીશ છે તે ન્યાયમંદિરમાં આવે છે અને પોતાને સ્થાને બેસે છે. વાદી પ્રતિવાદીઓ, કારકુનો, વકીલો, નોકર ચાકર અને બીજા લોકો ક્યારનાએ ત્હેની રાહ જોતા ત્હેને માલુમ પડે છે. ન્યાયાધીશને સાક્ષીને બોલાવવા કે વકીલોને નિમંત્રણ આપવા જવું પડતું નથી. વાદી પ્રતિવાદીને લાવવા પડતા

* સ્વામી રામતીર્થ ગ્રંથ ૧ લો.

ઊપનિષદો કહે છે કે, જે આત્માથી સર્વ પદાર્થો જણાય છે, તે આત્માને કોનાથી જાણવો ? મતલબ કે આત્મા આત્માથીજ બદ્ધ થયેલો છે. ૩

આત્મસ્વરૂપ કેમ ઓળખી શકાય તે સમજાવતાં આ **આત્મપ્રકાશનામા** અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

# आत्मभव्यता—अधिकार.

આત્મસ્વરૂપને ઓળખવાથી તથાભવ્યતા સ્વરૂપની પ્રાપ્તિ થવાને પ્રસંગ મળે છે. તેથી હવે તથાભવ્યતાનું સ્વરૂપ પ્રશ્નોતર રૂપે સમજાવવાને આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

* પ્રશ્ન—હે મહારાજ ! શુદ્ધ ધર્મની પ્રાપ્તિ શાથી થાય !

ઉત્તર—મિથ્યાત્વાદિ પાપ કર્મનો નાશ થવાથી થાય.

પ્રશ્ન—તેનો નાશ શાથી થાય ?

ઉત્તર—હે શુભેચ્છુ ! જીવોની અનાદિ "તથાભવ્યતા" જ્યારે પરિપકવ થાય ત્યારે—એટલે તે વિશેષ શક્તિવાળી થાય ત્યારે મિથ્યાત્વાદિ પાપનો નાશ થાય.

પ્રશ્ન— હે મહારાજ ! તે "તથાભવ્યતા" શું છે ?

ઉત્તર—હે ભદ્ર ! તે "તથા ભવ્યતા" અનાદિના જીવોને મોક્ષ ગમનની યોગ્યતા રૂપ પારિણામિક ભાવ છે. તે મોક્ષની યોગ્યતા સર્વ ભવ્ય જીવોને સ્વરૂપ માત્રે તો તુલ્ય છે પણ સર્વ જીવની સમકાળે પરિપકવ થતી નથી; જુદે જુદે કાળે પરિપાક પામે છે. તે કાળ ભેદે પાકવા રૂપ વિચિત્રતાવાળી હોવાથી તેને તથા-ભવ્યતા કહેલી છે. 'તથા' એટલે તે તે પોત પોતાના પાકવા યોગ્ય ક્રમાગત કાળને પામી પામીને પાકવાના સ્વભાવ વાળી, એવી જે "ભવ્યતા" એટલે મોક્ષગમનની યોગ્યતા તે "તથા ભવ્યતા" તે જીવને જુદા જુદા વિચિત્ર પ્રકારના કાળાંતરે પાકે છે, તેથી સર્વ જીવોને સમ્યગ્ દર્શનાદિ ગુણોની તથા મોક્ષની પ્રપ્તિ સમકાળે થતી નથી. જો સર્વ જીવોની યોગ્યતા સાથે પાકે તો ગુણપ્રપ્તિ સર્વને એક સાથે થાય, પણ તેમ થતું નથી; માટે એ જ્યારે પાકે ત્યારે તેના જોરથી મિથ્યાત્વાદિ પાપ કર્મનું તથા અનાદિ કર્મ બંધની યોગ્યતાનું બળ ઘટી જવાથી જીવ શુદ્ધ ધર્મ પામી શકે, અને શુદ્ધ ધર્મ પામવાથી જન્મ જરા મરણાદિ દુઃખોનો અંતકરી અજરામર પણું પામે.

પ્રશ્ન— હે મહારાજ ! તે "તથા ભવ્યતા" ક્યારે પાકે છે ! અને તે સ્વભાવેજ પાકે છે કે કોઇ સાધન સેવવાથી પાકે છે ?

*તત્ત્વ વાર્તા

બે જાતિના છે. એક ભવી જાતિના ને બીજા અભવી જાતિના, તેમાં જે ભવી જાતિના છે તેમનામાં મોક્ષે જવાની યોગ્યતારૂપ સ્વભાવની સત્તા અનાદિથી રહેલી છે, તેથી તેમની ભવપરિણતિ પલટાય છે; ને અભવીમાં મોક્ષે જવાની યોગ્યતા ન હોવાથી તેમની ભવપરિણતિ બદલાતી નથી; અનાદિથી જેવી છે તેવીને તેવીજ રહે છે. એટલે તેમના અનાગત પુદ્ગળ પરાવર્તન ઓછા થવાના નથી. ભવી જીવોની ભવપરિણતિ બદલાય છે, તેથી તેમના અનાગત પુદ્ગળ પરાવર્તન ઓછા ઓછા થતા જાય છે. તેમાં ભવીઓની પણ અનાદિથી તો કર્મ બંધની યોગ્યતા અતિશય ઉત્કૃષ્ટ સંકિલષ્ટ પરિણામમય ઘોર મિથ્યાત્વ અવિરતિ, રાગ દ્વેષાદિક પણે પરિણમેલી હતી તેથી જીવ અતિ સંકલેશ કારી કર્મ બંધ કરતા હતા. અને મહા મલિન પરિણામી થયા સતા ઘોર અજ્ઞાન અંધકાર મયી મહા સંકિલષ્ટ દુઃખ રાશિમાં વર્તતા હતા. તેવી રીતે અતિપ્રભુત કાળ—અનંતા કાળ સુધી પર્યંત તેવું દુઃખ ભોગવતાં જ્યારે અકસ્માત્ ઘુણાક્ષર ન્યાયે અકામ નિર્જરા કાંઇક સારી થાય ત્યારે તેમની અનાદિ સહજ કર્મ બંધ યોગ્યતા જે અતિશય તીવ્ર પરિણામ વાળી હતી તે કાંઈક અંશે ( કિંચત્ માત્ર ) પ્રથમ કરતાં મંદ પરિણામ વાળી થાય તેથી તેટલે અંશે કર્મ બંધ પણ ઓછો થાય, ત્યાંથી લઇને ભવી જીવોના અનાગત પુદ્ગળ પરાવર્તનમાં એક એક ઓછું થતું જાય. કર્મ બંધની યોગ્યતા પણ પ્રત્યેક પુદ્ગળ પરાવર્તે મંદમંદ થતી જાય. એવા ક્રમથી અકામ નિર્જરા વડે જીવ ઘણું કરીને ચરમ પુદ્ગળ પરાવર્તનમાં આવે, તે જીવને મોક્ષ પ્રાપ્તિ જે પ્રથમ અનેક પુદ્ગળ પરાવર્તનના અંતકાલે અતિદૂર હતી કે તે એક પુદ્ગળ પરાવર્તનના અંતકાળમાં—સમીપે આવે. મોક્ષ પ્રાપ્તિ સમીપ આવવાથી એની તથા ભવ્યતા પાકે એટલે તે યથાર્થ ધર્મ તત્વાદિકને જાણવાની ઇચ્છાને ઉત્પન્ન કરવાની શકિતવાળી થાય.

ચરમ પુદ્ગળ પરાવર્તનમાં આવ્યા પહેલાં કેટલાક જીવો મનુષ્ય ભવ પામે છે અને જૈનધર્મની અથવા અન્ય ધર્મની તપ જપ પૂજા સંયમ પ્રમુખ કરણી કરે છે અને તેના ફળ તરીકે રાજ્યભોગ અને સ્વર્ગાદિક પામે છે પરંતુ તત્વ ભૂત ધર્મમાર્ગ જાણવાની ઇચ્છા રૂચિને પામેલા ન હોવાથી તેમને ધર્મ સંબંધી સદનુષ્ઠાનની પ્રાપ્તિનો હેમજ સદ્જ્ઞાન ક્રિયાના ફળભૂત મોક્ષની પ્રાપ્તિનો હેતુ ભૂત તે ધર્મ થતો નથી. તથાભવ્યતા પાકેલી ન હોવાનો યથાર્થ તત્વ જીજ્ઞાસાનો તેમને અભાવ હોય છે. ચરમ પુદ્ગળ પરાવર્તનમાં આવેલ જીવજ સદ્ધર્મને યોગ્ય થાય છે.

પ્રશ્ન—હે મહારાજ ! આપણે ચરમ પુદ્ગળ પરાવર્તનમાં આવ્યા છીએ કે નહીં ? તે કેમ સમજાય ?

ઉત્તર—હે ભવ્ય ! તે સમજવા માટે આપણે જ્ઞાન દૃષ્ટિમાં પોતાનું અંતઃક-

રણુ તપાસવું કે આપણુને મોક્ષ પામવાને અભિલાષ, ધર્મ કરવાનો અભિલાષ અને તત્ત્વ જાણવાનો અભિલાષ નિર્બીજ પરિણામિક ભાનથી ઉત્પન્ન થયો છે કે ઉપર ચોટીઓ છળ પરિણામવાલો અભિલાષ છે ? એમ સત્યપણે આત્મ સાક્ષિએ પોતાના હૃદયમાં વારંવાર તપાસતાં ત્રણે અભિલાષ પરમાર્થરૂપે છે એમ ભાસે તો જાણવું કે આપણે ચરમ પુદ્ગળ પરાવર્તનમાં વર્તીએ છીએ.

**પ્રશ્ન**—હે મહારાજ ! આપે પ્રથમ કહ્યું કે ' તથાભવ્યતા કોઇકની સ્વભાવે પાકે ને ઘણાની તો ઉપાયસેવનથી પાકે છે ' તો તેને પકાવવાંનો ઉપાય શું છે ?

**ઉત્તર**—તેને પકાવવાનો ઉપાય આ પ્રમાણે છે—પ્રથમ તો પોતાના હૃદયમાં એવો નિરધાર કરવો કે —મારો આત્મા નિરાધાર છે, અશરણુ છે, અનાથ છે, કેમકે આ જન્મમાં પણ રોગાદિક કે રાગાદિકની આપદામાંથી ધન, સ્ત્રી, પુત્ર, જનની જનકાદિ કોઈ મારૂં રક્ષણ કરી શકે તેમ નથી, તેમ છતાં પણ તે આપદા આવ્યા કરે છે. જ્યારે આ જન્મમાં તે શરણભૂત થઇ શકતા નથી તો પછી પરભવની આપદામાં તો તે શરણભૂત કેમજ થઇ શકે ? માટે વીતરાગ અરિહંતનું, સિદ્ધ નિરંજનનું, શુદ્ધ નિરારંભી તત્ત્વજ્ઞાની મુનિઓનું તથા સર્વજ્ઞભાષિત તથા સ્થિત વસ્તુ સ્વરૂપ જ્ઞાપક આગમ ધર્મનું ધ્યાન સ્મરણરૂપે મારે શરણ હો. આ ચાર શરણની અહોનિશ રટના કરવાથી તથાભવ્યતા પાકે (૧) તથા આ ભવમાં કરેલા અને પૂર્વ જન્મમાં અજ્ઞાન પણે કરેલા પોતાના દુષ્કૃત—પાપોને સત્ય ભાવે સદા નિંદવાથી તથાભવ્યતા પાકે (૨) તથા યથાશક્તિ વૈરાગ્યભાવથી મોક્ષની અભિલાષા સહિત તપ સંયમ દાનાદિ સુકૃત કરવાથી, દેવગુરૂની પૂજા ભક્તિ કરવાથી, સદ્ધર્મ શ્રવણ કરવાથી ને ન્યાયમાર્ગના સેવનથી તેમજ સ્વપરની કરેલી સુકૃત કરણીના અનુમોદનથી તથાભવ્યતા પાકે. (૩)

પ્રશ્ન—આ પ્રમાણેના ઉપાયો સેવવાથી તથાભવ્યતા પાકે પણ ત્યારપછી શું થાય ?

**ઉત્તર**—એ ઉપાયોના સેવનથી મિથ્યાત્વ પરિણામ દુર્બળ થાય, ભવ્યતા શક્તિ પ્રબળ થાય, મિથ્યાત્વાદિકનો પરાભવ આત્માને ઓછો થાય, તત્વ જીજ્ઞાસા પુષ્ટ થાય, એટલે જીવ માર્ગાનુસારી થાય તેના કરેલા સુકૃત સદનુષ્ઠાનની પ્રાપ્તિના હેતુ થાય, તેની કરેલી દેવ ગુરૂની ભક્તિ યોગ્યતાની પારમાર્થિક સેવા થાય, તે વીતરાગ નિરંજનનો ભક્ત થાય. તેને પ્રાયે ચરમ પુદ્ગળ પરાવર્તનના સાધક પ્રથમના અર્ધાભાગ સુધીજ અનાદિ મિથ્યાત્વનો ઉદય રહે. એવા માર્ગાનુસારીને તત્વ સમજવાની અતિ ઇચ્છાવાળાને મિથ્યાત્વાદિકનો ઘણે ભાગે પ્રલય થાય, પછી તત્ત્વવાર્તા સાંભળતાં અથવા ચિંતવતાં તેને અપૂર્વકરણની પ્રાપ્તિ થાય છે. પૂર્વે અનાદિ કાળમાં કોઇ કાળે આ આત્માને તત્વજીજ્ઞાસાજન્ય પરમાનંદમય શુભ પરિમાણ

પ્રાપ્ત ન હોતા, તેવા પ્રાપ્ત થવાથી તેને " અપૂર્વકરણ " કહે છે. એ અપૂર્વકરણની પ્રાપ્તિ થવાથી જીવ તેના વડે ગ્રંથિનો ભેદ કરે. " ગ્રંથિ " ને અતિ નિવિડ ઘન કઠિન દુર્ભેદ્ય મોક્ષથી વિમુખ રાખનાર મિથ્યાત્વના મહા રાગ દ્વેષને અજ્ઞાનરૂપ પરિણામ જાણવા. તેનો ભેદ પ્રથમ કોઇ કાળે કર્યો નથી. માર્ગાનુસારી જીવ અપૂર્વકરણરૂપ તીવ્ર પરિણામની ધારાવડે ભેદે–વિદારે.

સંસારમાંથી મુક્ત થવાને તથા મોક્ષ પદવીની પ્રાપ્તિ માટે ઉપાય બતાવતાં આ આત્મબળવ્યતા અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

# आत्मसिद्धि–अधिकार.

આત્મશકિતની ઓળખ થવા સાથે તેને પવિત્ર ભાવનાઓના સંસર્ગ સ્પર્શથી અનુક્રમે આત્માનું સ્થાન ( સિદ્ધિ ) આત્મા સ્વયમેવ પ્રાપ્ત કરી શકે છે. કેમકે આત્માનો મૂળ સ્વભાવ તો પવિત્ર અને તેજોમય છે પરંતુ તેના ઉપર અનેક પ્રકારના આચ્છાદન છવાઇ જવાથી આપણને તેના મૂળ સ્વરૂપ જાણવામાં મુશ્કેલી નડે છે પરંતુ જ્યારે આપણે પૂર્વ જોઇ ગયા તેમ આત્માની નિર્મળતા વધતી જવાથી અંતે આત્મસિદ્ધિ પ્રાપ્ત થઇ શકે છે તે દર્શાવવા આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

### દેહમાં રહેલો આત્મા.

### अनुष्टुप्–( १–२ )

पाषाणेषु यथा हेम दुग्धमध्ये यथा घृतम् ।
तिलमध्ये यथा तैलं देहमध्ये तथा शिवं ॥१॥

જેમ પાષાણની અંદર સુવર્ણ રહેલું છે, જેમ દૂધની અંદર ઘી રહેલું છે અને જેમ તિલની અંદર તેલ રહેલું છે, તેમ દેહની અંદર આત્મા રહેલો છે. ૧

### આંગોપાંગમાં આત્મશકિતનો વિસ્તાર.

काष्ठमध्ये यथा वह्निः शक्तिरूपेण तिष्ठति ।
अयमात्मा शरीरेषु यो जानाति स पण्डितः ॥२॥

જેમ કાષ્ટોમાં શકિતરૂપે અગ્નિ રહેલો છે, તેમ આ આત્મા શરીરોની અંદર રહેલો છે. આ પ્રમાણે જે જાણે છે તે પંડિત કહેવાય છે. ૨

## અભેદ્ય આત્મબળ.

### आर्या.

निष्टुरकुठारघातैः काष्ठे संच्छेद्यमानेऽपि ।
अन्तर्वर्ती वह्निः किं घातैच्छेद्यते तद्वत् ॥३॥

### દેહ અને આત્માની ભિન્નતા.

#### દોહા.

* ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન,
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસીને મ્યાન. ૪
જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવ સ્વરૂપ ૫
છે ઇંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઇંદ્રીના વિષયનું, પણ આત્માને ભાન. ૬
દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રી પ્રાણ;
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ. ૭
સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટ રૂપ ચૈતન્યમય, એ એંધાણે સદાય. ૮
ઘટપટ આદિ જાણતું, તેથી તેને માન;
જાણ નાર ને ભાન નહિ, કહિયે કેવું જ્ઞાન. ૯
પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂલ દેહ મતિ અલ્પ;
દેહ હોયજો આતમા, ઘટે ન આમ વિકલ્પ. ૧૦
જડ ચેતનનો ભિન્ન છે, કેવલ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહીં, ત્રણે કાળે દ્વય ભાવ. ૧૧

#### ચોપાઇ

† પ્રજ્ઞાદિક સ્થિતિ સરિખી નહિ, યુગલ જાતિ નરને પણ સહિ;
તો કિમતે કાયાપરિણામ, જુઓ તેહમાં આતમરામ ૧૨
§ રૂપી પણ નવી દીસે વાત, લક્ષણથી લહિયે અવદાત
તો કીમ દીસે જીવ અરૂપ, તે તો કેવલ જ્ઞાન સ્વરૂપ. ૧૩

---

* ૪–૧૧ આત્મસિદ્ધિ

† યુગલી મનુષ્યોને પણ બુદ્ધિ વિગેરેની સ્થિતિ સરખી હોતી નથી, તો તે પ્રજ્ઞા, કાયાનું પરિણામ કેમ હોય શકે ! અર્થાત્ ન હોઇ શકે. તેમાં આત્મારામ એટલે જીવ જુદો છે, તેનું જે પરિણામ છે, તે તમે સમજો.

§ રૂપી એવા પદાર્થો પવનાદિક પણ એટલા સૂક્ષ્મ હોય છે કે આપણી દૃષ્ટિએ પડતા નથી, લક્ષણ વડેજ તેની હયાતી આપણે જાણી શકીએ છીએ, તો પછી અરૂપી એવો જીવ તો ચર્મ ચક્ષુએ દેખાયજ કેમ ! કેમકે તે તો કેવળ જ્ઞાન સ્વરૂપી છે.

## જીવ અને આત્માનું અભેદપણું.

* પ્રશ્ન—હે મહારાજ! આત્મા શી વસ્તુ છે?

ઉત્તર—હે ભવ્ય! જે ચેતનાવંત પદાર્થ છે, તેજ આત્મવસ્તુ છે. આત્મા શિવાય જે મન વચન કાયાદિક તે સર્વ અચેતન છે.

પ્રશ્ન—તે ચેતના શી વસ્તુ છે કે જેથી તમે ચેતનાવંત આત્મા જણાવો છો?

